




**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

## અનુક્રમણિકા


| | |
|---|---|
| ૧. દિવ્ય વિભૂતિની દિવ્ય અનુભૂતિ | ૧ |
| ૨. આત્મોત્કર્ષ હેતુ તપશ્ચર્યાના બે પક્ષ | ૨ |
| ૩. વ્યક્તિ નહીં આપણે સમાજ બનાવો છે | ૪ |
| ૪. ખોટા સન્યાસમાં રમણ દુઃખદાયી છે | ૬ |
| ૫. સફળતા, અસફળતા બંને શીખવાડે છે આપણને જીવન જીવવાનું | ૮ |
| ૬. પવિત્ર, ઉચ્ચવિચારોથી ભરપૂર ઉપનિષદોનુ જ્ઞાન | ૧૦ |
| ૭. ધ્યાન નિર્વિષયં મનઃ | ૧૩ |
| ૮. મિત્રો અને સહયોગીઓની સંખ્યા વધારો | ૧૪ |
| ૯. પ્રભુ ! જડ ચેતનમાં, રોમ-રોમમાં શાંતિ આપો. | ૧૬ |
| ૧૦. આપણે આપણા ભાવમાં શાંત થઈ જઈએ તો ! | ૧૮ |
| ૧૧ રોગોનાં કારણો અને ગોમૂત્ર દ્વારા નિવારણ | ૧૯ |
| ૧૨. શિષ્ય સંજીવની-૧, સમર્પિત દૃઢતાથી શરૂ થાય છે આ સાધના | ૨૧ |
| ૧૩. ગુરૂ ગીતા ૧૨, શિવભાવથી નિત્ય કરીએ સદ્ગુરુનું ધ્યાન | ૨૩ |
| ૧૪ આત્મીય અનુરોધ-આત્મસમીક્ષા કરીએ, શક્તિ મેળવીને ફરી મચી પડીએ | ૨૫ |
| ૧૫ યુગ ગીતા ૪૬, પરમ શાંતિરૂપી મુક્તિનો એકમાત્ર માર્ગ | ૨૯ |
| ૧૬ ચેતનાની શિખરયાત્રા-૧૮, સિદ્ધિનામાર્ગ પર સંકલ્પ-૨ | ૩૪ |
| ૧૭. પરમ વંદનીયા માતાજીની માતૃવાણી | ૩૮ |
| ૧૮. અપનો સે અપની બાત-૧ | ૪૫ |
| ૧૯ અપનો સે અપની બાત-૨ | ૪૮ |


# પૂજ્ય ગુરુદેવનો વિચાર-વિનિમય કક્ષ સાધના કક્ષ બન્યો

પરમ પૂજ્ય ગુરૂદેવ જ્યારે ગાયત્રી તપોભૂમિ, મથુરામાં હતા ત્યારે જે કક્ષમાં દરરોજ બેસતા હતા, આવનાર અતિથિઓ તથા કાર્યકર્તાઓ સાથે વાતચીત કરતા હતા, તે કક્ષને હવે સાધના કક્ષના રૂપમાં ખૂબજ સુંદર નિર્માણ કર્યું છે. આ તે સ્થાન છે, જ્યાં પૂજ્યવર બેસીને પરિજનોની સમસ્યાઓનું સમાધાન કરતા હતા, તેમને અનુદાન, વરદાન તથા આશીર્વાદ આપી તેમનું કષ્ટ દૂર કરતા હતા. ઋષિવરની સૂક્ષ્મ ચેતનાનો આજે પણ આ કક્ષમાં અનુભવ કરી શકાય છે. આ કક્ષમાં બેસીને સાધના કરવાનું સૌભાગ્ય અત્યારે પણ બહુ સહેલાઈથી મેળવી શકો છો. ગાયત્રી જયંતીના દિવસથી આ કક્ષમાં હવે નિરંતર સાધના ક્રમ ચાલી રહેલ છે. આ કક્ષમાં સાધના કરવાનો વિશેષ લાભ છે. પરિજનોએ અહીંયા સાધના કરવા માટે સમય કાઢીને આવવું જોઈએ. જેને ૪૦ દિવસ (સવા લક્ષ) જપ અને ૯ દિવસીય (૨૪૦૦૦ મંત્ર જપ) સાધના કરવા આવવું હોય તે પણ આવી શકે છે. દરેક મહિનાની ૬, ૧૬, ૨૬ તારીખોમાં ૯ દિવસીય શિબિર પ્રારંભ થાય છે. ૪૦ દિવસનાં અનુષ્ઠાનની તારીખ ૩-૯ થી ૧૩-૧૦, ૧૫-૧૦થી ૨૪-૧૧, ૨૬-૧૧થી ૫-૧ છે. પત્ર લખી સ્વીકૃતિ મંગાવી લેવા વિનંતી.

# યુગ સાહિત્ય બ્રહ્મભોજમાં

નવા ક્ષેત્રોમાં નવા વ્યક્તિઓ સુધી યુગ સાહિત્યને પહોંચાડવા તથા ઝોલા પુસ્તકાલય દ્વારા જન-જન ને વંચાવવાના ઉદ્દેશ્યથી ગાયત્રી તપોભૂમિ, મથુરાનાં સુવર્ણ જયંતીના પાવન અવસરે ગાયત્રી તપોભૂમિ તરફથી યુગ સાહિત્ય અડધી કિંમતે પરિજનોને પહોંચાડવામાં આવી રહેલ છે. આ સાહિત્યનાં ૧૦૦૦ રૂપિયાના પુસ્તકો, ૫૦૦ રૂપિયામાં મળશે. એક કાર્ટૂનમાં પુસ્તકોની વધુ કોપીઓ પણ હોઈ શકે. રૂા ૧૦૦૦ ની મૂળ કિંમતના પુસ્તકો, રૂા ૫૦૦ ની કિંમતના કાર્ટૂન (પેકિંગ બોક્ષ) તૈયાર કરવામાં આવ્યા છે. ગાયત્રી જ્ઞાનપીઠ, જૂનાવાડજ, અમદાવાદ ૩૮૦૦૧૩ થી આ બ્રહ્મભોજ યોજનાનું સાહિત્ય મંગાવશો ફોન નં. ૦૭૯ ૭૫૫૭૨૫૨



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

ૐ ભૂર્ભુવઃ સ્વઃ તત્સવિતુર્વરેણ્યં ભર્ગો દેવસ્ય ધીમહિ ધિયો યો નઃ પ્રચોદયાત્

# યુગ શક્તિ ગાયત્રી

: સંસ્થાપક / સંરક્ષક :
વેદમૂર્તિ, તપોનિષ્ઠ યુગદ્રષ્ટા
પં. શ્રીરામ શર્મા આચાર્ય
અને
માતા ભગવતી દેવી શર્મા

: સંપાદક :
ડૉ. પ્રણવ પંડ્યા

: સહ સંપાદક :
ઘનશ્યામ પટેલ

: કાર્યાલય :
ગાયત્રી તપોભૂમિ,
મથુરા – ૨૮૧ ૦૦૩
: ટેલિફોન :
(૦૫૬૫)૨૫૩૦૩૯૯,૨૫૩૦૧૨૮

વાર્ષિક લવાજમ : ૫૫ રૂપિયા

આજીવન લવાજમ : ૭૦૦ રૂપિયા

વિદેશનું લવાજમ

વાર્ષિક ૧૦ પાઉન્ડ / ૧૫ ડૉલર રૂ. ૬૦૦=૦૦

આજીવન :૧૦૦ પાઉન્ડ/૧૫૦ ડૉલર
ભારતીય મુદ્રામાં રૂ. ૭૦૦૦-૦૦

વર્ષ - ૩૪ અંક - ૮

પ્રકાશન તિથિ ૨૫-૭-૨૦૦૩

ઓગસ્ટ - ૨૦૦૩

એક અંક : રૂ. ૫-૦૦

## દિવ્ય વિભૂતિની દિવ્ય અનુભૂતિ

આંતરિક દુર્બળતાઓ અને ત્રુટિઓના કારણે જ મનુષ્યનું સાંસારિક જીવન અભાવગ્રસ્ત, અવિકસિત તેમજ અશાંત રહે છે. અંદરની કમજોરી જ બહાર દીનતા અને હીનતા રૂપે દષ્ટિગોચર થાય છે. આત્મઘાતી લોકો જ આ સંસારમાં અપમાનિત, કલંકિત, ઘૃણાપાત્ર, ઉપેક્ષિત અને અસફળ રહે છે. જેમની અંદર આત્મબળ ભરેલું હશે, જેમના અંતરમાંથી પ્રકાશ ફેલાતો હશે, તેમના બાહ્ય જીવનનું પ્રત્યેક ક્ષેત્ર આશા, ઉત્સાહ, સ્ફૂર્તિ, તેજસ્વિતા અને પુરુષાર્થથી પરિપૂર્ણ થતું નજરે પડશે. આંતરિક બળની આભાને બહાર પ્રગટ થવા માટે કોઈ આવરણ અવરોધરૂપ થતું નથી. ગરીબી, અસ્વસ્થતા તેમજ જુદી જુદી પરિસ્થિતિઓથી ઘેરાયેલા હોવા છતાં પણ મનસ્વી મનુષ્યો પોતાની મહાનતાનું તેજ ફેલાવતા રહે છે. આવા લોકોની દુર્દશા ક્ષણિક જ હોય છે, કાયમી નહીં.

વ્યક્તિનું વિકસિત વ્યક્તિત્વ ખરેખર તેની સાચી સંપત્તિ સિદ્ધ થાય છે. આ સંપત્તિ જેની પાસે રહેલી છે, તેને જ ધનવાન તથા સફળ વ્યક્તિ સમજવામાં આવશે. સહેજ અમસ્તું વાદળું ચંદ્રને કેટલો સમય છુપાવી શકશે ? મુશ્કેલીઓ પણ કાંઈ મનસ્વી વ્યક્તિને દુર્દશાભરી સ્થિતિમાં લાંબો સમય થોડી રાખી શકે ? જ્યાં આત્મબળ હશે, ત્યાં કોઈ પણ અભાવ, ભલે પછી તે વ્યક્તિગત હોય અથવા સાંસારિક, લાંબો સમય સુધી ટકી શકતો નથી.

**"ઋષિચિંતનના સાંનિધ્યમાં" ગ્રંથમાંથી સંકલિત**



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# આત્મોત્કર્ષ હેતુ તપશ્ચર્યાના બે પક્ષ

પ્રગતિ પથ પર અગ્રેસર થવા માટે એકસાથે બંને પગને આગળ ચલાવવા પડે છે. પાછળનો એક પગ જે જગ્યા પર હતો, તે જગ્યા છોડવાની હોય છે અને બીજો જ્યાં હતો, તેને છોડીને આગળ વધવાનું હોય છે. આ જ ક્રમ અન્યએ પણ અપનાવવો પડે છે. આગળ વધવા માટે પાછળનું છોડવું પડે છે. સામાન્ય યાત્રાક્રમનો પણ આ જ નિયમ છે.જીવન લક્ષની પ્રગતિ-યાત્રામાં પણ આવું જ કરવાનું હોય છે.

આત્મોન્નતિની દિશામાં અગ્રેસર થનારને પણ બે ડગલાં આગળ વધવું જ પડે છે. એક એ, જેનાથી પૂર્વસંચિત કુસંસ્કારોનો ત્યાગ-પરિમાર્જન કરવું, જે તે સમયની પરિસ્થિતિઓમાં ભલેને યોગ્ય રહ્યા હોય, પરંતુ આજે માનવીય કલેવરની ગરિમાની દૃષ્ટિએ તુચ્છ જણાય છે અને અનાવશ્યક પણ લાગે છે. તે અપનાવવાથી નુકસાન જ થાય છે. નાના બાળક માટે સીવડાવવામાં આવેલ પોશાક, તેની ઉંમર વધવા સાથે નકામો થઈ જાય છે, ભલેને તે સમયે ગમે તેટલો સુંદર કેમ દેખાતો ન હોય ! કોઈ તેને પહેરી રાખવાનો આગ્રહ રાખે તો ન કેવળ તેણે જગહાસ્યનો સામનો કરવો પડશે, પરંતુ બુદ્ધિશાળી લોકો તેને ગાંડાની સંજ્ઞા જ આપશે. આ બધા સિવાય પણ તાલમેલ બેસાડવામાં પણ ભારે અડચણ પડશે. જબરજસ્તી કરવાથી મુસીબતમાં જ ફસાશે.

સામાન્ય જીવ-જંતુ નગ્ન રહીને નિર્દ્વંદ્વ વિચરણ કરે છે. કોઈપણ જાતના પ્રતિબંધ-અનુશાસન વગર મળ-મૂત્ર ત્યાગે છે. કોઈપણ જાતની રોક-ટોકની તેમને કોઈ પરવા નથી, પરંતુ આવું જ મનુષ્ય કરવા લાગશે તો લોકો તેને કેવળ અશોભનીય જ નહિ માને, પરંતુ મગજની બીમારી સમજી કોઈ પાગલખાનામાં દાખલ કરાવવાનું જ યોગ્ય સમજશે. એ પક્ષ તે યોનિઓમાં રહ્યો હશે. ત્યારે આ પ્રવૃત્તિઓ તેને સહજ અને સ્વાભાવિક લાગતી હતી, આનો જ અભ્યાસ પણ હતો, પરંતુ હવે તેને માટે આગ્રહ રાખવો અબુદ્ધિમતાપૂર્ણ જ કહેવાશે. એને છોડ્યા વગર કોઈ આરો નથી.

કેવળ પશુ અને મનુષ્યની વચ્ચે જ મોટું અંતર રહેતું નથી. પરંતુ મનુષ્યની વિકસિત-અવિકસિત સ્થિતિ વચ્ચે પણ આવું જ અંતર થઈ જાય છે. બાળકો જે ધાંધલ, સ્વેચ્છાચાર કરે છે, તેવી અનુશાસનહીનતા ઉંમર વધતાંની સાથે કોઈ પણ રીતે ચાલી શકતી નથી. બાળપણ અને પ્રૌઢતા કેવળ ઉંમરના હિસાબે આંકી શકાતી નથી, પરંતુ એને માટે સ્તરને પણ એક કસોટી માનવામાં આવે છે. અણઘડ કુસંસ્કારી, લાલચુ, મોહગ્રસ્ત, નિષ્ઠુર, કંજૂસ, સ્વાર્થી પ્રકૃતિની વ્યક્તિ ભલેને ગમે તેટલી ઉંમરની કેમ ન હોય, અવિકસિત જ માનવામાં આવશે. એવા લોકો એવી ભૂલ કરે છે, એવી કુચેષ્ટાઓ કરે છે, જેને અનૈતિક અને અવાંછનીય જ માનવમાં આવશે. આવી જ સ્થિતિમાં પાપકર્મોનો ઉભાર-બાહુલ્ય રહે છે. આત્મિક ઉત્કર્ષની દિશામાં વધનારાઓને પાછલો પગ તે સ્થાન પરથી હટાવવો પડે છે, જ્યાં તે પહેલાં જામેલો હતો. આને પરિશોધન અથવા પરિવર્તનની સંજ્ઞા આપવામાં આવી છે.

મહેલ બનાવતાં પહેલાં તેનો પાયો ખોદવો પડે છે. પાયાની ઊંડાઈ અને મજબૂતી પર જ મહેલની શ્રેષ્ઠતા ટકાઉ અને મજબૂત માનવામાં આવે છે. ખેતરમાં વાવણી કરતાં પહેલાં તેને ખેડવું પડે છે. કોઈપણ ઉપકરણને ઢાળતાં પહેલાં ધાતુને ગાળવી જરૂરી છે. પકવાન, મિષ્ટાન્ન બનાવતાં પહેલાં તેની તૈયાર થયેલી સામગ્રીને કઠિન અગ્નિપરીક્ષામાંથી પસાર થવું પડે છે. રોગગ્રસ્તને સ્વસ્થ થતાં પહેલાં નિયમિત કડવાં ઔષધ પીવાં, ઈન્જેકશન લેવાં, ઓપરેશન ટેબલ ઉપર સૂવા, વાઢ-કાપ સહન કરવા જેવી આફતો સહન કરવી પડેછે. ત્યારે તેનું સ્વસ્થ થવું શક્ય બને છે. આ બધાને પહેલું ડગલું અથવા તો પાછલો પગ ઉઠાવવાનું કહી શકાય છે. બિલ્વમંગલને કામલોલુપમાંથી સંત બનવા માટે કઠોર તપ કરવું પડયું હતું.ઈતિહાસનાં પાનાં પર આવી અનેકાનેક વ્યક્તિઓનાં જીવનને સ્પષ્ટ કરે છે, જે ઘણા સમય સુધી સામાન્યથી નકામી સ્થિતિમાં રહ્યા અથવા એમ કહો કે નિંદનીય અને ખરાબ જીવન જીવતા



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

રહ્યા. જગાઈ-મધાઈ જેવા ડાકુ, ગિરીશચંદ્ર ઘોષ જેવા શરાબી-વ્યસની જેવાની સ્થિતિ પણ આવી જ હતી. આ ઉપરાંત જ્યારે પરિવર્તન આવ્યું ત્યારે શું માંથી શું થઈ ગયું. આ વિકાસને નરપશુમાંથી દેવમાનવ થવું પણ કહી શકાય. આ પરિવર્તન એકાએક નથી થયું. આની વચ્ચે એક મધ્યવેળા પણ રહી છે. આમાં પોતાના કુસંસ્કારો સામે લડવું પડયું છે. સાથેસાથે પરિષ્કૃત જીવન જીવવા માટે જે નિયમબદ્ધતા અને કઠોર અનુશાસનની જરૂરિયાત ઊભી થાય છે, તે પણ એકત્રિત કરવી પડે છે.

આ બંને મોરચા પર એકસાથે યુદ્ધ કરવાને જ તપશ્ચર્યા કહે છે. મહાન પરિવર્તનોના દરેક મધ્યાંતરનું સ્વરૂપ આવું જ હોય છે. આમાં અસુવિધા પણ હોય છે, કષ્ટ પણ હોય છે અને એક સારા એવા અંતરંગ-બહિરંગ વિગ્રહનો સામનો કરવો પડે છે. જમીનમાંથી ખોદવામાં આવેલ ધાતુ ખનિજોનું પરિશોધન-પરિષ્કાર કરી તેમનું ઉપયોગી ઉપકરણમાં પરિવર્તન, ભઠ્ઠીની પ્રચંડ ઉષ્મા સહન કર્યા પછી તથા અનેકાનેક રાસાયણિક વિધિઓમાંથી પસાર થયા પછી જ શક્ય બને છે. ગર્ભસ્થ બાળકોને બંધનમાંથી મુક્ત થતાં સ્વચ્છંદ વિચરણ કરતાં પહેલાં પ્રસવ-પીડામાંથી પસાર થવું જ પડે છે. આના સિવાય બીજો કોઈ રસ્તો નથી.

તપશ્ચર્યાનો બીજો પક્ષ છે, નિત્ય-નિયમિત અભ્યાસ, પ્રત્યેક દુર્બળ જો સબળ બનવા ઈચ્છે તો તેણે વ્યાયમશાળામાં નિરંતર નિર્ધારિત કસરત-વ્યાયામ કરવાં પડે છે. સર્વવિદિત છે કે અખાડાના દાવ-પેચ, ગુરુનું કઠોર અનુશાસન કેટલાં ત્રાસદાયક હોય છે, પરંતુ એ સિવાય બીજો કોઈ રસ્તો પણ નથી. આગનો તાપ સહન કરી સામાન્ય સરખું પાણી એવી સશક્ત વરાળમાં પરિવર્તિત થાય છે, જે અતિ વજનદાર દૈત્યાકાર રેલગાડીને માટીનાં રમકડાની માફક કાન પકડી તુફાની વેગ સાથે ફરતી રહે છે. માટીની કાચી ઈંટો ભઠ્ઠામાં પાક્યા પછી લોખંડ જેવી મજબૂત અને સુંદર દેખાય છે. આ એ દુઃસાહસ છે જે પ્રગતિપથ પર આગળ વધવા માટે અપનાવવું પડે છે. આ રીતિ-નીતિને અપનાવીને સામાન્યજન મહામાનવ બનતા રહે છે. આને માટે આત્માનુશાસન, ત્યાગ-બલિદાનનો માર્ગ અપનાવવો પડે છે અને લોકકલ્યાણ માટે પરમાર્થપરાયણ બનીને અનેકાનેક કષ્ટ-કઠિનાઈઓનો સામનો કરવો પડે છે. આ પરીક્ષામાંથી પસાર થયા વગર તો કોઈની પ્રામાણિકતા તેમજ વિશિષ્ટતા પારખી પણ શકાતી નથી. આદર્શો માટે કષ્ટસાધ્ય જીવન વિતાવનાર તપસ્વીઓ જ સમ્માન પામે છે. મહત્ત્વપૂર્ણ કાર્યોની જવાબદારી તેમને સોંપવામાં આવે છે. કષ્ટોથી બચવા, માત્ર વાતોનાં વડાં કરીને વરિષ્ઠતા, શ્રેષ્ઠતા બતાવવાની ઈચ્છા ધરાવનારા લગભગ નિરાશ અથવા હતાશ જ જોવા મળે છે. તપાસ્યા વગર તો સિક્કાનો પણ કોઈ સ્વીકાર નથી કરતું. દસ પૈસાનો ખોટો સિક્કો, આપનારના માથા પર ફેંકવામાં આવે છે. આદર્શોનો બકવાસ કરનાર, દુનિયાભરનું ભાષણ ઠોકનારાનું કોઈ જ મહત્ત્વ નથી. તેમના પ્રત્યે જેમની નિષ્ઠા છે, તેની મૂલવણીનો આધાર એક જ છે, ઉચ્ચસ્તરીય ઉદ્દેશ્ય માટે કોણ કેટલી મુશ્કેલી સહન કરવા માટે સ્વેચ્છાપૂર્વક તૈયાર થયો છે. તપ સાધનાનો સિદ્ધાંત પણ આ જ છે. તેમાં પ્રગતિની દિશામાં વધવા માટે આદર્શવાદી ત્યાગ-બલિદાનની માગ પૂરી કરવી પડે છે. જીવનચર્યાને સિદ્ધાંતો, આદર્શોને આધારે અધિકાધિક પવિત્ર, પ્રખર, પરિષ્કૃત કરવાનો કેવળ સંકલ્પ જ કરવો નથી પડતો, પરંતુ તેને નિષ્ઠાપૂર્વક નિભાવવો પણ પડે છે.

સદ્‌ગુણોનું સંવર્ધન ત્યારે જ શક્ય બને છે, જ્યારે દુર્ગુણોનું ઉન્મૂલન થાય, બાવળ જેવા કાંટાવાળાં વૃક્ષોના જંગલની વચ્ચે આંબા જેવું ફળાઉ વૃક્ષ ત્યારે જ ઉગાડી શકાય છે, જ્યારે બાવળના જંગલની સફાઈ થાય. આત્મોત્કર્ષ માટે તપસ્યાના દ્વિવિધ પહેલુ અનિવાર્ય જ નહી, જરૂરી પણ છે. ગીતાકારે પણ મનને સુઘડ, ઊર્ધ્વગામી બનાવવાનો એક જ ઉપાય બતાવ્યો છે. **અભ્યાસેન તુ કૌન્તેય વૈરાગ્યેણ ચ ગૃહ્યતે** એટલે કે નિરંતર અભ્યાસ અને વૈરાગ્ય વડે જ મન ઊર્ધ્વગામી બને છે. આવી જ રીતે યોગદર્શનના સૂત્રકાર મહર્ષિ પતંજલિએ કહ્યું છે, **અભ્યાસવૈરાગ્યાભ્યાં તન્નિરોધઃ** વૈરાગ્યનું તાત્પર્ય છે ઉખડવું અને અભ્યાસનું તાત્પર્ય છે રોપવું. આ જ એ બે પગલાં છે જેને વધારવાથી આપણું જીવન સુરમ્ય ઉપવનની જેમ એવું સુગંધિત બની શકે છે, જેની સુગંધથી બીજાઓ પણ શાંતિ-શીતલતા પ્રાપ્ત કરી શકે.


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# વ્યક્તિ જ નહીં, આપણે સમાજ બનાવવાનો છે....

આજે આપણે જે બાજુ નજર નાંખીએ છીએ, ત્યાં બધે જ ભ્રષ્ટાચાર, લાંચ, કર્તવ્યહીનતા, દુર્વ્યસન, ફેશનનું આંધળું અનુકરણ અને અસંયમનું નગ્ન નૃત્ય નજરે પડે છે. માનવ દાનવ બન્યો છે. તેના વિચાર વર્તનનો દષ્ટિકોણ બદલાઈ રહ્યો છે. તે અનેક વિકૃતિઓ-મોહનો શિકાર બની રહ્યો છે. આનું મૂળ કારણ સામાજિક વિકૃતિઓ જ છે. નથી પરંપરાઓ યોગ્ય રહી, નથી રીત-રિવાજોમાં શુદ્ધતા કે મૌલિકતા રહી.

જો વિચાર કરવામાં આવે, તો એ જાણતાં જરા પણ વાર નહીં લાગે કે વિકૃતિઓ અને અનૈતિકતાના પ્રચાર-પ્રસાર માટે આપણે ત્યાં પ્રત્યક્ષરૂપે કોઈ પાઠશાળા ચાલતી નથી. સ્પષ્ટ અને પ્રત્યક્ષરૂપે કોઈ પ્રમાણ અને સાધન દષ્ટિગોચર ન હોવા છતાં પણ એક-બીજાના ક્રિયાકલાપોનું અનુકરણ દ્વારા અનૈતિક પ્રશિક્ષણ મળી રહ્યું છે.

ચોરી અને અનૈતિકતાના અપરાધમાં એક વ્યક્તિ પકડાય છે અને સજા પણ તેને જ મળે છે, પરંતુ તમે શું આની અંદર દોષ એકમાત્ર એ વ્યક્તિનો જ માનો છો ? ચોરી અને અનૈતિકતાની પ્રવૃત્તિ શું તે વ્યક્તિ વિશેષની જ છે ? શું સમાજનું અનુદાન આમાં કશું જ નહીં ? એ વાત માની લેવાય નહીં કે દોષ ફક્ત ચોરી કરી છે તે વ્યક્તિનો જ છે.

માનવીય દષ્ટિએ જોવા જાવ તો ચોરની અંદર ચોરી કરવાની પ્રવૃત્તિનો પ્રાદુર્ભાવ સમાજમાંથી આવ્યો છે. મનુષ્ય અનુકરણીય પ્રાણી છે. જેવું જોશે-સાંભળશે તેવું જ કરવા લાગશે. સમાજને સુધારવો એ જ વ્યક્તિ સુધારવાનું છે. બાળકોને યોગ્ય જ્ઞાન-સમજ ન હોવાનો, તેમને નૈતિક શિક્ષણ ન આપવાનો દોષ વ્યક્તિ માત્રનો જ હોઈ ન શકે, આ દોષ તો સમાજનો છે. આજે જૂઠું બોલીને, છળકપટ કરીને ધનપતિ બનેલાને સમાજમાં સમ્માન મળે છે. ત્યાં બીજી બાજુ સજ્જન અને ઈમાનદાર વ્યક્તિના પેટ ભરવાની યથોચિત વ્યવસ્થા પણ હોતી નથી. આ પ્રકારનાં અનેક કારણો ઓછી બુદ્ધિ ધરાવતા લોકોમાં અનૈતિકતાની વાતો ભરી દે છે.

જે વ્યક્તિને બાળપણથી જ તીખા, ચટપટા, વાસી અથવા ભારે ખાદ્ય પદાર્થો ખાવા મળ્યા હોય, જેનાં ફળસ્વરૂપે તેનું સ્વાસ્થ્ય, તેનું મન વિકૃત થઈ રહ્યું હોય તો તેમાં વ્યક્તિનો શો દોષ ? આ બધો જ દોષ તેનું નિર્માણ કરનાર સમાજનો જ છે, જેની પ્રારંભિક પાઠશાળામાં તે બાળકની શિક્ષા-દીક્ષાનો પ્રબંધ કર્યો. જે ઘરોમાં બીડી અથવા દારૂ પીવામાં આવતાં હોય, તથા જેમાં ચોરી, જુગાર, છળ-કપટ દ્વારા ધનનું ઉપાર્જન કરવામાં આવતું હોય, તે ઘરનાં બાળકોમાં ઉપર્યુક્ત અવગુણ અવશ્યપણે આવશે. તે ઘરોનાં બાળકોને કોઈ સદાચારી જોવા ઈચ્છે છે તે કયારેય સંભવી શકે નહીં.

સુધારની પ્રક્રિયા જીવનારંભથી જ શરૂ થઈ હોત. તો તેમાં કશોક લાભ પણ થાત, પરંતુ એક વ્યક્તિ સમાજના કુસંસ્કારોને લઈને કુસંસ્કારી બની ગયો, તો તેમાં વ્યક્તિ વિશેષને પણ એટલો જ દોષ આપવો બુદ્ધિસંગત લાગતું નથી. આ દોષોના નિર્માણમાં સમાજનો હાથ હતો, જેણે તેને પરિપકવ થવાનો અવસર ન આપ્યો.

> ***કોઈ વ્યક્તિની મહાનતાની ઓળખ એ છે કે પોતાથી નાનાને માટે શું વિચારે છે અને શું કરે છે?***

માનવીની ભૌતિક તેમજ બૌદ્ધિક ઉપલબ્ધિઓના નિર્માણમાં જે શ્રેય-સમ્માન સમાજને આપી શકાય છે. તેની પડતી અને પતનનો જવાબદાર પણ સમાજ જ હશે. શું મનુષ્ય જન્મથી જ ખરાબ અને કુસંસ્કારી હોય છે ? ના, ઘણું કરીને સંસ્કાર નિર્માણમાં તેના વાતાવરણનો હાથ મુખ્યરૂપે હોય છે. બાળપણમાં તેને જે કાંઈ ખવડાવવા-પીવડાવવામાં આવે છે, તે જે ખાય-પીએ છે, જે સંસ્કારોમાં તેનું લાલન-પાલન થાય છે તેને અનુરૂપ જ તે જીવનપર્યંત ચાલે છે. ત્યાં સુધી કે ખાવા-પીવાથી માંડીને કપડાં,ઊઠવું, બેસવું, આચાર-વ્યવહારનું અનુસરણ મોટાની આદતો પ્રમાણે જ બાળક કરવા લાગે છે. ગુણ, કર્મ અને સ્વભાવનો વિકાસ કુટુંબ અને સમાજની પાઠશાળામાં જ થાય છે.

માતા-પિતા અને સમાજની પ્રતિષ્ઠિત વ્યક્તિઓના સંસ્કાર આપોઆપ બાળકોમાં આવે છે. જે સંસ્કાર અને આદત બાળપણમાં પડી જાય છે, તેનો પ્રભાવ જીવનભર રહે છે. જેવું સમાજનું માળખું અને સ્તર હોય છે, તેના નાગરિક તે માળખા અને સ્તરને અનુરૂપ જ વિકસે છે.



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

મનુષ્યએ આજે જેટલી પણ પ્રગતિ કરી છે, તેનું સંપૂર્ણ શ્રેય સમાજને છે. સૃષ્ટિનાં અન્ય પ્રાણી તો જન્મથી જ સ્વાવલંબી થઈ જતાં હોય છે, પરંતુ બિચારો મનુષ્ય તો ઘણા સમય સુધી પરાશ્રયી અને પરાવલંબી રહે છે. તે અપરિપકવ શરીર અને અપરિપકવ બુદ્ધિ સાથે જન્મે છે અને સમાજનો રસ પી પીયને મોટો થાય છે. મા તેને દૂધ પીવડાવે છે. પિતા કપડાં પહેરાવે છે. ઘરે ભાઈઓ-બહેનો પાસેથી તે આદતો શીખે છે. અધ્યાપક અને ગુરુજનો તેને જ્ઞાન આપીને સુસંસ્કારી બનાવે છે. પુસ્તકો તેની પ્રતિભાને પ્રખર બનાવે છે.

આવી અનેકાનેક જરૂરિયાતોની પૂર્તિની જવાબદારી જ્યારે સમાજ ઉપાડે છે, ત્યારે મનુષ્ય કંઈક સ્વતંત્ર, શ્રેષ્ઠ કાર્ય અથવા શોધ કે પ્રાપ્તિ માટે સમર્થ બની શકે છે. સમાજ વગર તો એક પગ પણ આગળ વધારવો મુશ્કેલ છે.

આ કારણે જ આપણા પૂર્વજ ઋષિ-મુનિઓએ સમાજની ગરિમાનો અનુભવ ગંભીરતાપૂર્વક કર્યો અને માનવીય પ્રગતિમાં તેના યોગદાનને મહત્ત્વપૂર્ણ ગણ્યું. સામાજિકતા જ માનવીય પ્રગતિની એકમાત્ર જનની છે. તેનાથી તેઓ સારી રીતે પરિચિત હતા. માનવીય મનોવિજ્ઞાનનો ઊંડો અભ્યાસ તેમનો વિષય હતો. એટલા માટે સમાજ દ્વારા તેની ઉપર પડનારા પ્રભાવને ગંભીરતાપૂર્વક મૂલવવામાં આવ્યો.

મનુષ્યનો સ્વભાવ એ છે કે તે અનુકરણ વડે વધુ શીખે છે. એક-બીજાના આચરણને ધીરે-ધીરે જીવનમાં ઉતારતો જાય છે. એટલા માટે આજે જ્યારે આપણે મનુષ્યને અનૈતિક અપરાધ કરતો જોઈએ છીએ, તો તેની ઉપર ગુસ્સો ન કરતાં સંપૂર્ણ સમાજને દોષિત ગણીએ છીએ. સંસારના બધા જ મહાપુરુષો ઈસુ, બુદ્ધ, ગાંધી, દયાનંદ, માર્ટિન લ્યૂથર તથા જ્ઞાનેશ્વર વગેરેએ પોતાનું જીવન સમાજ સુધારમાં લગાવ્યું અને માન્યું કે સમાજસુધાર દ્વારા જ માનવસુધાર સંભવ છે. મનુષ્યના રીતિ-રિવાજ, આચાર-વિચાર, હાવ-ભાવ અને વ્યવહારમાં પરિવર્તન લાવવા માટે સમાજને પરિષ્કૃત કરવો પડશે. આજની પરિસ્થિતિઓને બદલવા અને મનુષ્યોમાં સદ્પ્રવૃત્તિઓના પ્રાર્દુભાવ માટે સામાજિક સંસ્કારોની જે ત્રિવેણી પ્રાચીન કાળમાં વહેતી હતી, તેવા જ સુસંસ્કારોની ભાગીરથી વર્તમાનકાળમાં પ્રવાહિત કરવી પડશે.

એ તો નિર્વિવાદ છે કે મુઠ્ઠીભર માણસો દ્વારા ઈશ્વરોપાસના કરવા, સાચું બોલવા, સદાચારી બનવા અને ચરિત્રવાન હોવા માત્રથી આ પૃથ્વી સ્વર્ગ બની શક્તી નથી. જ્યાં દુષ્પ્રવૃત્તિઓની ભીષણ આગ લાગી હોય ત્યાં એક લોટો પાણી નાંખવાનું પૂરતું નથી. તે તેની ભીષણ ગરમીને શાંત કરી નહીં શકે. આ જ કારણે આજે સમાજમાં સદાચારીની મશ્કરી કરવામાં આવે છે. દુરાચારી વ્યક્તિઓ પોતાને માટે જ નહીં અન્ય સદાચારી વ્યક્તિઓ માટે પણ અભિશાપ બને છે. થોડી સારી અને સદાચારી વ્યક્તિઓનો અવાજ ઘણા બધા દુરાચારીઓના અવાજની વચ્ચે માનો કે નગારાખાનામાં તતૂડીના અવાજ જેવો બની રહ્યો છે. એટલા માટે કેટલાક માણસોનાં નિર્માણને બદલે સંપૂર્ણ સમાજના નિર્માણની વાત વિચારવી પડશે. આ જ યુગનિર્માણ યોજનાનું મૂળ તત્ત્વદર્શન છે. આને જો હૃદયંગમ કરવામાં આવે તો ભવિષ્યમાં સમાજને શ્રેષ્ઠત્તમ બનાવી શકાય છે.

---

*મનુષ્ય તૈયાર થઈ ગયો ત્યારે તેને વિદાય આપતાં વિધાતાએ કહ્યું, તાત્! જાવ અને સંસારનાં પ્રાણીઓનું હિત કરતા રહી સ્વર્ગ અને મુક્તિનો માર્ગ પ્રશસ્ત કરો, પરંતુ એવું કશું ન કરતાં, જેના લીધે તમારે મૃત્યુ સમયે પસ્તાવું પડે. મનુષ્ય બોલ્યો, ભગવન! એક બીજી કૃપા કરજો કે મને મરતાં પહેલાં અવશ્ય ચેતવણી આપજો, કેમકે જો હું માર્ગમાંથી ભ્રષ્ટ થતો હોઉં તો રોકાઈ જાઉં. તથાસ્તુ કહીને વિધાતાએ મનુષ્યને ધરતી ઉપર મોકલી દીધો. અહીં આવીને મનુષ્ય ઈન્દ્રિય ભોગોમાં પોતાના ખરા લક્ષ્યને ભૂલી ગયો. જેમ જેમ આયુ સમાપ્ત થઈ, કર્મો પ્રમાણે યમદૂત તેને નરક લઈ જવા લાગ્યા, ત્યારે તેણે વિધાતાને ફરિયાદ કરી કે તમે મને મૃત્યુની પહેલાં ચેતવણી કેમ ન આપી? વિધાતા હસ્યા અને બોલ્યા - "૧. તારા હાથ કાંપ્યા, ૨- દાંત તૂટી ગયા, ૩- આંખોથી ઓછું દેખાવા લાગ્યું, ૪-વાળ સફેદ થઈ ગયા, આ ચાર સંકેત આપવા છતાં પણ તું રોકાયો નહીં, તો તેમાં મારો શો વાંક?*



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

ઈતિહાસ-કથા

# ખોટા સંન્યાસમાં રમણ દુઃખદાયી છે

વસંતની સુરમ્યતા પ્રકૃતિમાં ચારે તરફ છવાયેલી હતી. રંગબેરંગી પુષ્પો તથા નવપલ્લવોએ મળીને ધરતીને દેવોને માટે આકર્ષક બનાવી દીધી હતી. આમ્ર મંજરી પર વિહાર કરતા ભ્રમર નિત્ય નવાં ગીતોની સૃષ્ટિ રચતા હતા. કોયલના ટહુકા તો જાણે દેવલોકવાસીઓને ધરા પર આગમન માટે ખુલ્લું આમંત્રણ આપતા હતા. આ પ્રાકૃતિક આકર્ષણમાં એક અલૌકિક તત્ત્વ પણ સમાયેલું હતું. ભગવાન તથાગતના પાવન સંસ્પર્શથી વૈશાલીનું આ આમ્રવન જ નહીં, સંપૂર્ણ પ્રકૃતિ પરિમંડળ આધ્યાત્મિક આભાથી ઝગમગી ઊઠયું હતું.

ભગવાન આ દિવસોમાં પોતાના ભિક્ષુ સંઘની સાથે વૈશાલી આવ્યા હતા. તેઓ વૈશાલીનગરથી થોડે દૂર એક આમ્રવનમાં રોકાયા હતા. વજજી સંઘની રાજધાની તે દિવસોમાં પોતાની સમૃદ્ધિ,વૈભવ, તથા શોભા માટે સંપૂર્ણ ભારતવર્ષમાં વિખ્યાત હતી. ભગવાનની ચરણરજના સ્પર્શથી તેની સમૃદ્ધિને પાવનતાનું વરદાન મળી ગયું હતું. જેમના પણ અંતઃકરણમાં નાનો સરખો પણ આધ્યાત્મિકતાનો અંકુર હતો, તેમને ભગવાનનું આગમન પ્રાણ-સંજીવની જેવું લાગ્યું. તથાગતની ભગવદ્તા નિર્મળ લહેરો, જન-મનને પાવન કરવામાં પૂર્ણ સમર્થ હતી.

પ્રભુનું સાંનિધ્ય દરેક માટે દરેક પ્રકારે અલૌકિક હતું. માનવી જ નહીં. પશુ-પક્ષી એટલે સુધી કે જડ પ્રકૃતિ પણ પોતાનામાં એક અલૌકિક પરિવર્તનની અનુભૂતિ કરી રહી હતી. જેમણે અનુભવ કર્યો, તેઓએ કહ્યું કે ભગવાન દ્વારા સુખ પામીને સૂકાં વૃક્ષ પણ ફરીથી લીલાં થઈ ગયાં હતાં. જે જીવન-વીણાઓ સૂની પડી હતી તેમાં સંગીત જીવંત થયું હતું, જે ઝરણાં સુકાઈ ગયાં હતાં અથવા પાણીનાં વહેણ ઓછાં થઈ ગયાં હતાં, તે ફરીથી વેગપૂર્વક વહેતાં થયાં હતાં. રણ આપોઆપ ઉદ્યાનમાં બદલાઈ ગયાં હતાં. જોવા જાવ તો બધું ફક્ત તેમણે જ જોયું જેમની પાસે અંતર્દષ્ટિ હતી, જે પ્રકૃતિના અંતરાલમાં વહેતી ધારાઓની જેમ વહેતાં પરિવર્તનોને જોઈ શક્તા હતા.

ભગવાનનું દિવ્યસ્વરૂપ માત્ર ચર્મચક્ષુઓ દ્વારા સમજમાં આવનારું ન હતું. બાહ્ય કાનોના સહારે આ પરમ દિવ્ય સંગીત સાંભળી શક્વું શક્ય ન હતું. પ્રભુના સાંનિધ્યમાં પ્રકૃતિ જે પરમોત્સવ મનાવી રહી હતી, તે તો પરમાત્મદશાનો પરમયોગ હતો. માત્ર સમાધિમાં જ આ સ્વરોને સાંભળી શકાતા હતા. સમાધિની ભાવદશામાં જ આ મહોત્સવને જોઈ શકાતો હતો.

જે આને જોઈ શક્તા હતા. તે આહ્લાદિત હતા. જે સાંભળી શક્તા હતા, તે મસ્ત થઈ રહ્યા હતા. જે આહ્લાદિત હતા, જેઓ આનંદ ઉઠાવી રહ્યા હતા, તેમના માટે ભગવાનના સાંનિધ્યનું સ્વર્ગ રોજ-રોજ પોતાનાં નવાં દ્વાર ખોલી રહ્યું હતું. કેટલાક એવા પણ હતા, જેમને ન કશું દેખાતું હતું, ન સંભાળતું હતું. તેઓ તરસ્યા આવ્યા હતા અને પ્રભુચેતનાના ક્ષીરસાગરના સામીપ્યમાં પર તરસ્યા જ હતા. તેઓ આવવા છતાં પણ ગેરહાજર હતા. તેમને મળવા છતાં પણ નહોતું મળ્યું. ભગવાન આવે છે. દરેક યુગમાં આવે છે. તેમનું આગમન પોતાના ભક્તોની ભાવચેતનાને સરખી કરવા માટે થાય છે. તેઓ પોતાના પ્રેમની સરસ સુધાની મુક્ત મને વર્ષા કરે છે, પરંતુ આની અંદર ભીંજાય છે એ જ જેમણે પોતાના અસ્તિત્વને પ્રભુમાં વિસર્જિત કરી દીધું છે. જે હજુ પણ પોતાના અહંની ચાદર ઓઢીને ફરે છે, જેમને હજુ પણ પોતાની વાસનાનો કીચડ ધોવામાં સંકોચ થઈ રહ્યો છે, તેઓ કોરેકોરા રહી જાય છે. ભિક્ષુ વજજીપુત્ત આવા જ અભાગીઓમાંના એક હતા. ભગવાનના મહાબોધિ સાગરને કિનારે પહોંચીને પણ તેઓ તેમની ભાવચેતનાથી વણસ્પર્શ્યા હતા. તેમની આંખો જોઈ રહી હતી, કાન સાંભળી રહ્યા હતા, પરંતુ તે નહીં, જે અમૃતમય હતું. તેમના કાનોમાં આમ્રવનથી દૂર વૈશાલી નગરમાં ચાલી રહેલ રાગ-રંગના સ્વર ગુંજી રહ્યા હતા. તેમની આંખો વૈશાલીની નર્તકીઓના ચર્મ-સૌંદર્યને જોવાને વ્યાકુળ હતી. વૈશાલીમાં હાલમાં મદનોત્સવની ધૂમ હતી. રાસ-રંગની છટા ત્યાં ખીલી હતી. વાસનાના અનેક રંગ, અગણિત રૂપ વૈશાલીના આંગણામાં મસ્તીમાં ઝૂમી રહ્યાં હતા. યુવક યુવતીઓના ઉન્મુક્ત વિહાર-વિલાસ-ક્રીડાઓને દરરોજ નવો આયામ દર્શાવતો હતો.

ભિક્ષુ વજજીપુત્તની આંખો આ બધું જોવા માટે તલસી રહી હતી. તેમના કાનોને આ વિલાસ સંગીત સાંભળવાની વ્યાકુળતા હતી. તેમનું અંતઃકરણ વિહ્વળ હતું. આ રાસ-રંગમાં ઉન્મુક્ત થઈ ભાગીદાર થવા માટે. તે રાત્રિએ તો


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

તેમની આ વ્યાકુળતા-વિહ્વળતા ચરમ પર જઈ પહોંચી. આ મદનોત્સવની વિલાસ રાત્રી હતી. ફાલ્ગુન માસનો ચંદ્રમા જન-મનમાં અનેક વિચાર-તરંગો ઉછાળી રહ્યો હતો.

ભગવાન તથાગતના સાંનિધ્યમાં હોવા છતાં પણ વજ્જીપુત્ત વ્યાકુળ હતો. નગર બાજુથી આવતી સંગીત અને નૃત્યની સ્વરલહેરો તેને બેચેન કરતી હતી. તે અભાગી ભિક્ષુ ભગવાનના પાવન સંગીતને હજુ સુધી સાંભળી શક્યો ન હતો. તેની આંખો ભગવાનના મર્મસ્થળમાંથી ઊઠતા પ્રકાશ પુંજને હજુ સુધી જોઈ શકી ન હતી, પરંતુ વૈશાલી નગરમાં સળગતા દીવાઓનો ઝાંખો પ્રકાશ તેની સ્પષ્ટ નજરે પડતો હતો. રાજધાનીમાં થઈ રહેલ રાગ-રંગ અને તેમાંથી આવતી સ્વર-લહેરીઓને તે સ્પષ્ટપણે સાંભળી રહ્યો હતો. નાચ-ગાનના અવાજોએ તેને ઉદાસ કરી નાંખ્યો. તે દુઃખી થઈ વિચારવા લાગ્યો કે બેકારમાં ભિક્ષુ બનીને જીવન ગુમાવી રહ્યો છું. સુખ તો સંસારના વિલાસમાં છે. જુવો તો ખરા, લોકો કેવા ખુશ છે ! સમગ્ર વૈશાલી નગર આજે ઉત્સવ મનાવી રહ્યું છે અને હું અહીં પડયો પડયો ફક્ત દુઃખી થઈ રહ્યો છું. સંન્યાસ લઈને મેં ફક્ત દુઃખોને નિમંત્રણ આપી દીધું.

ભિક્ષુની વિકૃત ભાવદશામાં ભલા શેતાન(કામદેવ) કયાંથી દૂર રહી શકવાનો હતો. તે વાસનાભરી કલ્પનાઓના સહારે વજ્જીપુત્તના મનમાં ઘૂસી ગયો. શેતાને તેને ભરપૂર ઉકસાવ્યો, પોતાનું કાર્ય સાધવા માટે મોટી મોટી લાલચ દર્શાવી. અનેક મોહક સપનાઓના મહેલ ઊભા કરી દીધા. શેતાનની ઝપટમાં આવી ચૂકેલો તે વિચારવા લાગ્યો, બહુ થઈ ગયું, હું કાલે સવારે જ ભાગી જઈશ. સંસાર સત્ય છે. હું નકામો અહીં પડયો તડપી રહ્યો છું. અહીં છે પણ શું ?

સવારે તે ચૂપચાપ ઊઠીને ભાગે તે પહેલાં જ ભગવાને તેને બોલાવ્યો. ભગવાનનો તેને બોલાવતો સંદેશો સાંભળી તે ચોંકી ઊઠયો. આ પહેલો અવસર હતો, જ્યારે તથાગતે તેને બોલાવ્યો હોય. તે થોડો ગભરાયો, મનમાં શંકા ઉત્પન્ન થઈ. મનમાં વિચાર પણ આવ્યો કે મેં તો મારા મનની વાત કોઈને જણાવી પણ નથી. કદાચ તેમણે અમસ્તો જ બોલાવ્યો હશે.

ભગવાને જ્યારે તેના મનની સંપૂર્ણ કથા કહી સંભળાવી તો તેને વિશ્વાસ જ ન આવ્યો. એક-એક વાત જે શેતાને તેને કરવા જણાવી હતી, એકેએક સપનાં જે તેણે રાતભર જોયાં હતાં અને તેનો ભાગવાનો નિર્ણય ભગવાને બધું જ કહી સંભળાવ્યું. ભગવાનની કરુણાએ તેના મનના મેલને ક્ષણભરમાં ધોઈ નાંખ્યો. મનની નિર્મળતા પામતાં જ તેને પોતાની બુદ્ધિ ઉપર ભારે પસ્તાવો થયો. ભગવાનની પાસે આમ જોવા જાવ તો તે વર્ષોથી હતો, પરંતુ આજે તેને સાચો સત્સંગ થયો. તે દિવસે તેને ભગવાન બુદ્ધની વીણાના સ્વર સંભળાયા.

ભગવાને તેને આ ધમ્મગાથા સંભળાવી

દુપ્પબ્બજ્જં દુરભિરમં દુરાવાસા ઘરા દુઆ ।
દુખો સમાનસંવાસો દુકખાનુપતિતદ્ધમ ।
તસ્મા ન ચદ્ધગૂ સિયા ન ચ દુક્ખાનુપતિતો સિયા ॥
સદ્ધો સીલેન સમ્પન્નો યસોભોગસમપ્પિતો ।
યં યં પદેસં ભજતિ તત્થ તત્થેવ પૂજિતો ॥

ખોટા સંન્યાસમાં રમણ કરવાનું દુષ્કર છે. ન રહેવા યોગ્ય ઘરમાં રહેવું દુઃખદ છે. અસમાન તથા પ્રતિકૂળ લોકોની સાથે રહેવું દુઃખદ છે. એટલા માટે સંસારના માર્ગના પથિક ન બનો અને દુઃખી ન થાવ.

શ્રદ્ધા અને શીલથી સંપન્ન તથા યશ અને ભોગથી મુક્ત પુરુષ જ્યાં પણ જાય છે, સર્વત્ર પુજાય છે.

ભગવાનની આ ધમ્મગાથાઓને આત્મસાત્ કરવાથી ભિક્ષુ વજ્જીપુત્તને માટે તે દિવસે સંસાર ખોટો થયો, પરિવ્રાજક જીવન સત્ય બન્યું.

*જાપાનમાં એક છોકરા કાગાવાએ ભણ્યા પછી પીડિતોની સેવા કરવાનું પોતાનું લક્ષ બનાવ્યું અને તે તેમાં જ લાગી ગયો. તરછોડાયેલા, ખોટી આદતોથી ઘેરાયેલા ગરીબ લોકોના મહોલ્લામાં તે જતો અને દિનભર તેમની જ સેવામાં લાગ્યો રહેતો. પેટ ભરવા માટે તેણે બે કલાકના કામની શોધ કરી લીધી. આ સેવા-કાર્યની ચર્ચા દૂર દૂર સુધી થવા લાગી. એક વિદુષી છોકરીને તેનું આ કાર્ય ઘણું જ પસંદ પડયું. તે પણ તેની સાથે ખભેખભા મેળવી કામ કરવા તૈયાર થઈ ગઈ. લગ્ન એક શરતે કર્યું કે તે વાસનાપૂર્તિ હેતુ નહીં, સમાજસેવા હેતુ મૈત્રીને માટે બંધાશે. તે છોકરીએ પણ રોજનું બે કલાક કામ શોધી કાઢયું. બંને મળીને, કામ કરવાથી બેવડું કામ થવા લાગ્યું. ઉદાર લોકો તેમના કાર્યમાં મદદ કરવા લાગ્યા. પરિણામે કાર્યક્ષેત્રનો વિસ્તાર થયો. સરકારે સંપૂર્ણ જાપાનમાં તરછોડાયેલા લોકોને સુધારવાનું કામ એ લોકોને સોંપ્યું. કાગાવા પ્રત્યે જાપાનમાં એટલી શ્રદ્ધા વધી કે તેમને તે દેશના ગાંધી કહેવામાં આવ્યા.*



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# સફળતા, અસફળતા બંને શીખવાડે છે આપણને જીવન જીવવાનું

સંસારની દરેક વસ્તુમાં સારું અને ખરાબ જોવા મળે છે. કેટલીક વસ્તુઓ આપણને સારી એટલા માટે લાગે છે, કેમકે આપણને તેનાથી સુખ મળે છે, બીજી કેટલીક વસ્તુઓ ખરાબ એટલા માટે લાગે છે, કેમ કે તે આપણી ઈચ્છાઓમાં બાધક છે. પરંતુ વાસ્તવિકતા આનાથી વિપરીત છે. જેમાં આપણને ફક્ત સારાપણું જ ખાય છે. તે દરેક વસ્તુમાં ખરાબી પણ છુપાયેલી હોય છે. દરેક ખરાબ દેખાતી વસ્તુ સારાપણાથી યુક્ત હોય છે. સફળતા દરેકને પ્રિય છે અને અસફળતા દરેકને ઉદાસ કરી નાખે છે. પરંતુ વાસ્તવમાં સફળતાથી કંઈક નુકસાન થાય છે અને અસફળતા ઘણાં બધાં કાર્યોમાં આપણા માટે લાભકારી હોય છે.

અસફળતા આપણને આપણી ભૂલો પર વિચાર કરવા માટે વિવશ કરે છે કે આપણે કઈ ભૂલોના કારણે આપણાં કાર્યોને પૂરાં કરવામાં અસફળ રહ્યા છીએ. આપણે આપણી ભૂલોને સુધારવાની ઈચ્છાને પણ જન્મ આપીએ છીએ. આપણા મનમાં ભૂલોના સુધારનો આધાર તૈયાર થાય છે. વાસ્તવમાં અસફળતા, પૂર્ણ સફળતા માટે પ્રયત્નોનો માર્ગ પ્રશસ્ત કરે છે. અસફળતાનું કારણ મનુષ્યની પોતાની કેટલીક નિશ્ચિત ભૂલો છે. સામાન્ય મનુષ્ય પોતાની અસફળતાનું કારણ અન્ય હોવાનું જણાવે છે અને પોતે તેમાંથી મુક્ત રહેવા ઈચ્છે છે. વિવેકી મનુષ્ય આવું નથી વિચારતો. તે તો ભૂલોનો દોષી સ્વયંને માનીને તેની શોધ કરે છે અને સુધારણાનો માર્ગ શોધે છે. અસફળતાનાં કારણો અસાવધાની, મનની અસ્થિરતા, શ્રમથી બચવું, આળસ, સમયનું ધ્યાન ન રાખવું તે છે. પોતાના વ્યવહારની ઊણપના કારણો પણ પોતાની અસફળતાનાં કારણો બની જાય છે. આપણને દરેક કાર્યમાં અન્યના સહયોગની જરૂરિયાત હોય છે, પરંતુ ઉચિત વ્યવહારનો પ્રયોગ ન કરવાના કારણે પણ આપણને તેમનો સહયોગ નથી મળતો અને આપણે અસફળ થઈએ છીએ.

અસફળતા, ભૂલ કરનારને સુધરવા માટે કરવામાં આવેલો દંડ છે, જે મનુષ્યને ઉચિત-અનુચિતનું જ્ઞાન કરાવે છે, બગડેલા કાર્યને સુધારવાનો માર્ગ બતાવે છે, ભવિષ્યનાં કાર્યોનું માર્ગદર્શન કરે છે. તે એક સ્પષ્ટવક્તા મિત્રનુ કામ કર છે, અસફળતા કષ્ટકારક હોવા છતાં પણ ચરિત્ર નિર્માણ કરનારી છે, પરંતુ સફળતા આનંદદાયક હોવા છતાં પણ અહંકાર નામના દોષને સંતાડી રાખે છે, જે "સાવધાની હટી-દુર્ઘટના ઘટી" ના આધારે નુકસાન કરવાનું સાધન બની જાય છે. એકવાર સફળ થઈને મનુષ્ય પોતાની શક્તિ અને સાહસને વધુ મહત્ત્વ આપવા લાગે છે. તે પોતાની બુદ્ધિ, ચતુરાઈ અને તાકાતને દરેક કાર્ય કરવા યોગ્ય સમજવા લાગે છે. તે સમજવા લાગે છે કે ભવિષ્યમાં હું દરેક કાર્ય કરી લઈશ. કોઈ કાર્ય પ્રત્યે પોતાની અંદર આત્મવિશ્વાસ ઉત્પન્ન કરવો એ સારો ગુણ છે, એ કાર્યમાં સહાયક છે. અહંકાર કાર્યમાં બાધક છે. એ મનુષ્યને વાસ્તવિકતાથી દૂર રાખે છે. આવી રીતે અહંકાર અને આત્મવિશ્વાસ કાર્ય સાથે સંબંધિત હોવા છતાં પણ અલગ છે.

**જેમની તમે પ્રશંસા કરો છો, તેમના ગુણોને તમે અપનાવો અને સ્વયં પણ પ્રશંસાને યોગ્ય બનો.**

આત્મવિશ્વાસુ કાર્ય માટે સદ્ગુણોને આધાર માને છે. સાવધાની, પરિશ્રમ, ખંત ને મહેનત, અનુકૂળ પરિસ્થિતિઓ, સહયોગ જેવા ગુણોને આધાર બનાવીને તે કાર્ય પ્રત્યે દઢતાથી લાગી પડે છે અને પરિણામ પ્રત્યે આસક્તિ નથી રાખતો. એટલા માટે તેનું કાર્ય આગળ વધતું રહે છે. કર્તવ્ય ઉપર ધ્યાન રાખતા રહીને વિઘ્નો સામે લડવું એ આત્મવિશ્વાસુની ઓળખ છે. અહંકારી નાની અમથી સફળતા પર એટલો ઘમંડ કરે છે કે તે સદ્ગુણોની તરફ તેનું ધ્યાન જ જતું નથી, જેમણે સફળતા બતાવી છે. તેઓ ફક્ત પોતાને જ કાર્યકર્તા માને છે અને ભવિષ્યમાં દરેક કાર્ય કરવાની ક્ષમતા ધરાવતા માની લે છે. આ નશામાં તે પોતાની ત્રુટિઓ ઉપર પણ વિચાર કરી શક્તા નથી. અહંકારનો પ્રભાવ નાની વ્યક્તિ પર વધુ હોય છે, જેમની બુદ્ધિમાં વિવેક નથી. તેઓ નાનું પદ



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

અથવા સ્થિતિ પ્રાપ્ત કરીને સજ્જનતા છોડી દે છે. તેમનો વ્યવહાર ધૃષ્ટતાપૂર્ણ થઈ જાય છે.

વ્યવહારની ધૃષ્ટતા મનુષ્ય, જાતિ, સમાજ તથા માનવ માત્રને માટે નુકસાનકારક છે. કોઈક વિવેકશીલ આવા આચરણને સહન કરી શક્તો નથી. ફક્ત કેટલીક વ્યક્તિ પોતાના સ્વાર્થને વશીભૂત જ આને સહન કરશે. તેઓ પણ સ્વાર્થપૂર્તિ થઈ ગયે આવા આચરણની વિરુદ્ધ થઈ જશે. આવી રીતે અહંકારીનો કોઈ મિત્ર હશે નહીં. ભગવાન પણ અહંકારીનો વિરોધી છે. તેમને આ અવગુણ સૌથી વધુ અપ્રિય છે. ઈશ્વરે મનુષ્યને સર્વશ્રેષ્ઠ જીવ બનાવ્યો છે. આ મહાનતા ઈશ્વરે આપેલી છે. પોતાનું અસ્તિત્વ તો માનવને માટે તુચ્છ છે. તુલના કરી જુવો, તો ઘણી બાબતોમાં તે પશુઓ કરતાં પણ નિમ્નસ્તરનો છે. ઉદાહરણ તરીકે મનુષ્ય પોતાનું કોઈ કાર્ય એકલો નથી કરતો. તેને અન્યના સહયોગની આવશ્યકતા હોય છે. મનુષ્યના પ્રત્યેક કાર્યમાં અન્યના સહયોગનું યોગદાન વિશેષ હોય છે. એકલા મનુષ્યોમાં આ ગુણોનો વિકાસ થઈ શક્તો નથી. જેની ઉપર તેને મનુષ્ય કહેવડાવવાનું ગૌરવ મળે છે. તે વનમાં જે જાતિની સાથે રહેશે, તેનો પ્રભાવ તેની ઉપર પડશે અને તેનો વિકાસ અટકી જશે.

મનુષ્યનું બાળપણ અસહાય અવસ્થાનો કાળ છે. જન્મ લીધા પછી જો તેને સહયોગ ન મળે, તો તેનું અસ્તિત્વ જ જોખમમાં પડી જશે. જીવન કાળમાં મનુષ્યમાં કેટલાય એવા અભાવ ઉત્પન્ન થઈ જાય છે, જે પશુ-પક્ષીઓમાં સ્વચ્છંદ વિચરણ કરવા છતાં પણ નથી આવતા, જેમ કે બીમારી, કમજોરી તથા જ્ઞાનની ઊણપ. આજના માનવીને મળતી દરેક સુવિધાઓ સહયોગનું પરિણામ છે, જે તેના પૂર્વજોએ તેને પ્રદાન કરી છે. આટઆટલું હોવા છતાં પણ જો મનુષ્ય પોતાને કર્તા-રચયિતા સમજીને ગર્વ કરી રહ્યો છે, અહંકારના નશામાં ચૂર છે, તો આનાથી મોટી નીચતા શું હોઈ શકે ? કર્તા ન હોવા છતાં પણ કર્તા કહેવડાવવાની ઈચ્છા કરવી એ જ તો અહંકાર છે. કરનારો હું છું. આ બધું જ મારા દ્વારા થયું છે, હું ન કરું તો નહીં થાય, એવું વિચારવું એ જ એવો અહંકાર છે જે મનુષ્યને નિમ્ન (નીચ) શ્રેણીમાં લઈ જાય છે.

સામાન્ય રીતે એવું સમજવામાં આવે છે કે ડાકુ અથવા હત્યારાઓનો ઉદેશ્ય ધન લૂંટવાનો નથી હોતો, તેઓ માત્ર લોભી છે, પરંતુ આ તેમનો ભ્રમ છે. વાસ્તવમાં ડાકુ અથવા હત્યારાનું આવું રૂપ લોભ મિશ્રિત અહંકાર હોય છે. અહંકારી પોતાની ઈચ્છા પૂર્તિ માટે સમાજ પર અનેક પ્રકારના અત્યાચાર કરે છે. તેઓ સમાજને હાનિ પહોંચાડે છે. લાભ ક્યારેય પહોંચાડી શકતા નથી.

સિકંદર, તૈમૂરલંગ, ચંગીઝખાન તથા નેપોલિયન જેવા લોકોએ પોતાના અહંકારના કારણે નિર્દોષ જનતાનું લોહી વહાવ્યું હતું અને સમાજમાં આવનારી પેઢીઓની સમક્ષ અહંકારનો નમૂનો પ્રસ્તુત કર્યો. અહંકારની પ્રવૃત્તિ પોતાના પર સામાન્ય મનુષ્ય જેવું વિઘટનાત્મક કાર્ય જ અપનાવશે. તેમના કાર્યમાં માત્રાનું અંતર હોય છે. કેમ કે માત્રા સામર્થ્ય અને સ્થિતિ ઉપર જ નિર્ભર રહે છે. આવી વ્યક્તિ પાસેથી સમાજના હિતમાં આશા રાખવી વાળમાંથી તેલ કાઢવા સમાન છે.

અહંકાર સમાજ અને વ્યક્તિ માટે નુકસાનકારક છે. એટલા માટે આપણે આ કુપ્રવૃત્તિથી સાવધાન રહેવું જોઈએ, કે ક્યાંક આ કુપ્રવૃત્તિ આપણી અંદર ઘર ન કરી જાય. આનાથી બચવાનો સરળતમ ઉપાય એ છે કે આપણે આપણા દરેક કાર્યમાં પ્રાપ્ત સફળતા માટે આપણા ભાગ્યને આગળ કરવું ન જોઈએ, પરંતુ તેમાં સહયોગ આપનાર તથા તેમાં માર્ગદર્શન આપનારનો ઉચિત આભાર માનવો જોઈએ. અનુદાનનું યોગ્ય મૂલ્યાંકન કરવું, તેની શોધખોળ કરવી ઈશ્વરનું સ્મરણ કરી તેમના દ્વારા આપવામાં આવેલ વૈભવ તથા કરાતા ઉપકારો માટે તેમનો આભાર માનવો જોઈએ.

**યોદ્ધા એ નથી જે બીજાને મારે છે. સાચો યોદ્ધો તો તે છે, જે પોતાના અવગુણોને મારે છે.**

મનુષ્યએ દરેક કાર્યની સાથે આત્મનિરીક્ષણ કરવું જોઈએ કે તે કેટલો મહાન છે અને કેટલો તુચ્છ છે. જીવો કરતાં મહાન છે. તો પ્રભુની દૃષ્ટિમાં કેટલો તુચ્છ છે. ઈશ્વર તો ક્ષણમાં પર્વતને રાઈ કરી શકે છે, મનુષ્ય તો એક પરપોટો છે, એક કાર્યની સફળતા બીજાની ગેરંટી નથી, તે તો કાળ, સ્થાન, પરિસ્થિતિ ઉપર નિર્ભર રહે છે કે આવનારાં કાર્યોમાં ક્યાં, કેટલો સહયોગ અને કૃપા મળશે. જો આપણને માત્ર આટલું વિચારવાનું આવડી જાય તો આપણને જીવન જીવવાની કળા સમજાઈ જશે. પછી અસફળતા દ્વારા પ્રાપ્ત થનારું સુખ આપણે માટે યોગ બની જશે.



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

જ્ઞાન-આલોક

# પવિત્ર, ઉચ્ચવિચારોથી ભરપૂર ઉપનિષદોનું જ્ઞાન

ઉપનિષદ ભારતીય અધ્યાત્મ ચિંતનનો અંતિમ પ્રકાશ તથા મુખ્ય સ્ત્રોત છે. વેદનું જ્ઞાન ઉપનિષદ સાધ્ય કરવાનું છે. વેદના અંતિમ ભાગમાં તેમજ નિષ્કર્ષ રૂપમાં જે ઉચ્ચ આધ્યાત્મિક ચિંતન, ઉત્કૃષ્ટ બોધ, શ્રેષ્ઠ વિદ્યા તથા ગૂઢ સાધના વિદ્યમાન છે, તે જ ઉપનિષદનો મુખ્ય વિષય છે. વૈદિક જ્ઞાન કર્મમાર્ગ તરફ પ્રેરિત કરે છે અને વૈદિક યજ્ઞ કર્મકાંડ પ્રત્યે પ્રેરણા આપે છે. બીજી બાજુ ઉપનિષદ કર્મકાંડની વિચારણામાંથી મુક્ત શાશ્વત સત્યનું નિરૂપણ તથા યથાર્થનો પરિચય કરાવે છે, જેના જ્ઞાનના આલોક દ્વારા મનુષ્ય બંધનમુક્ત થઈને મોક્ષની પ્રાપ્તિ કરે છે. તેટલા માટે ઉપનિષદનો મુખ્ય વિષય 'બ્રહ્મ' છે તથા કેન્દ્રબિંદુ 'બ્રહ્મવિદ્યા' છે. ઉપનિષદ જીવ, જગત, અને જગદીશ્વરના સંબંધો, સમન્વય અને તેના ચિંતન-મનન પર આધારિત ગ્રંથ છે.

ભારતીય આચાર્યોએ ઉપનિષદની સિદ્ધિ 'ષદલૃ' ધાતુથી કરી છે, જે ગતિ ખેદનીય અને વિસ્ફોટનના અર્થોમાં પ્રયોજાય છે. ઉપ+નિ ઉપસર્ગોની સાથે 'ષદલૃ' ધાતુમાં ક્વિપ્ પ્રત્યયનો યોગ કરવાથી ઉપનિષદ શબ્દનું નિર્માણ થાય છે. તેટલા માટે જે વિદ્યાની જ્યોતિર્મય જ્યોતિના સંપર્કથી અવિદ્યા, અજ્ઞાનનો નાશ થાય છે, જે મુમુક્ષુઓને બ્રહ્મની ઉપલબ્ધિ કરાવે છે અને જેનાં શ્રવણ માત્રથી દુઃખ, કષ્ટ તેમજ સમસ્યાઓના ગહન દ્વંદ્વ-કળણમાંથી છુટકારો મળી જાય છે, તે આધ્યાત્મિક વિદ્યાને ઉપનિષદ કહેવામાં આવે છે.

મેક્સમૂલરના જણાવ્યા પ્રમાણે ઉપનિષદનો પ્રાથમિક અર્થ ગુરુની સમીપ દિવ્ય ઉપદેશ સાંભળવા માટે શ્રદ્ધા-આસ્થાપૂર્વક બેસવું એવો થાય છે. તેમણે "ટ્રાન્સલેશન ઓફ ધી ઉપનિષદ્સ"માં ઉલ્લેખ કર્યો છે કે સંસ્કૃત ભાષાના ઈતિહાસ અને સંસ્કૃત અનુસાર ઉપનિષદનું પ્રારંભિક તાત્પર્ય એક ગોષ્ઠિ સાથે હતું, જેમાં શિષ્ય ગુરુની ચારે બાજુ આદર અને ભક્તિપૂર્વક એકસાથે એકત્રિત થાય છે. ઉપનિષદ સાહિત્યના વિદ્વાન મનીષી ડ્યૂસન પોતાના ગ્રંથ 'ફિલોસોફી ઓફ ધ ઉપનિષદ્સ'માં સ્પષ્ટ કરે છે કે ઉપનિષદ શબ્દનો અર્થ રહસ્ય અથવા રહસ્યમય ઉપદેશ છે. જે અનેક સંદર્ભમાં પ્રયુક્ત થાય છે. 'સેક્રેડ બુક ઓફ ધી ઈસ્ટ' નામની ગ્રંથમાળાના પ્રથમ ખંડમાં મેક્સમૂલર ડ્યૂસનના આ અર્થને પુષ્ટિ આપતાં સમર્થન કરે છે.

ઉપનિષદોના મહાન જ્ઞાતા તેમજ ભાષ્યકાર ભગવાન શંકરાચાર્યએ ઉપનિષદ શબ્દને 'સદ' ધાતુમાંથી લીધો છે, જેનો અર્થ છે, જે નાશ કરે છે. તેમના મત પ્રમાણે જે અજ્ઞાનરૂપી ભ્રમને તિરોહિત કરે છે, માયાના આવરણને છિન્નભિન્ન કરી સત્‌જ્ઞાનનાં દર્શન વડે મોક્ષની પ્રાપ્તિમાં મદદ કરે છે, તેવી જ વિદ્યા ઉપનિષદમાં છે. ઉપનિષદના આદેશાનુસાર આ સત્‌જ્ઞાન રહસ્યને ઉચિત પાત્ર સમક્ષ પ્રગટ કરવું જોઈએ. જ્ઞાનનો આ આલોક એવાને હસ્તાંતરિત કરવો જોઈએ, જેણે યમ-નિયમ, સંયમ-સાધના દ્વારા સ્વયંને ઉચિત તથા ઉપયુક્ત સત્પાત્રના રૂપમાં સિદ્ધ કરી હોય.

> ***"જ્યાં સુધી હું લીલું હતું, મારામાં ફૂલ આવતાં હતાં, ફળ આવતાં હતાં, ત્યાં સુધી આ જ લોકો મારી પાસે ઝોળીઓ લઈને આવતા હતા, સેવા અને સત્કાર કરતા અને આજે જ્યારે હું સુકાઈ ગયો છું, ત્યારે જુવો, આ જ લોકો કુહાડી લઈ મને કાપવા આવી રહ્યા છે." એક વૃક્ષે પોતાના સાથી વૃક્ષને કહ્યું. બીજા વૃક્ષે જવાબ આપ્યો, "આવું વિચારવાને બદલે તમે એવું વિચારો કે મારું મૃત્યુ પણ સાર્થક થયું, જો હજુ પણ હું લોકોની આવશ્યકતાઓ પૂરી કરી શકું છું, તો મિત્ર આ સમયે પણ તને કેટલી શાંતિ, કેટલો સંતોષ મળત."***

ઉપનિષદની પાવનભૂમિ ભારતમાં ઔપનિષદિક ઋષિઓએ ઉચ્ચસ્તરીય કલ્પનાઓ કરી તથા ગહન-ગૂઢ વિચાર કર્યો. આ જ કલ્પના તથા વિચારનું આ દિવ્ય ધરા પર ઉપનિષદ રૂપે સર્જન થયું. અતઃ પ્રારંભિક ઉપનિષદોની ભાષા ગદ્યાત્મક છે, જે અત્યંત પ્રભાવશાળી, પ્રભાવોત્પાદક તેમજ ગૂઢ છે. આ ભાષા મન-મસ્તિષ્કને ઝંકૃત કરી નાંખનારી છે તથા તેની અંદર હૃદયને પ્રફુલ્લિત કરવાનું સામર્થ્ય સમાયેલું છે. ઉપનિષદોના દરેક મંત્રનું સૌંદર્ય અનુભવગમ્ય છે તથા અર્થ ગરિમામય છે. એટલા માટે કે ઉપનિષદ શબ્દનો પ્રયોગ સાંકેતિક સિદ્ધાંત તેમજ વિશિષ્ટ ઉદ્દેશ્યના અર્થોમાં પ્રયુક્ત થતો હતો, તેથી સત્પાત્રોને માનનીય ગુરુ દ્વારા આ રહસ્ય તેમજ ગૂઢાર્થની દીક્ષા



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

આપવામાં આવતી હતી. આના લીધે ધાર્મિક તેમજ આધ્યાત્મિક જિજ્ઞાસુઓને ઉપનિષદોના શબ્દો અને કાવ્યાત્મક અભિવ્યક્તિ શૈલીમાં એક અદ્દ્ભુત આશ્ચર્ય તથા ચમત્કાર દષ્ટિગોચર થવા લાગ્યો હતો. પરિણામે, ઉપનિષદોની રચના સંસ્કૃતના ગદ્ય અને પદ્યમાં નવીન પ્રચલિત સ્વરૂપમાં થવા લાગી અને એના સર્જનની રીતમાં સમાપ્તિ કે પરિવર્તન ન આવ્યું, પરંતુ એ નદીની સતત ધારા રૂપે અક્ષુણ્ણ-અક્ષય પ્રવાહિત થતું રહ્યું.

ઉપનિષદોનો રચનાકાળ ગમે ત્યારનો કેમ ન હોય, તે કાળજયી છે. તેના વિચાર વર્તમાનમાં પણ તેટલા જ સામયિક છે અને ભવિષ્ય માટે પણ ઉપયોગી છે. પ્રારંભિક ઉપનિષદોની રચના ઈસુથી ૫૦૦ વર્ષ પૂર્વે કરવામાં આવી હતી. નવીન ઉપનિષદો મુસ્લિમ કાળના પ્રાદુર્ભાવ પછી પણ નિર્બાધ ગતિથી લખવામાં આવતાં રહ્યાં. આ ઉપનિષદોમાં સૌથી મુખ્ય અને પહેલું ઉપનિષદ એ છે, જેનું ભાષ્ય શંકરાચાર્યએ કર્યું છે. આ છે બૃહદારણ્યક, છાંદોગ્ય, ઐતરેય, ઈશ, કેન, કઠ, પ્રશ્ન, મુંડક તેમજ માંડૂક્ય. ડયૂસનના મતે કૌષીતકિ ઉપનિષદ પણ મૂળ ઉપનિષદોમાંનું એક છે. મૈક્સમૂલર તથા શ્રોડરની માન્યતા પ્રમાણે મૈત્રાયણી ઉપનિષદ પણ આમાં સામેલ છે, પરંતુ ડયૂસન આને પરવર્તી માને છે. વિંટરનિટ્ઝ ઉપનિષદોને ચાર કાળમાં વિભાજિત કરે છે. તેઓ પ્રથમકાળમાં બૃહદારણ્યક, છાંદોગ્ય, તૈત્તિરીય, ઐતરેય, કૌષીતકિ તથા કેનોપનિષદને રાખે છે. તેમના મત પ્રમાણે દ્વિતીયકાળમાં કઠ,ઈશ,શ્વેતાશ્વતર, મુંડક અને મહાનારાયણ આવે છે. ત્રીજા કાળમાં પ્રશ્ન, મૈત્રાયણી તેમજ માંડૂક્ય ઉપનિષદોનો સમાવેશ કરવામાં આવ્યો છે. બાકીનાં ઉપનિષદો ચતુર્થ કાળનાં છે. બધાં જ ઉપનિષદોનો સરવાળો સંખ્યામાં લગભગ ૧૦૮નો થાય છે.

આ વિભિન્ન ઉપનિષદોનું વિષયવસ્તુ તથા વ્યાખ્યા અલગ અલગ જણાય છે. તેમાંનાં કેટલાંક જ્યાં આત્માના એકતત્ત્વવાદ ઉપર વિશેષ મહત્ત્વ આપે છે. ત્યાં જ અન્ય ઉપનિષદો યોગ, તપ, શિવ તથા વૈષ્ણવ દર્શન તેમજ શરીરશાસ્ત્ર ઉપર મહત્ત્વપૂર્ણ પ્રકાશ પાથરે છે. આ જ કારણે આ ઉપનિષદોને યોગોપનિષદના નામથી વિભૂષિત કરવામાં આવ્યાં છે. પ્રાચીન ભારતીય વિદ્વાનોએ ઉપનિષદોના વિભિન્ન અર્થ પ્રસ્તુત કર્યા છે અને અનેક પ્રકારનાં વ્યાખ્યા-વિશ્લેષણો આપ્યાં છે. આ વિવેચન-વિશ્લેષણ એકબીજાથી એટલાં અલગ છે કે ઉપનિષદોની બાબતમાં મતાંતર ઉત્પન્ન થઈ ગયા. ખરેખર વાત એવી નથી, મૂળમાં શાશ્વત સત્ય અને યથાર્થ એક જ છે, પરંતુ આ સત્યની પોતપોતાની રીતની વ્યાખ્યા તથા તર્ક કરવાથી જ આ મતભેદ દષ્ટિગોચર થાય છે, જે નિતાંત સ્વાભાવિક છે. સત્યનો સ્ત્રોત ભલેને એક હોય, પરંતુ આની સુવાસ અનુભવનો વિષય છે અને અનુભવ સૌનો પોતાનો અલગ હોય છે. એટલા માટે આની વ્યાખ્યા પણ તે જ પ્રકારની હશે. આ જ કારણે ઉપનિષદનું દર્શન અનંત આકાશ જેવું વિસ્તૃત, વિશાળ તથા ગહેરા સમુદ્ર જેવું ગંભીર તથા સમૃદ્ધ છે. આ મહાન તથા દિવ્ય દર્શન અનેક દર્શનોનું ઉદ્દ્ગમ સ્ત્રોત રહ્યું છે, જ્ઞાનની અનંત ધારાઓ આમાંથી વિભિન્ન દિશાઓમાં પ્રવાહિત થઈ છે. આ ધારાઓમાં સૌથી ઉદાર ભાવધારા શંકરાચાર્યના અદ્વૈતવાદની વિચારધારા છે, કેમ કે તેમણે ઉપનિષદોના મંતવ્યને સર્વાંગપૂર્ણ તેમજ પરિષ્કૃત રૂપે પ્રગટ કર્યું છે. તેટલા માટે શંકરાચાર્ય દ્વારા કરવામાં આવેલી વ્યાખ્યા દ્વારા પ્રતિપાદિત દર્શનને મુખ્ય વેદાંત દર્શન કહીને ઓળખવામાં આવે છે.

ઉપનિષદ માનવને માનવતાના દિવ્ય પદથી અલંકૃત કરે છે, તેને દેવત્વ તરફ આરોહણ કરવા તથા બ્રહ્મની સાથે તાદાત્મ્ય પ્રાપ્ત કરવાની કૂંજી પ્રદાન કરે છે. આની સાથે જ તે પ્રકૃતિ અને જીવનનાં વિભિન્ન ગૂઢ રહસ્યોને સમજાવવા, ઉકેલવા અને તેમાં પૂર્ણતઃ સમન્વય-સંબંધ સ્થાપિત કરવામાં ઉદાર સહયોગ-સહાયતા પ્રદાન કરે છે. આ અનુસાર આ વિશ્વમાં બ્રહ્મ જ એકમાત્ર સત્તા છે અને તેના સિવાય બીજું કંઈ પણ નથી. પરબ્રહ્મના રૂપમાં એ જ અસીમ, અનંત, નિર્ગુણ અને નિર્વિશેષ સ્વરૂપ છે, જ્યારે અપરબ્રહ્મના રૂપમાં તે સગુણ, સવિશેષ, મૂર્ત અને સાકાર ઉપાસનાનો વિષય છે. બ્રહ્મ તટસ્થ ભાવથી આ જગતની રચના કરે છે અને અંતમાં તેને પોતાનામાં જ સમાહિત કરી લે છે. તે સત્, ચિત્, આનંદ, સચ્ચિદાનંદઘન સ્વરૂપ છે, જેને પામવાનો માનવદેહનો એકમાત્ર ઉદ્દેશ્ય તથા લક્ષ છે.

મનુષ્ય દેહમાં વિદ્યમાન, ચૈતન્યસ્વરૂપ આત્મા જ ઉપનિષદનો બ્રહ્મ છે. એટલા માટે આને અનુસાર આત્મા જ બ્રહ્મનો અંશાવતાર છે. ઉપનિષદ ઉદ્દ્ઘોષ કરે છે કે મનુષ્ય દેહ, ઈન્દ્રિય તથા મનનું સંધાણ માત્ર નથી, પરંતુ તે સુખ-દુઃખ, જન્મ-મરણથી પારનું દિવ્યસ્વરૂપ છે, આત્મસ્વરૂપ છે. આત્મભાવથી મનુષ્ય જગતનો દ્રષ્ટા પણ છે અને દશ્ય પણ. તે ઈશ્વરનો રાજકુમાર છે. જ્યાં જ્યાં ઈશ્વરની સૃષ્ટિના આલોકનો વિસ્તાર છે, ત્યાં ત્યાં તેની પણ પહોંચ છે પરમગતિ છે. તે પરમાત્માનો અંશીભૂત આત્મા છે. એ જ જીવનનો ચરમ-



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

પરમ પુરુષાર્થ છે. આ પરમ ભાવબોધનો ઉદ્‌ઘોષ કરવા માટે ઉપનિષદના ચાર મહામંત્ર છે. - તત્ત્વમસિ (તું એ જ છે.) અહં બ્રહ્માસ્મિ (હું બ્રહ્મ છું), પ્રજ્ઞાનં બ્રહ્મ (આત્મા જ બ્રહ્મ છે), સર્વમ્ ખિલવિદ્‌મ બ્રહ્મ (સર્વત્ર બ્રહ્મ જ છે.) ઉપનિષદનાં આ ચાર મહાવાક્ય માનવજાતિ માટે મહાપ્રાણ, મહૌષધિ તેમજ સંજીવની બુટી સમાન છે, જેને હૃદયંગમ કરી મનુષ્ય આત્મસ્થ બની શકે છે. દેહભાવથી ઉપર હંમેશાં આત્મભાવમાં આનંદપૂર્વક વિચરણ કરતો રહી શકે છે.

ઔપનિષદિક જ્ઞાન મનુષ્ય દેહને નાશવંત સમજીને સતત પરિવર્તનશીલ જણાવે છે. મનુષ્ય આત્મસ્વરૂપ છે, તેથી સંસારનાં સમસ્ત આકર્ષણ, સાધન, સંબંધ, બંધન ક્ષણિક તેમજ ભ્રમ છે. અજ્ઞાન જ તેને મોહપાશનાં પ્રબળ બંધનમાં બાંધે છે. જીવાત્મા આ બંધનોથી દૂર-પેલે પાર છે, તેનામાં અનંત ઊર્જા, અસીમ શક્તિ અને સામર્થ્ય તથા વિપુલ શાંતિ, પ્રેમ, જ્ઞાન અને આનંદનો પરમ પુંજ સમાહિત છે. ઉપનિષદોમાં આ જીવાત્માની ચાર અવસ્થાઓનું વર્ણન મળે છે. જાગ્રત અવસ્થામાં જીવાત્મા 'તેજસ' રૂપે ઓળખાય છે. તેમાં આ આંતરિક સૂક્ષ્મ વસ્તુઓને સમજીને તેનો બોધ કરે છે. સુષુપ્તિની અવસ્થામાં આને 'પ્રજ્ઞા' કહે છે. આ અવસ્થામાં તે શુદ્ધ ચિત્ત રૂપે બાહ્ય તેમજ આંતરિક વસ્તુઓથી દૂર પહોંચી જાય છે. તુરીયાવસ્થામાં જીવાત્માને જ 'આત્મા' કહેવામાં આવે છે. અને આ જ બ્રહ્મ છે. ઉપનિષદોમાં આને ઉપલબ્ધ કરવાનાં વિશદ સાધના-વિધાનનો ઉલ્લેખ મળે છે.

ઉપનિષદ અનુસાર પ્રત્યેક આત્મા નિર્વિવાદ રૂપે બ્રહ્મ સાથે સાયુજ્ય સંબંધ સ્થાપિત કરી શકે છે. આને માટે ઉપનિષદમાં શ્રવણ, મનન અને નિદિધ્યાસનરૂપી ત્રણ ચરણોનો ઉલ્લેખ મળે છે. મોક્ષની કામના કરનારા ગુરુ, ગ્રંથો તથા મહાપુરુષો પાસેથી હંમેશાં બ્રહ્મના વિષયમાં વારંવાર શ્રવણ કરે, આ વિષયમાં શ્રદ્ધાપૂર્વક મનન-ચિંતન કરે, કેમ કે આ બ્રહ્મ જ એકમાત્ર મનનીય અને ચિંતનીય છે. નિદિધ્યાસન ધ્યાનનો પર્યાય છે. આ અવસ્થામાં સાધક ગુરુ દ્વારા જ્ઞાન તથા સાધનામાં લીન થઈ જાય. તે સંકલ્પપૂર્વક પોતાની સમસ્ત દુર્બળતાઓનો ત્યાગ કરીને સંયમ દ્વારા સાધનાના પથ ઉપર આરૂઢ થવું જોઈએ. આ જ ઉપનિષદનું પાવન તેમજ દિવ્ય જ્ઞાન છે, જેને અપનાવીને આપણે આંતરિક વિકાસની સાથેસાથે નૈતિકતા તથા ઉચ્ચ માનવીય મૂલ્યોનું પણ સંવર્ધન કરી શકીએ છીએ. આ જ કારણે શોપનહોવરે પોતાની ભાવભરી અભિવ્યક્તિમાં સ્પષ્ટ કર્યું છે કે ઉપનિષદ પવિત્ર અને ઉચ્ચ વિચારો દ્વારા પ્રાપ્ય છે, સત્યની જિજ્ઞાસાથી ઓતપ્રોત છે. સંપૂર્ણ વિશ્વમાં ઉપનિષદો સમાન કલ્યાણકારી તેમજ શ્રેયસ્કર અન્ય કોઈપણ વિદ્યા નથી. આને અપનાવીને માનવ બ્રહ્મનો સાક્ષાત્કાર કરી શકે છે. ■

*વિદુરજીએ જ્યારે જોયું કે ધૃતરાષ્ટ્ર અને દુર્યોધન અનીતિ કરવાનું છોડતા નથી ત્યારે તેમણે વિચાર્યું કે તેમનું સાંનિધ્ય અને તેમનું અન્ન મારી વૃત્તિઓને પણ પ્રભાવિત કરશે. એટલે તેઓ નગરની બહાર વનમાં કુટિર બનાવીને પોતાની પત્ની સુલભા સાથે રહેવા લાગ્યા. જંગલમાંથી ભાજી તોડી લાવતા, બાફીને ખાઈ લેતા અને સત્કાર્યોમાં, પ્રભુસ્મરણમાં સમય પસાર કરતા.*

*શ્રીકૃષ્ણ જ્યારે સંધિદૂત બનીને ગયા અને વિષ્ટિ નિષ્ફળ ગઈ તો તેઓ ધૃતરાષ્ટ્ર, દ્રોણાચાર્ય વગેરે સૌનાં આમંત્રણનો અસ્વીકાર કરીને વિદુરજીને ત્યાં જઈ પહોંચ્યા. ત્યાં ભોજન કરવાની ઈચ્છા વ્યક્ત કરી.*

*વિદુરજીને સંકોચ થયો કે પ્રભુને શાક પીરસવું પડશે. પૂછ્યું, "આપ ભૂખ્યા હતા, ભોજનનો સમય પણ હતો અને એ લોકોનો આગ્રહ પણ હતો, તો પછી આપે ત્યાં ભોજન કેમ ન કર્યું?"*

*ભગવાન બોલ્યા, "ચાચાજી! જે ભોજન કરવાનું આપને યોગ્ય ન લાગ્યું, જે આપના ગળે ન ઊતર્યું, તે મને પણ કેવી રીતે ભાવે? જેમાં તમને સ્વાદ મળ્યો, એમાં મને સ્વાદ નહિ મળે એવું આપ કેવી રીતે વિચારો છો?"*

*વિદુરજી ભાવવિહ્વળ થઈ ગયા. પ્રભુના સ્મરણ માત્રથી જ્યારે આપણને પદાર્થ નહિ, સંસ્કાર પ્રિય લાગવા માંડે છે, તો સ્વયં પ્રભુની ભૂખ પદાર્થોથી કેવી રીતે સંતોષાઈ શકે? એમને તો ભાવના જોઈએ. તેની તો વિદુર દંપતી પાસે ક્યાં કમી હતી?! ભાજીના માધ્યમથી એ જ દિવ્ય આદાન-પ્રદાન ચાલ્યું. બન્ને ધન્ય થઈ ગયાં.*


Disclaimer / Warning: All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# ધ્યાનં નિર્વિષયં મનઃ

ધ્યાનમાં સફળતા કઈ રીતે મળે તે સવાલે તેમને ખૂબ મૂંઝવણમાં મૂકી દીધા હતા. કેટલાય મહિનાઓથી તે પોતાની આ મુશ્કેલીનો જવાબ શોધવાનો પ્રયત્ન કરી રહ્યા હતા, પરંતુ સાર્થક સમાધાનનો કોઈ અંત તેમને નજરે પડતો ન હતો. પોતાના પ્રશ્નકંટકની શૂળનો ઉહંકારો શાંતિથી બેસવા પણ દેતો ન હતો. જો કે તે સિવાય તેમને અન્ય કોઈ મુશ્કેલી પણ ન હતી. ઉત્તમ સ્વાસ્થ્ય, ઉજ્જવળ કીર્તિ, ધનનો અમાપ ભંડાર, બધું જ તેમની પાસે હતું. દૂર દૂર સુધી તેમનો પોતાનો કારોબાર ફેલાયેલો હતો. તેમનાં પોતાનાં વહાણો સમુદ્ર પાર જઈને તેમના આર્થિક સામ્રાજ્યનો વિસ્તાર કરતાં રહેતાં હતાં. તેમની હૂંડીઓ અને હસ્તાક્ષરોનું ફક્ત દેશમાં જ નહીં, વિદેશમાં પણ સમ્માન હતું.

સ્વયં સમ્રાટ હર્ષવર્ધન તેમને પોતાના સગાભાઈ જેવું સમ્માન આપતા હતા. જાવા, સુમાત્રા જેવા દેશોના રાજકુટુંબના સભ્યોમાં પણ તેમને માન મળતું હતું. ગરીબો તથા અસહાય માનવીઓમાં તેમનું નામ કોઈ દેવતાના નામ જેવું હતું, પરંતુ તેમની પોતાની સ્થિતિ ચંપક પુષ્પોના વન-વિહાર કરવા માટે વિવશ કરવામાં આવેલ ભમરા જેવી હતી. શ્રેષ્ઠી વિશાખદત્ત, મહાશ્રેષ્ઠી વિશાખદત્ત, નગરશ્રેષ્ઠી વિશાખદત્ત. આ બધાં જ સંબોધનો તેમને ખૂંચતાં હતાં. તેમની પોતાની ઈચ્છા તો બસ સાધક વિશાખદત્ત થવાની જ હતી, પરંતુ ધ્યાનની ક્ષણોમાં કોને ખબર કેમ તેમની ચંચળતા પોરો નહોતી લેતી.

તેમની આ મૂંઝવણની જાણ પરિવારના સદસ્યો અને કર્મચારીઓને પણ થઈ ચૂકી હતી. દરેક જણ ઈચ્છતું હતું કે શ્રેષ્ઠીને તેમના જીવનનો માર્ગ મળે, પરંતુ કશું કરી શકવાને અસમર્થ હતા. એક દિવસ એક કર્મચારીને સફળતાનું એક નાનું સરખું કિરણ ચમકતું નજરે પડયું. આ ચમક એ સમાચારની હતી. વીતરાગ સંત આશુતોષ મહારાજ કાન્યકુબ્જ (કન્નોજ/કનીજ) આવવાના ખબર આપી રહ્યા હતા. આશુતોષ મહારાજ શ્રદ્ધા, તપ, યોગ, ભક્તિ તથા નિષ્કામ કર્મનું મૂર્તિમાન રૂપ હતા. જનશ્રદ્ધા તેમના પ્રત્યે ઉત્સુક થઈ પ્રવાહિત થતી હતી. પરંતુ તેઓ સ્વયં જન-ગણને સીય-રામમય માનીને લોકકલ્યાણમાં નિરત રહેતા હતા. વર્ષો પછી તેમના આગમનના સમાચારે કાન્યકુબ્જ નગરમાં પવિત્ર ભાવનાઓનો જુવાળ ઊભો કરી દીધો. શ્રેષ્ઠી વિશાખદત્તે પણ તેમની પાસે જઈને દંડવત્ કરતાં પોતાના ઘરે પધારવાનું નિમંત્રણ આપ્યું.

પરમ સરળ આશુતોષ મહારાજ નિયત સમયે શ્રેષ્ઠીના નિવાસે જઈ પહોંચ્યા. ભોજન વગેરે પતાવીને વિશાખદત્તે તેઓને વિનમ્ર સ્વરોમાં પોતાની મૂંઝવણ સંભળાવી તેમનું પ્રયત્નો છતાં પણ ધ્યાન લાગતું નથી. ભલેને ગમે તેટલો સમય આંખો બંધ કરીને બેઠો રહું, પરંતુ કયાંય પ્રભુની ઝલક મળતી નથી. મનમાં હંમેશાં ઉપદ્રવ રહ્યા કરે છે. સમજાતું નથી કે આ ઉપદ્રવમાંથી છુટકારો કેવી રીતે મેળવું !

શ્રેષ્ઠીની વાતો સાંભળીને આશુતોષ મહારાજ વગર બોલ્યે ઊઠ્યા અને શ્રેષ્ઠીનો હાથ પકડીને ભવનની બારી પાસે લઈ ગયા. તેની અંદર સ્વચ્છ પારદર્શી કાચ લાગેલા હતા. આ બારીમાંથી વૃક્ષ, પક્ષી, વાદળાં, સૂર્ય બધું જ ચોખ્ખું નજરે પડતું હતું. મનમોહક દૃશ્ય જોયા-બતાવ્યા પછી તેઓ એક બીજી બારી પાસે આવીને ઊભા રહ્યા. તેમાં ઘણી જ કલાત્મક રીતે કોતરેલી ચાંદીની પાતળી ચમકતી વરખ લગાડેલી હતી. અહીં ઊભાં રહીને આશુતોષ મહારાજ બોલ્યા, "વત્સ વિશાખદત્ત ! ચાંદીના ચમકતા વરખ અને કાચમાં કોઈ ફરક નજરે પડે છે ?"

વિશાખદત્ત બોલ્યા, "મહારાજ ! આ ચમકતા વરખમાં પોતાનાં દર્શન સિવાય બીજું કશું જ નજરે પડતું નથી. બહારની દુનિયા તો એકદમ જ નજરમાંથી ગાયબ થઈ ગઈ. આશુતોષ મહારાજ હસતાં હસતાં બોલ્યાં, "જે ચમકતા વરખના કારણે તમને ફક્ત તમારું મુખારવિંદ જ દેખાઈ રહ્યું છે, તે જ તમારા મનની ચારે તરફ પણ છે, એટલા માટે તમારા ધ્યાનમાં તમે જ્યાં પણ જુવો છો, ફક્ત તમારા મનને જ જુવો છો. જ્યાં સુધી તમારા મન ઉપર વિષય-વાસનાનો વરખ ચોંટેલો છે, ત્યાં સુધી પરમાત્મા તમારે માટે અશક્ય છે.

થોડી રાહ જોઈને આશુતોષ મહારાજે શ્રેષ્ઠીની તરફ ગંભીર દૃષ્ટિએ જોઈને કહ્યું, "વત્સ ! મહર્ષિ પતંજલિનું આપ્તવચન છે, "ધ્યાનં નિર્વિષયં મનઃ" - ધ્યાન તો મનની વિષય વાસના દૂર થયે જ થાય છે. પહેલાં તો તમે વિષય-વાસનારૂપી ચાંદીના વરખની સામેથી ખસો તો ખરા અને પછી કાચ જેવા પારદર્શી અને સ્વચ્છ મન વડે પ્રભુનું ધ્યાન કરો. તમને અવશ્ય તેમની અનુભૂતિ થશે."



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# મિત્રો અને સહયોગીઓની સંખ્યા વધારો....

સારી અને ખરાબ પ્રવૃત્તિઓ દરેકમાં હોય છે અને તે પોતાને અનુકૂળ પ્રસંગોએ તડકા-છાંયડાઓની જેમ સંતાકૂકડીની રમત રમતી રહે છે. દુર્જનોના દુર્વ્યવહારથી ખિન્ન થઈને સજ્જનતાનો પ્રસુપ્ત ક્રોધ પણ એક હદે જાગૃત થઈ જાય છે. આનાથી વિપરીત સજ્જનોના સંપર્કમાં આવીને ક્રોધી અને દુર્ગુણી પણ અપેક્ષાકૃત નમ્ર થઈ જાય છે. આનું તાત્પર્ય એ છે કે દરેક વ્યક્તિની અંદર સારાં અને ખરાબ તત્ત્વો મોજૂદ હોય છે. અવસર પામતાં જ તેઓ વધે ઘટે છે. જો આપણું વ્યક્તિત્વ સજ્જનતા સંપન્ન હશે તો સામેની વ્યક્તિમાં જે થોડાઘણા અંશ સજ્જનતાના હશે તે બહાર આવશે. જો આપણામાં દુર્ગુણતા વધી હશે, તો સામેના સજ્જનમાં પણ અવગુણો જણાશે. આવી રીતે આપણી સ્થિતિને અનુરૂપ બીજામાં સારા-ખરાબ ગુણ જાગૃત થવાનું અને તેમના દ્વારા આપણને પ્રસન્નતા અથવા ખિન્નતાનો અવસર મળવાનું સ્વાભાવિક જ હશે.

આપણે આપણને પોતાને જે પ્રકૃતિના બનાવી લઈએ છીએ, તેને અનુરૂપ જ આપણા મિત્રોની સંખ્યા વધે છે. સજ્જનોને મળવામાં સુખ, સહયોગની પ્રતિક્રિયા મળે અને દુર્જનોનો મેળાવડો થઈ જવાથી કલેશ, દ્વેષની ઘટનાઓ બનવા લાગે છે. જો શાંતિ અને પ્રસન્નતા ઉત્પન્ન કરનારા સજ્જનોની મૈત્રી અભીષ્ટ છે, તો તેનો ઉપાય એક જ છે, પોતાની અંદરની શ્રેષ્ઠતાને દિવસે-દિવસે વધારતાં જવી. આ દિશામાં જેટલી ઝડપ હશે, એટલો જ પોતાનો સંપર્ક સમુદાય સ્વર્ગીય પરિસ્થિતિઓ પ્રસ્તુત કરવા લાગશે.

સજ્જનોને જ દેવતા કહે છે, દેવતાઓનું નિવાસસ્થાન સ્વર્ગ કહેવાય છે. જ્યાં દુષ્ટ-દુર્જન ભેગા રહે છે, ત્યાં નરકની સ્થિતિ ઉત્પન્ન થઈ જાય છે. મનુષ્ય જીવતો હોય કે મરેલો-પોતાની સજ્જનતા અને દુર્જનતા અનુસાર પોતાનું સ્વર્ગ-નરક હંમેશાં પોતાની સાથે લઈ-લઈને ફરે છે. અન્ય કોઈ તેને આને માટે વિવશ કરી શક્તું નથી. પોતાનું આંતરિક સ્તર જ સ્વર્ગ-નરકના રૂપમાં ફલિત અને પરિણત થતું રહે છે.

આપણે સ્વર્ગ ઈચ્છીએ છીએ, પરંતુ આપણી પ્રવૃત્તિઓને ઉત્કૃષ્ટ બનાવતા નથી, આપણે નરકથી બચવા ઈચ્છીએ છીએ, પરંતુ દુષ્પ્રવૃત્તિઓને છોડવા માંગતા નથી, એ કેવી આશ્ચર્યની વાત છે ! આ વિસંગતિઓથી કામ ચાલવાનું નથી. જે અભીષ્ટ છે તેને અનુરૂપ જ તૈયારી કરવી જોઈએ. શાંતિ અને પ્રગતિની પ્રાપ્તિ માટે સજ્જનોચિત ગુણ, કર્મ, સ્વભાવ બનાવવાં જરૂરી છે. લોટ વગર રોટલી કેવી રીતે બનશે ? પેન વગર લખવાનું કઈ રીતે સંભવ બનશે ? સારા ગુણોની અધિકતા વગર ન તો સજ્જનો સાથે આપણો-સ્નેહ સંબંધ વધશે, ન તો તેમની સજ્જનતાનો લાભ મળી શકશે. આવી દશામાં સજ્જનોના સ્નેહ સંબંધો દ્વારા જ પ્રાપ્ત થનારી સુખદ અનુભૂતિઓથી વંચિત જ રહેવું પડશે.

મનુષ્ય સમાજનું નિર્માણ જ એવા પ્રકારે થયું છે કે

> ***ફળ મનુષ્યના કર્મને આધીન છે અને બુદ્ધિ કર્મ અનુસાર આગળ વધનારી છે, છતાં પણ વિદ્વાન અને સજ્જન વ્યક્તિ સારી રીતે વિચાર કરીને જ કોઈ કાર્ય કરે છે.***

તેમાં પરસ્પર હળી-મળીને રહેવા તથા સદ્ભાવોની સ્થિરતાના કારણે જ યોગ્ય પ્રકારે જીવન ક્રમ ચાલતો રહેવાનું શક્ય બન્યું છે. જેના જેટલા પ્રેમી, મિત્ર, સ્વજન અને સહયોગી હશે, તે તેટલો જ પ્રસન્ન રહેશે અને તેટલી જ પ્રગતિ કરી શકશે. જે શત્રુઓથી ઘેરાયેલો છે, જેને ચારે બાજુથી નિંદા, ઉપેક્ષા તેમજ તિરસ્કાર જ પ્રાપ્ત થઈ રહ્યા છે, તેને માટે કોઈ મહત્ત્વપૂર્ણ પ્રગતિ કરી શકવાનું સંભવ નથી, ભલેને તે ગમે તેટલો બુદ્ધિશાળી કેમ ન હોય ? આનાથી વિપરીત ઓછી યોગ્યતા ધરાવતી વ્યક્તિ પણ મિત્રો અને સહયોગીઓની સહાયતા, સદ્ભાવનાના બળ ઉપર ઉન્નતિનાં ઉચ્ચ શિખર સુધી પહોંચેલી જોવા મળે છે.

પારસ્પરિક સહયોગથી માનવજીવનને પ્રગતિશીલ બનાવવાની અત્યધિક આવશ્યકતા છે. લોકો ઈચ્છે પણ છે કે તેમના મિત્રો, પ્રશંસકો અને સહયોગીઓની સંખ્યા વધે, પરંતુ એ ભૂલી જાય છે કે આનો મૂળ આધાર શો છે ? કયા



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

ઉપાયોથી આપણે અન્યનો સ્નેહ,સહયોગ પ્રાપ્ત કરી શકીશું ? તેની તરફ ધ્યાન ન આપવાથી અભીષ્ટ ઉદ્દેશ્ય પૂર્ણ થઈ નહીં શકે. મનુષ્યને મિત્ર-રહિત, તિરસ્કૃત, ઉપેક્ષિત તેમજ એકાકી જીવન જીવવા માટે વિવશ થવું પડે છે.

પોતાના સ્વભાવમાં મધુરતા, શિષ્ટતા, પ્રેમ, ઉદારતા તેમજ આત્મીયતાની સમુચિત માત્રા રાખવાથી તેનો પ્રભાવ બીજા ઉપર પડે છે. આ ચુંબકત્વથી પ્રભાવિત થઈને તે અનાયાસે જ સૌજન્યપૂર્ણ વ્યવહાર કરવા લાગે છે. બીજાઓનું સમ્માન કરવાના બદલામાં આપણને પોતાને સમ્માન મળે છે. જે અન્ય સાથે ઉદારતા અને ભલમનસાઈનો વ્યવહાર કરશે, તેને તેવો જ પ્રત્યુત્તર પણ મળશે. આ સંસાર પાકા કૂવામાં મોં રાખીને બોલવામાં આવેલી વાણીની જેમ પ્રતિધ્વનિ ઉત્પન્ન કરે છે. પોતાના વ્યવહાર જેવી જ બીજાઓની પ્રતિક્રિયા ઉપલબ્ધ થાય છે, ક્રોધી, અનુદાર, સંકીર્ણ, સ્વાર્થી અને તુચ્છ સ્વભાવનાં મનુષ્ય શત્રુઓ અને નિંદકોથી જ ઘેરાયેલા રહે છે, તેમને દરેક જગ્યાએ અસહયોગ અને દુર્વ્યવહારનો જ શિકાર થવું પડે છે.

અન્યની ફરિયાદ કરતાં પહેલાં અને ઊણપો શોધતાં પહેલાં આપણે આપણી તરફ જોવું જોઈએ અને એ વિચાર કરવો જોઈએ કે આપણને વાત-વાતમાં ગુસ્સો તો નથી આવતો. અધીરતા અને ક્ષુદ્રતાએ આપણને ઘેરી તો લીધા નથી ને ? સ્વાર્થ અને સંકુચિતતાનું પ્રમાણ એટલું તો વધી નથી ગયું કે અન્યને અકળાવનારી સ્થિતિનો અનુભવ થવા લાગે. અસંસ્કારી વર્તન અને અન્યની ઉપેક્ષા કરનાર વ્યક્તિએ એવી આશા શા માટે કરવી જોઈએ કે અન્ય વ્યક્તિ તેની ઉપર વ્યર્થ કૃપા કરે અને અકારણ જ તેનો સહયોગ કરવા લાગે ?

બીજાઓ પાસેથી મોટી મોટી આશાઓ કરતાં પહેલાં આપણે આપણી વર્તણૂકમાં એવું પરિવર્તન કરવું પડશે કે બીજા આપણને પોતાના સહયોગી, પ્રેમી અને મિત્ર અનુભવી શકે. જ્યારે આપણે આપણાં સ્વભાવમાં ઘર કરી ગયેલી બુરાઈઓને શોધીને તેને દૂર કરવા માટે સાચા મનથી પ્રયત્ન કરવા લાગી જઈએ ત્યારે જ સંભવ છે. આપણો સુધાર થવાથી અન્યનો સુધરેલો વ્યવહાર આપણને અનાયાસે જ મળવા લાગશે. મિત્રોનો સહયોગ સદ્‌ગુણો પર નિર્ભર રહે છે. તુંડમિજાજ, અસ્થિર ચિત્ત અને ધૂની જેવાઓ એક એક કરીને મિત્ર અને સહયોગીઓથી વંચિત થતા જાય છે અને છેવટે તેમનું જીવન અભાવો અને મુશ્કેલીઓથી ઘેરાઈને પતનની ખાઈમાં ધકેલાતું જાય છે. આ પરિસ્થિતિ આપણા જીવનમાં ન આવે તે માટે પહેલેથી જ સતર્કતા રાખવી જોઈએ અને પોતાના સ્વભાવને અધિકાધિક પરિષ્કૃત બનાવવા માટે પ્રયત્નશીલ રહેવું જોઈએ.

*આત્મસમ્માન પ્રાપ્ત કરવાનો અને સુરક્ષિત રાખવાનો એક જ માર્ગ છે, તે એ છે કે ઈમાનદારીને જીવનની સર્વોપરી નીતિ બનાવી લેવામાં આવે. તમે જે કંઈ પણ કામ કરો, તેમાં સચ્ચાઈની પર્યાપ્ત માત્રા હોવી જોઈએ. લોકોને જેવો વિશ્વાસ જગાવો છો, એ વિશ્વાસનું રક્ષણ કરો. વિશ્વાસઘાત, દગાબાજી, બોલેલું ફરી જવું, કહેવું કંઈક, કરવું કંઈક એ માનવતાનો સૌથી મોટો ગુનો છે. આજકાલ વચન આપી ફરી જવું એક ફેશન થઈ રહી છે, પરંતુ ખરેખર તો પોતાના વચનનું પાલન ન કરવું, જે વિશ્વાસ ઊભો કરવામાં આવ્યો છે, તેને પૂરો ન કરવો એ ઘણું જ ભયાનક, આત્મઘાતી સામાજિક પાપ છે. ધર્મ આચરણની અ,આ,ઈ,ઈ વચન પાલનથી શરૂ થાય છે. આ પ્રથમ સીડી છે, જેના ઉપર પગ મૂકીને જે કાંઈ મનુષ્ય ધર્મ તરફ, આધ્યાત્મિકતા તરફ વધી શકે છે.*


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

સૃષ્ટિ-વ્યવસ્થા

# પ્રભુ ! જડ-ચેતનમાં, રોમ-રોમમાં શાંતિ આપો

સંસારના કોલાહલપૂર્ણ તથા અશાંત વાતાવરણમાં એક ચેષ્ટા એ જણાય છે કે પ્રત્યેક વ્યક્તિ શાંતિ પામવા માટે વ્યાકુળ છે, બધા જ પ્રયત્ન-પુરુષાર્થ એટલા જ માટે કરવામાં આવી રહ્યા છે. આ એ વાતનું પ્રમાણ છે કે શાંતિ શાશ્વત છે, અશાંતિ બાહ્ય હલચલોની પ્રતિક્રિયા માત્ર છે. શાંતિનો ભાવ માનવના અંતઃકરણમાં બીજ રૂપે વિદ્યમાન છે. અનંત કોલાહલના મર્મસ્થલમાંથી એક મંત્ર ધ્વનિત થઈ રહ્યો છે, "શાંતિઃ-શાંતિઃ" શાંતિ એ પ્રેરક શક્તિ છે, જે શાંત સ્વરૂપમાં સમસ્ત જડ-ચેતનમાં બિરાજમાન છે. મનુષ્યના અંતરાત્મામાં સ્થિર રહીને એ જ સત્તા આપણા અસ્તિત્વને પ્રેરણા આપતી રહે છે.

એ શાંતસ્વરૂપ પરમાત્માનાં દર્શન પોતાના જ અંતઃકરણમાં કઈ રીતે કરવામાં આવે, તેનો એક જ જવાબ છે - અનંત શાંતિનો અનુભવ શાંત મનઃસ્થિતિ દ્વારા જ કરી શકાય છે. આંતરિક ચંચળતાનો કોલાહલ આપણને આપણા અંતરાત્માથી દૂર રાખે છે. આપણી પ્રવૃત્તિઓ અનેક દિશાઓમાં દોડતી શક્તિઓને છિન્ન-ભિન્ન કરી નાંખે છે. બાહ્ય ભાગ - દોડના અસંયમિત કારણોથી મન સદા અશાંત બની રહે છે. મનની વ્યગ્રતાના કારણે જેનાથી વૃત્તિઓને અંતર્મુખી કરીને એ શાંતસ્વરૂપ આત્માનાં દર્શન કરી શકાય એ એકાગ્રતા આવી શકતી નથી.

સામાન્ય રીતે લોકો જીવનના હ્રાસ અને શક્તિના અભાવને શાંતિ સમજી લે છે, પરંતુ જીવનવિહીન શાંતિ તો મૃત્યુ છે. શક્તિહીન શાંતિ તો જડતાનો પરિચય કરાવનારી છે. ગતિ તથા ક્રિયાથી રહિત અચેત હોવું એ શાંતિ નથી. શાંતિ તો એક સુસંતુલિત મનઃસ્થિતિ છે, જે મેળવીને મનુષ્ય સાંસારિક કોલાહલ તેમજ આપત્તિઓમાં પણ અનાસક્ત બની રહે છે. જીવનની સંપૂર્ણ શક્તિના સ્વરૂપમાં જે રહેલું છે, તે જ શાંતિ છે. જે સૃષ્ટિના સૌંદર્યને પ્રકાશિત તથા પ્રમાણિત કરવા માટે સચેષ્ટ છે, તે શાંતિ છે.

આને એક સામાન્ય ઉદાહરણ દ્વારા સમજી શકાય છે. વિશાળકાય રેલ એન્જિન ચાલે છે, તેનાં પૈડાં ફરે છે, પરંતુ એન્જિન પોતે ચલાવનાર નથી, પરંતુ ચલાવનાર એ છે જે એન્જિનમાં બેસી તેને ગતિ આપી રહ્યો છે. ગતિશીલ સંસારની અંદર અદશ્યરૂપે રહેલી ચેતના શાંતસ્વરૂપ છે. રેલના ડબ્બામાં બેઠેલા યાત્રી તેની તીવ્ર ગતિથી ભયભીત થતા નથી. તેઓ જાણે છે કે એન્જિનને ચલાવવા તેમજ નિયંત્રિત કરવા માટે બુદ્ધિમાન ડ્રાઈવર બેઠો છે. આ અભયની ભાવના ત્યારે જ બને છે, જ્યારે યાત્રી એ વાતથી વાકેફ હોય છે કે રેલની ભયાનક ગતિ અનિયંત્રિત નથી.

વિશાળ કારખાનામાં જો કોઈ અજાણી વ્યક્તિ પહોંચે તો એવું સમજશે કે અહીં કોઈ દાનવીય કાંડ થઈ રહ્યો છે. ચક્રોનો તીવ્ર ધ્વનિ, મશીનનો ગડગડાટ તેના મનને વિક્ષુબ્ધ બનાવી દેશે, પરંતુ જયારે એને ખબર પડે છે કે તેને નિયંત્રિત-સંચાલિત કરનારી કોઈ વિશિષ્ટ વ્યક્તિ હાજર છે, ત્યારે તે ભયરહિત થઈને શાંતિનો અનુભવ કરશે. કારખાનાના કોલાહલ તથા ગતિમાં, પરિણામની સાર્થકતામાં તેને શાંતિની પ્રતીતિ થશે.

> ***પોતાને માટે ઉચ્ચ ભાવના રાખો. નાનામાં નાના કામને પણ મહાન ભાવનાથી કરો. મોટામાં મોટી આપત્તિમાં પણ નિરાશ ન થાઓ. આત્મવિશ્વાસ અને આશાનું અજવાળું લઈને આગળ વધો. જીવન તરફ અખંડ નિષ્ઠા રાખો અને પછી જુઓ કે આપ એક સ્વસ્થ, સુંદર, સફળ તથા દીર્ઘજીવનના અધિકારી બનો છો કે નહીં.***

જગતનો પ્રચંડ શક્તિ વેગ એક વિભીષિકાના રૂપમાં માનવ-મનને ખળભળાવી રહ્યો છે. રેલના ગડગડાટ તથા કારખાનાના ભયંકર ધ્વનિ સમાન સૃષ્ટિની આવેગજન્ય ક્રિયા-પ્રતિક્રિયાઓ દ્વારા મનુષ્ય વિક્ષુબ્ધ બન્યો છે, સામાન્ય પ્રાકૃતિક આઘાતોથી ભયભીત થઈ જાય છે. આનું મુખ્ય કારણ છે - અંતર્દષ્ટિનો અભાવ, મનની ઉદ્વિગ્નતા, જે તેને જગતની મધ્યમાં વિદ્યમાન શાંત સત્તાના દિગ્દર્શનથી વંચિત રાખે છે, પરિણામે જીવનપર્યંત મનુષ્ય સાંસારિક અભાવો, આઘાતોથી ભયભીત થઈને વિક્ષુબ્ધ બની રહે છે. પોતાના અજ્ઞાનને કારણે એ દિવ્ય સત્તાનો અનુભવ કરી શક્તો નથી, જે નિર્લિપ્ત ભાવથી બેસીને સંસારને ગતિ પ્રદાન કરી રહી છે.

તે પ્રકૃતિને ચેતના દ્વારા, પ્રાણ અને સૌંદર્યથી ભરપૂર બનાવીને મંગલમય બનાવી રહી છે, સૃષ્ટિના શક્તિના વેગને પણ એક કલ્યાણકારી લક્ષ તરફ લઈ જઈ રહી છે, ધાત્રી(માતા)ની જેમ અનાદિકાળથી જગતની રક્ષા કરી રહી



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

છે, સમસ્ત ગ્રહ-નક્ષત્રોને, જડ પદાર્થોને પરસ્પર બાંધીને સુવ્યવસ્થિત રીતે સંચાલિત કરી રહી છે, ચેતન પ્રાણીઓનું પાલનપોષણ કરી રહી છે, અનેક સ્વરૂપોમાં તે પાલનશક્તિના રૂપમાં જગતમાં વિચરણ કરી રહી છે. જીવન એનું એક સ્વરૂપ છે તો મૃત્યુ બીજું. સુખ-દુઃખ, લાભ-નુકસાન તેનાં જ વિભિન્ન રૂપ છે. જીવન વ્યાપારની સમસ્ત ગતિવિધિઓમાં કલ્યાણકારી ભાવમાં શાંતિ રૂપમાં બિરાજમાન છે. જો આવું ન હોત તો આજે સંસારમાં જે સૌંદર્ય, આકર્ષણ જણાઈ રહ્યાં છે, તે આઘાતોના કારણે લુપ્ત થઈ ગયાં હોત. માનવ-માનવ અને અન્યાન્ય પ્રાણીઓની વચ્ચે જે સંબંધ-બંધન આકર્ષિત થઈ રહ્યાં છે, તે સમાપ્ત થઈ જાત. તે શાંતસ્વરૂપ કલ્યાણકારી પરમાત્મા થઈ જાત. તે શાંતસ્વરૂપ કલ્યાણકારી પરમાત્મા જ સમસ્ત સંસારની રક્ષા કરી રહ્યા છે.

મનની ચંચળતા જ તે શાંતસ્વરૂપની-જે અંતરાત્મામાં બેસી પોતાનો ભાવ મોકલતો રહે છે તેના સાંનિધ્ય-લાભથી વંચિત રાખે છે. બાહ્ય સંસારમાં મન શાંતિની શોધમાં ભટકતું રહે છે. કયારેક તેને વસ્તુઓના આકર્ષણમાં શોધે છે તો કયારેક વ્યક્તિઓમાં. આકર્ષણનાં આ બંધન તેને વધારે જકડીને અશાંત બનાવે છે. વસ્તુઓ, વ્યક્તિઓ, સાથે જોડાઈને મનુષ્ય પોતાના આંતરિક સ્રોતથી દૂર થતો જાય છે. સંપૂર્ણ જીવન મનની દોડા-દોડી ચાલતી રહે અને માનવીને વ્યગ્ર બનાવતી રહે. ભાગ-દોડનું પરિણામ એ આવે છે કે મનુષ્યની શક્તિ ક્ષીણ થઈ જાય છે. શાંતિ પ્રાપ્ત કરવાના અવિવેકપૂર્ણ પ્રયત્નોના પરિણામરૂપે અશાંતિ સામે આવે છે. થાકેલી ઈન્દ્રિયો અચેતન જીવનની બાહ્ય સ્થિરતાને શાંતિનું સ્વરૂપ માની લેવાની ભૂલ કરે છે. શક્તિનો હ્રાસ થવાથી મનની ચંચળતા યથાવત્ રહે છે, પરિણામે મનુષ્ય પોતાના જીવનના અંતિમ દિવસોમાં પ્રમાણમાં વધારે વ્યગ્ર જણાય છે તથા અંતરાત્માના અમૃતપાનથી હંમેશાં વંચિત રહે છે.

અંતરાત્માના શાંત સ્વરૂપનું દર્શન શાંત મનઃસ્થિતિ દ્વારા કરવું સંભવ છે. આને માટે મનને નિયોજિત કરવું અતિ આવશ્યક છે. અસંયમિત મન હંમેશાં ચલાયમાન રહે છે. શાસ્ત્રકાર આ જ કારણે મનને નિર્ગૃહીત કરવાનો નિર્દેશ આપતાં કહે છે - મનઃ એવ મનુષ્યાણાં કારણં બન્ધમોક્ષયોઃ ॥

મન બંધન અને મુક્તિનું કારણ છે. બાહ્ય આકર્ષણોમાં આબદ્ધ મનના કારણે જ અશાંતિ છવાયેલી રહે છે. અશાંતિ દૂર કરવાની તથા શાંતિ પ્રાપ્ત કરવાની ઈચ્છા તો દરેકને હોય છે, પરંતુ આપણો પ્રયત્ન બહિર્મુખી હોય છે. જડ વસ્તુઓનાં ક્ષણિક આકર્ષણોમાં શાંતિ પામવી સર્વથા અસંભવ છે. આંતરિક ભાવ-પ્રેરણાને સમજી શકાય તથા મનની ઘોડદોડને અંતર્મુખી બનાવવામાં આવે તો સ્પષ્ટ થશે કે કેવળ આપણા અંતરાત્મામાં જ નહિ, પરંતુ સૃષ્ટિમાં શાંતસ્વરૂપ પરમાત્મા વિદ્યમાન છે. બાહ્ય કોલાહલ અને સુખ-દુઃખ તો પરિવર્તનશીલ તરંગો છે. તે તરંગોના પ્રેરણાસ્રોત તો આ હલચલોના પ્રભાવથી રહિત કલ્યાણકારી પરમાત્મા છે, જે નિર્લિપ્ત ભાવથી સંપૂર્ણ ચરાચરમાં શાંતરૂપથી સ્થિત છે. માનવીય કાયામાં અંતરાત્માના રૂપમાં તે જ બિરાજમાન થઈને પોતાના દિવ્ય ગુણોનો આભાસ પ્રેરણાઓના રૂપમાં કરાવતો રહે છે. તે પ્રેરણાઓને સમજી શકાય તથા પોતાની ચેષ્ટાઓને અંતર્મુખી બનાવી શકાય તો પ્રાપ્તિ માટે મન હંમેશાં વ્યગ્ર બન્યું રહે છે, તે સ્થિતિને પ્રાપ્ત કરી શકાય છે.

સાંસારિક સુખ-દુઃખ તેમજ અભાવ તેને આવી સ્થિતિમાં પહોંચવાથી પ્રભાવિત કરી શક્તા નથી. સર્વત્ર આનંદની, શાંતિની નિર્ઝરિણી(નદી) વહેતી નજરે પડે છે. જગતના કોલાહલોમાં પણ તેને કલ્યાણકારી ભાવનાં દર્શન થાય છે. મનનું ભટકવું બંધ થઈ જાય છે. અનંત કોલાહલમાં પણ તેને એક જ ધ્વનિ સંભળાય છે - શાંતિઃ, શાંતિઃ, શાંતિઃ.

આ શાંતિ દરેકને માટે સર્વત્ર ઉપલબ્ધ છે, અને શક્ય પણ છે, પરંતુ આપણામાંથી એકાધિક લોકો કદાચ જ તેને પામી શકે છે. કારણ સ્પષ્ટ છે - મૃગતૃષ્ણાજન્ય ભટકાવ. આમાંથી નિવૃત્તિ પામતાં આપણને અક્ષય શાંતિ અને દિવ્ય અનુભૂતિનો અહેસાસ રોજરોજના સુખદુઃખના અનુભવની જેમ ડગલે ને પગલે મળવા લાગશે. આ સ્થિતિની પ્રતીતિ કરવા માટે આપણે અંતઃકરણની ચારેબાજુ ફેલાયેલા બાહ્ય જગતનાં એ આવરણને ભેદવું પડશે, જે આની અનુભૂતિમાં બાધક બન્યું છે. આવું થતાં જ આપણે એ દશાનો સ્પષ્ટ સાક્ષાત્કાર કરી લઈશું, જેની સ્થિતિના વિષયમાં વર્ણન કરતાં મંત્રમાં કહેવામાં આવ્યું છે. ૐ દ્યૌઃ શાન્તિરન્તરિક્ષ શાંતિઃ પૃથ્વી શાન્તિરાપઃ શાન્તિરોષધયઃ શાન્તિઃ।... એટલે કે કણકણમાં, સમસ્ત જડ ચેતનમાં, રોમરોમમાં અમે એ શાંતિનો અનુભવ કરી લઈશું, જે વિશ્વાત્માના પ્રકાશના રૂપમાં તેમનામાં વિદ્યમાન છે. આપણી પદાર્થપરક દૃષ્ટિ અદૃશ્ય થતાં જ અને દિવ્ય ભાવવિકાસની સાથે જ એવું સંભવ થઈ શકશે અને આપણને આભાસ થશે, જાણે આપણે શાંતિના અથાગ સમુદ્રમાં તરી રહ્યા છીએ, હિલોળા લઈ રહ્યા છીએ અને આપણી ચારે બાજુ એક અજસ્ત્ર શાંતિ, શાશ્વત શાંતિ, દિવ્ય શાંતિ વિદ્યમાન છે.



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

ઈચ્છા શક્તિ

# આપણે આપણા ભાવમાં શાંત થઈ જઈએ તો !

ડૂબતી સાંજની સાથે ગેલીલી સરોવરમાં એક નૌકા પણ ડૂબુંડૂબું થઈ રહી હતી. સરોવરમાં આવેલ તોફાનના કારણે સરોવરનું પાણી, પાણીમાં તરી રહેલી નૌકા જ નહીં, નૌકામાં સવાર યાત્રીઓનાં કાળજાં પણ કાંપી રહ્યાં હતાં. બચાવનો કોઈ ઉપાય નજરે પડતો ન હતો. ખલાસીઓમાં પણ ગભરાટ હતો. તોફાનના ઝટકા પ્રાણોને આઘાત પહોંચાડી રહ્યા હતા. પાણીની લહેરો નાવના યાત્રીઓને ભીંજવતી અંદર ભરાઈ રહી હતી. કિનારો હજુ ઘણો દૂર હતો. પરેશાની અને ચિંતાના કારણે એક સિવાય બધા ડરી ગયા હતા. તે હજુ સુધી નાવના એક ખૂણામાં ઘણી જ નિશ્ચિંતતાથી સૂઈ રહ્યો હતો. તેના મુખ ઉપર અસીમ શાંતિ સ્થપાયેલી હતી.

તેના સાથીઓએ તેને જગાડયો. આ જગાડનારાઓની આંખોમાં આસન્ન મૃત્યુની છાયા હતી. મોતનું બિહામણું રૂપ તે સૌની આંખોમાં સ્પષ્ટ નજરે પડતું હતું. તેણે જાગીને એ દરેકને પૂછયું, "તમે સૌ આટલા બધા સૌ ડરેલા શા માટે છો? આટલા ભયભીત થવા જેવી શી વાત છે?" તેનાં આ સવાલે નાવના અન્ય યાત્રીઓને આશ્ચર્યમાં મૂકી દીધા. દરેકને તેના પ્રશ્ન ઉપર ભારે નવાઈ લાગી. એકાએક પૂછાયેલ પ્રશ્નનો જવાબ કોઈ આપી ન શકયું. તેણે ફરીથી પૂછયું, "શું તમને બધાને પોતાની જાત ઉપર જરાપણ શ્રદ્ધા નથી?"

દરેકને ભયંકર સન્નાટાથી ઘેરાયેલા જોઈને તે ધીરેથી ઊઠયો અને નિશ્ચિંત પગલે નાવના એક કિનારા પર ગયો. નાવ ઉપર તોફાન છેલ્લી થપાટ મારી રહ્યું હતું. તેણે વિક્ષુબ્ધ થયેલા સરોવરને જોતાં કહ્યું -"પીસ, બી સ્ટિલ" શાંતિ, શાંત થઈ જાવ. તેના કહેવાનો ભાવ કંઈક આવો હતો, જાણે કે તોફાન કોઈ નટખટ બાળક હોય અને તેણે ઘણી જ સરળતાથી સમજાવી દીધું હોય, શાંત થઈ જાવ.

નાવના યાત્રીઓ તેના આ વાક્યને કેવળ ગાંડપણ કરતાં વધારે કશું જ ન સમજયા, પરંતુ આશ્ચર્ય ! મહાઆશ્ચર્ય !! જોતજોતામાં તોફાન એકદમ શાંત થઈ ગયું અને સરોવર એવી રીતે શાંત થઈ ગયું, જાણે કશું થયું જ ન હોય. તે વ્યક્તિની વાત માની લેવામાં આવી. હવે તો નાવના બધા જ લોકોએ તેને ઘેરી લીધો અને કહેવા લાગ્યા, "આખરે આ ચમત્કાર કઈ રીતે થયો, ઈસુ."

ઈસા મસીહ મધુર સ્મિત સાથે બોલ્યા, "આ બહારનું તોફાન તો કશું જ નથી, આપણાં સૌનાં મન આના કરતાં પણ ઘણાં વધારે તોફાની અશાંતિ વડે ઘેરાયેલાં છે. આપણા ચિત્તનું સરોવર આ સરોવર કરતાં વધારે વિક્ષુબ્ધ છે. તેમાં આપણી જીવન નૌકા પળે પળે ડૂબતી નજરે પડે છે. અને આપણાં સૌની આંખોમાં કયાંક ને કયાંક મોતની છાયા પણ ફરતી જોવા મળે છે."

"આવા સમયે શું એ યોગ્ય નથી કે આપણે જ આપણી જાતને પૂછીએ કે, આટલા ભયભીત શા માટે છીએ. શું સ્વયં પર આપણી બિલકુલ આસ્થા નથી? જો છે તો પછી અંદરના સરોવર પર જઈને કહો, 'શાંતિ, શાંત થઈ જાવ,' થોડું રોકાઈને ઈસુ બોલ્યા. "મેં એવું કરીને જોયું છે અને જાણ્યું છે કે તોફાન શાંત થઈ જાય છે. ફક્ત શાંતિના ઊંડા ભાવમાં ડૂબવાની, સમાઈ જવાની વાત છે અને શાંતિ આવી જાય છે. આપણા ભાવમાં આપણે અશાંત છીએ અને આપણા ભાવમાં આપણે શાંત પણ થઈ શકીએ છીએ. આને માટે કોઈ કઠિન અભ્યાસની જરૂરિયાત નથી. બસ સદ્ભાવ જ પૂરતો છે."

"શાંતિ તો આપણા અંતરાત્માનું સ્વરૂપ છે. ગાઢ અશાંતિની વચ્ચે એક કેન્દ્ર પર આપણે શાંત છીએ. આ કેન્દ્ર પર સ્થિત થઈ ગયા પછી આપણે તોફાનની વચ્ચે પણ શાંત રહી શકીએ છીએ. અશાંતિ ત્યાં સુધી જ છે, જ્યાં સુધી આપણે આ કેન્દ્રથી દૂર છીએ. આની ઉપર સ્થિત થઈને આપણે કેવળ પોતાની આંતરિક શાંતિ જ શોધી શક્તા નથી. પરંતુ બહાર પણ મનવાંછિત શાંતિ મેળવી શકીએ છીએ."

ઈસા મસીહની વાતો ચકિત કરનારી હતી, પરંતુ તેમાં સત્યનું ઊંડાણ હતું. તેઓ કહી રહ્યા હતા. શાંત થવા ઈચ્છતા હો તો આ જ ક્ષણે, અત્યારે અને અહીં જ શાંત થઈ જાવ. અભ્યાસ ભવિષ્યમાં ફળ લાવે છે. સદ્ભાવ વર્તમાનમાં જ પરિણામ આપે છે." તેમની આ વાતોએ નાવના દરેક યાત્રીઓને અદ્ભુત શાંતિમાં નિમગ્ન કરી દીધા.

***આળસનો અર્થ છે સમયની બરબાદી. જે સમય બરબાદ કરે છે તેણે સમજવું જોઈએ કે તે પોતાના ભાગ્યને પોતાના હાથે જ ફોડે છે, પ્રગતિનાં દ્વાર પોતાના હાથે બંધ કરે છે અને દુર્ગતિને આગ્રહપૂર્વક આમંત્રણ આપે છે.***



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

ગૌ-સંવર્ધન સ્તંભ

# રોગોનાં કારણો અને ગોમૂત્ર દ્વારા નિવારણ

આયુર્વેદનો લગભગ પાંચ હજાર વર્ષ જૂનો ગ્રંથ "સુશ્રુત-સંહિતા" છે. આ ગ્રંથના પિસ્તાલીસમા અધ્યાયમાં ગોમૂત્રના સંપૂર્ણ ગુણ લખવામાં આવ્યા છે. આ ગ્રંથ અનુસાર ગોમૂત્ર કડવું, ચરકું, તુરું, તીક્ષ્ણ, ઉષ્ણ, શીઘ્ર પાચક, મસ્તિષ્કને માટે શક્તિવર્ધક, કફ-વાત હરનારું, શૂળ, પેટના રોગ, ઉદર, પેટનો ગોળો, ખૂજલી, મુખ-રોગ નાશક છે. આ કોઢ, આમ, પેડુના રોગનાશક છે. નેત્રરોગ નાશક છે. અતિસાર, વાયુના દરેક વિકાર, ખાંસી, સોજો, ઉદર રોગ, કીટાણુ નાશક, અનીમિઆ, બરોળ, કર્ણરોગ, શ્વાસ, મળઅવરોધ, કમળો, વગેરે આનાથી ઠીક થાય છે. ચિકિત્સામાં ગોમૂત્રનો જ પ્રયોગ કરવો જોઈએ. ગોમૂત્ર કેવી રીતે રોગો ઉપર કામ કરે છે અને રોગોનાં શું કારણ છે, તે વિસ્તારથી સમજવું જોઈએ.

(૧) મનુષ્યના શરીરમાં રોગ સામે લડવાની શક્તિ હોય છે. જ્યારે આ રોગ-પ્રતિરોધક ક્ષમતા ઘટી જાય છે, ત્યારે મનુષ્યનું શરીર રોગી બની જાય છે. ગોમૂત્ર શરીરની રોગ-પ્રતિરોધક ક્ષમતાને વધારે છે અને મનુષ્યને સ્વસ્થ બનાવે છે. એ શરીરમાં યકૃતની અંદર લોહીને શુદ્ધ કરીને રોગનો વિરોધ કરનારી શક્તિ પ્રદાન કરે છે.

(૨) એલોપેથી મતાનુસાર અનેક જીવાણુ શરીરમાં ભોજન, જળ અથવા વાયુ દ્વારા પ્રવેશ કરે છે અને વિભિન્ન અંગો પર આક્રમણ કરીને રોગ ઉત્પન્ન કરે છે. ગોમૂત્ર દરેક પ્રકારનાં કીટાણુઓનો નાશ કરવાની ચમત્કારિક શક્તિ ધરાવે છે, જેનાથી બધીજ કીટાણુજન્ય વ્યાધિઓ એના પ્રયોગથી નાશ પામે છે.

(૩) આયુર્વેદના મતાનુસાર વાત, પિત્ત, કફ (ત્રિદોષો) વિષમ સ્થિતિમાં આવી જવાના કારણે શરીરમાં રોગ ઉત્પન્ન થાય છે. ગોમૂત્ર ત્રણે દોષોને સામ્યાવસ્થામાં લાવીને શરીરને નીરોગી બનાવે છે.

(૪) શરીરમાં આરોગ્યદાયક તત્ત્વોની ઊણપના કારણે અનેક રોગ ઉત્પન્ન થઈ જાય છે. ગોમૂત્રમાં શરીરને આરોગ્ય પ્રદાન કરનારાં બધાં જ તત્ત્વો જોવા મળે છે. જે આ તત્ત્વોની પૂર્તિ કરીને મનુષ્યને આરોગ્ય પ્રદાન કરે છે.

(૫) બાયોકેમિક ચિકિત્સા પદ્ધતિ અનુસાર કેટલાંક વિશેષ ખનિજ તત્ત્વોના અભાવને કારણે બીમારીઓ ઉત્પન્ન થાય છે. ગોમૂત્રમાં ઘણાં ખનિજ તત્ત્વો જોવા મળે છે, જેની પૂર્તિ થવાથી શરીર સ્વસ્થ થઈ જાય છે. ગોમૂત્રમાં તામ્ર અને સુવર્ણ ક્ષાર હોવાથી મનુષ્યને રોગોથી બચવાની શક્તિ પ્રાપ્ત થાય છે.

(૬) અનેક રોગોનું કારણ માનસિક વિકાર છે. બીમારીઓ મનમાં ઊપજે છે અને શરીરમાં ફૂલેફાલે છે. માનસિક વિષાદના કારણે સ્નાયુતંત્રને નુકસાન થાય છે. ગ્રંથોમાં ગોમૂત્રને મેદ્ય અને હૃદ્ય કહેવામાં આવ્યું છે. એટલે કે મસ્તિષ્કને અને હૃદયને શક્તિ પ્રદાન કરે છે. ફળસ્વરૂપ માનસિક કારણે થનારાં નુકસાનથી હૃદયનું રક્ષણ કરે છે અને મનુષ્યને રોગી થતો બચાવે છે.

(૭) કોઈ ઔષધિનો વધુ માત્રામાં ઉપયોગ કરવાના કારણે શરીરમાં કેટલાંક તત્ત્વો ઉપદ્રવ ઉત્પન્ન કરતાં રહે છે. ગોમૂત્ર પોતાની વિષનાશક શક્તિ વડે આ તત્ત્વોનો નાશ કરીને રોગીને નીરોગી કરે છે.

(૮) મનુષ્યના શરીરમાં પ્રાણ તત્ત્વની ઊણપના કારણે વિદ્યુત તરંગોની ઊણપ આવી જાય છે. આ વિદ્યુત તરંગો જ આપણા શરીરને સ્વસ્થ રાખે છે. ગોમૂત્રમાં રહેલ તામ્રનો એ ગુણ છે કે આ અતિસૂક્ષ્મ વિદ્યુત તરંગોને આકર્ષિત કરી લે છે અને વિદ્યુત તરંગો શરીરને સ્વાસ્થ્ય પ્રદાન કરે છે.

(૯) વૃદ્ધાવસ્થા અનેક રોગોનું કારણ છે ગોમૂત્ર એક રસાયણ છે. એ વૃદ્ધાવસ્થાને રોકે છે અને મનુષ્યને દીર્ઘાયુ બનાવે છે.

(૧૦) ભોજનમાં પૌષ્ટિક તત્ત્વોની ઊણપના કારણે અનેક રોગ થાય છે. કુપોષણ અને અલ્પ પોષણની સાથેસાથે અતિપોષણ પણ રોગોનું કારણ છે. ગોમૂત્રમાં અનેક પોષક તત્ત્વો જોવા મળે છે, જે સ્વાસ્થ્ય પ્રદાન કરે છે.

(૧૧) કેટલાક મનુષ્ય અંતઃકરણના નિર્દેશોની વિરુદ્ધ કામ કરતા રહે છે. આ દુષ્કર્મોના કારણે મનુષ્યનું હૃદય અને મસ્તિષ્ક પ્રભાવિત થાય છે. આના કારણે શરીરના ક્રિયાકલાપો પર વિપરીત પ્રભાવ પડે છે અને મનુષ્ય રોગી બની જાય છે. ગોમૂત્ર સાત્ત્વિક બુદ્ધિ પ્રદાન કરે છે. આ



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

સાત્ત્વિકનો ગુણ મનુષ્યોને દુષ્કર્મો કરવાથી રોકીને સત્કર્મો તરફ પ્રેરિત કરે છે અને તેને રોગોથી બચાવે છે.

(૧૨) આપણા પૂર્વજન્મોનાં પાપોને કારણે અનેક કર્મજ (કર્મ પ્રમાણે) વ્યાધિઓ ઉત્પન્ન થાય છે, જે આપણે ભોગવવી જ પડે છે. ગોમૂત્રમાં ગંગાનો નિવાસ બતાવવામાં આવ્યો છે. મૂત્રે ગંગાદયો નદ્યઃ।। ગંગા પાપનાશિની છે, એટલે ગોમૂત્ર પીવાથી પૂર્વજન્મોનાં પાપ નાશ પામીને રોગોને દૂર કરે છે. મહાભારતમાં જણાવ્યા પ્રમાણે "પંચગવ્ય પ્રાશનં મહાપાતક નાશનં।"

(૧૩) શાસ્ત્રોમાં ભૂત-પ્રેતોના કારણે અનેક રોગ ઉત્પન્ન થવાનું વર્ણન આવે છે. આને ભૂતાભિષ્યંગ રોગ કહે છે. ભૂતોના અધિપતિ ભગવાન શંકર છે. શંકરના શીશ પર ગંગા છે. ગોમૂત્રમાં ગંગા છે, એટલા માટે ગોમૂત્ર પીવાથી ભૂતગણ પોતાના અધિપતિ ભગવાન શંકરના મસ્તક પર ગંગાનું દર્શન કરીને શાંત થઈ જાય છે અને ગોમૂત્ર સેવન કરનારા શરીરને હેરાન કરતા નથી.

(૧૪) અનેક રોગ વંશ પરંપરા અનુસાર પોતાનાં પૂર્વજો પાસેથી પ્રાપ્ત થાય છે. લાંબા સમય સુધી શરૂઆતથી જ ગોમૂત્ર સેવન કરવાથી રોગીના શરીરમાં એટલી પ્રતિરોધક શક્તિ ઉત્પન્ન થઈ જાય છે કે તેના લીધે વંશ પરંપરાના રોગ પણ ઉત્પન્ન થતા નથી.

(૧૫) અનેક રોગોનું કારણ વિષ છે. ગોમૂત્રમાં વિષનો નાશ કરવાની ચમત્કારિક શક્તિ છે. એટલા માટે અનેક ઝેરીલી જડી-બુટ્ટીઓ ગોમૂત્રમાં શુદ્ધ કરવામાં આવે છે. ગોમૂત્ર શરીરના ઝેરનો નાશ કરી, રોગ પ્રતિરોધક શક્તિ વધારી રોગ નષ્ટ કરવાની ક્ષમતા પ્રદાન કરે છે.

### ગોમૂત્ર સેવનની બાબતમાં શંકા-સમાધાન

યથાસંભવ વનમાં વિચરણ કરનારી, ઘાસ ચરનારી, સ્વચ્છ પાણી પીનારી અને સ્વસ્થ નીરોગી ગાયનું મૂત્ર ઔષધીય ગુણોથી યુક્ત હોય છે. ગાય દેશી ઓલાદની હોવી જોઈએ. ગાયની ઉંમર કોઈ પણ હોઈ શકે નર જાતિનું મૂત્ર ઉપયોગી છે. થોડુંક તીક્ષ્ણ (ભારે) જરૂર હોય છે, પરંતુ ઉપયોગિતા ઓછી તો નથી જ. ગોમૂત્રને માટી, કાચ અથવા ચિનાઈ માટીના વાસણમાં રાખવું જોઈએ. આને આઠ પડનાં કપડાંમાંથી ગાળીને કાચની બોટલમાં ભરીને વ્યવસ્થિત રીતે ઢાંકીને રાખવું. જેથી લાંબા સમય સુધી બગડશે નહી. પ્રતિદિન સામાન્ય રીતે વયસ્ક વ્યક્તિએ દિવસમાં બે વાર ત્રીસ-ત્રીસ મિલીલિટર ગોમૂત્ર સવાર-સાંજ પીવું જોઈએ. વધારે પીવાથી નુકસાન કશું જ નથી. ફક્ત મળ વધારે નીકળી આંતરડાં શુદ્ધ કરે છે. ગર્ભવતી ગાયના મૂત્રનું સેવન કરવું જોઈએ નહીં. ગોમૂત્ર પીતા પહેલાં એક કલાક અને પછીના એક કલાક સુધી કશું ખાવું નહીં. ગોમૂત્ર ચિકિત્સા દરમિયાન અન્ય દવાઓ પણ લઈ શકાય છે. આની કોઈ સાઈડ ઈફેક્ટ થતી નથી.વિસ્તૃત જાણકારી માટે "જયતિ જય ગૌમાતા" તથા "પંચગવ્ય ચિકિત્સા" નામના પુસ્તકનું અધ્યયન કરવું જોઈએ.

*ઉદ્યાનમાં ફરતાં ફરતાં એકદમ રાજા વિક્રમાદિત્યે મહાકવિ કાલિદાસને કહ્યું - "આપ કેટલા પ્રતિભાશાળી છો, મેધાવી, પરંતુ ભગવાને તમારું શરીર પણ બુદ્ધિને અનુરૂપ સુંદર કેમ ન બનાવ્યું ? " કાલિદાસ રાજાની રૂપ ગર્વોક્તિ સમજી તો ગયા. પરંતુ કશું ન બોલ્યા. રાજમહેલમાં આવીને કાલિદાસે બે પાત્ર મંગાવ્યાં, એક સોનાનું અને એક માટીનું, બંનેમાં પાણી ભરી દેવામાં આવ્યું. થોડીવાર પછી કાલિદાસે પૂછયું. - "રાજન ! કયા પાત્રનું પાણી ઠંડું છે." રાજા બોલ્યા - "માટીના પાત્રનું" ત્યારે હસીને કાલિદાસ બોલ્યા, - "જેવી રીતે શીતળતા પાત્રની બાહ્ય સુંદરતા પર નિર્ભર નથી, તેવી જ રીતે પ્રતિભા પણ શરીરની આકૃતિ ઉપર નિર્ભર નથી, વિદ્વત્તા અને મહાનતાનો સંબંધ શરીર સાથે નહીં, આત્મા સાથે છે."*



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

શિષ્ય સંજીવની - ૧

# સમર્પિત દૃઢતાથી શરૂ થાય છે આ સાધના

(આ શ્રાવણથી દરેક સાધકોની આત્મિક પ્રગતિ માટે આ લેખમાળા શરૂ કરવામાં આવી રહી છે)

ગુરુપૂર્ણિમા શિષ્યત્વની સાધનાનું પુણ્ય પર્વ છે. શિષ્યત્વની આ મહા સાધના અતિ કઠિન છે, પરંતુ એની પૂર્ણતા પર ગુરુકૃપા સદા અનુદાન બનીને વરસતી રહે છે. જનસામાન્યની સર્વમાન્ય માન્યતા એ જ છે કે જો કોઈ રીતે સદ્‌ગુરુની કૃપા થઈ જાય તો પછી જીવનમાં બીજું કશું કરવાનું બાકી રહેતું નથી. આ માન્યતા પોતાના સારભૂત અંશોમાં સાચી પણ છે. સદ્‌ગુરુ કૃપા છે જ કંઈક એવી, તેનો મહિમા અનંત-અપાર અને અપરિમિત છે, પરંતુ આ કૃપાની સાથે એક વિશિષ્ટ બંધન પણ જોડાયેલું છે. આ બંધન-સંબંધ છે શિષ્યત્વની સાધનાનો. જેણે શિષ્યત્વની મહાકઠિન સાધના કરી છે. જે પોતાના ગુરુની પ્રત્યેક કસોટીમાં પાર ઊતર્યો છે. તે જ તેની કૃપાનો અધિકારી છે. શિષ્યત્વનું ચુંબકત્વ જ સદ્‌ગુરુનાં અનુદાનોને પોતાની તરફ આકર્ષિત કરે છે. જેનું શિષ્યત્વ સાચું નથી - પવિત્ર નથી, તેને માટે સદ્‌ગુરુનું વરદાન પણ નથી.

ગુરુદેવનો સંગ-સુખ-સાંનિધ્ય મળી જવું, જે કોઈ પણ રીતે તેમની નિકટતા પામવી, સાચા શિષ્ય હોવાની ઓળખ નથી. જો કે એમાં કોઈ સંદેહ નથી કે આમ થવું પાછલા જન્મોના કોઈ વિશિષ્ટ પુણ્યબળે જ શક્ય છે, પરંતુ ક્યારેક એવું પણ બને છે કે જે ગુરુની પાસે રહ્યા, જેમને તેમની અતિ નિકટતા મળી તેઓ પોતાના અસ્તિત્વને સદ્‌ગુરુની પરમચેતનામાં વિસર્જિત કરી શક્તા નથી અને આવું ઘણી વાર થાય પણ છે. પાસે રહેવું કે દૂર રહેવું, સદ્‌ગુરુનું શરીર હોય ત્યારે તેમની સાથે જોડાવું અથવા તેમના મૃત્યુ પછી તેમના પ્રેમમાં પડવું એનું કોઈ વિશેષ મહત્ત્વ નથી. મહત્ત્વ ફક્ત શિષ્યત્વ છે. એ જ્યાં પણ છે, જેવું પણ છે, જે કાળમાં છે, ત્યાં જ ગુરુવરનાં અનુદાન-વરદાન વરસતાં રહેશે.

શિષ્યત્વની સાધના ક્યાંથી અને કેવી રીતે શરૂ કરીએ. આ સવાલ પ્રત્યેક ગુરુ-અનુરાગીના મનમાં રહી રહીને સ્પંદિત થાય છે. પાછલા કેટલાય મહિનાઓથી અખંડ જ્યોતિના વાચકો ગુરુગીતાને શ્રદ્ધા સાથે વાંચી રહ્યા છે. ગુરુતત્ત્વની વ્યાપકતા, સમર્થતા અને રહસ્યમય આધ્યાત્મિકતાએ તેમની શ્રદ્ધા વધુ પ્રગાઢ કરી છે. તેમના હૃદયમાં ઊછળતી - ઊમટતી ભક્તિ વધારે બળવાન થઈ ગઈ છે, પરંતુ આ સૌની સાથે તેમના મનમાં એક જિજ્ઞાસા પણ જાગી છે. આ જિજ્ઞાસા શિષ્યત્વની બાબતમાં છે. તેમની ઈચ્છા છે કે પોતે સાચા શિષ્ય કેવી રીતે બને ? શિષ્યત્વની કઠિન સાધના કરીને ગુરુપ્રેમના સર્વોત્તમ અધિકારી કઈ રીતે બને ? આવી ઈચ્છા ધરાવતા અનેક પરિજનોએ અખંડ જ્યોતિના સંપાદકને વ્યક્તિગત રીતે મળીને, તેમને પત્ર લખીને પોતાની ભાવનાની જાણકારી આપી હતી.

તેમના ગુરુપ્રેમના સ્પર્શ અને પરમપૂજ્ય ગુરુદેવની પ્રેરણાથી જ અખંડજ્યોતિને એવી સ્ફુરણા મળી છે કે શિષ્યત્વની મુશ્કેલ સાધનાનાં પરમ રહસ્યમય તથા હંમેશાં ગોપનીય રાખવામાં આવેલ કેટલાંક વિશેષ સૂત્રોને સાધકોની સામે પ્રગટ કરવામાં આવે. હવેથી શિષ્યત્વનાં સાધના સૂત્રો સદ્‌ગુરુ પ્રેમીઓને પ્રતિમાસ મળતાં રહેશે. જે આની સાધના કરશે, તેમની ઉપર દેશ-કાળનાં બધાં જ બંધનોથી પાર સદ્‌ગુરુની પરમચેતના અજસ્ર અનુદાન વરસાવતી રહેશે. આ વાત માત્ર વૈચારિક કથન પૂરતી જ નથી. આ મહાસત્ય છે. જે યુગ-યુગથી ભારતભૂમિ તથા અન્ય દેશોના સમર્પિત શિષ્યોની શિષ્યત્વ સાધનાનો સાર છે. ધ્યાન રહે કે આ સૂત્ર તેમનાં જ છે અને જે વ્યાખ્યા છે તે પરમ પૂજ્ય ગુરુદેવની અંતઃપ્રેરણા દ્વારા પ્રગટ થઈ છે. આ બધામાં જો કોઈનું સાચું સ્વત્વ છે તો તે ગુરુ-શિષ્યની મહાન પરંપરાનું છે. મહાન ગુરુઓની કરુણા અને સમર્પિત શિષ્યોની સાધનાનો સાર છે - આ સૂત્ર અને તેમની ક્રમબદ્ધ વ્યાખ્યા. શિષ્યો માટે સંજીવની ઔષધિના જેવી હોવાને કારણે, આ ધારાવાહિક કથાનું નામ પણ "શિષ્ય સંજીવની" છે.

જો તમારા અંતઃકરણમાં ગુરુ-પ્રેમની દીવાનગી હિલોળા લઈ રહી હોય તો આ સાધના-પથ તમારા માટે છે. આ સાધના ફક્ત તેમના માટે છે, જે પોતાના પ્રેમાળ ગુરુવર વગર રહી શક્તા નથી. જે પોતાના અસ્તિત્વને સદ્‌ગુરુની ચેતનામાં સમર્પિત-વિસર્જિત અને વિલીન કરી દેવા ઈચ્છે છે. શિષ્ય સંજીવનીની આ મહાઔષધિ તેમના માટે છે, જે શ્રેષ્ઠ શિષ્યોની અગ્રિમ હરોળમાં ઊભા રહેવા ઈચ્છે છે. જે વારંવાર-અનેકવાર-અગણિત વાર પોતાના



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

ગુરુવર દ્વારા લેવાનારી કઠોરતમ પરીક્ષામાં પાર ઊતરવા ઇચ્છે છે. જેમની એકમાત્ર ઈચ્છા છે કે જીવીશું તો ગુરુદેવ માટે અને મરીશું તો ગુરુદેવ માટે. ગુરુદેવને માટે જીવન, ગુરુવરને માટે મરણ, જેમના જીવનનો ઉદ્દેશ્ય છે, એવા શિષ્યો માટે જીવન ઔષધિ છે આ શિષ્ય સંજીવની.

આવા મરજીવા શિષ્યો માટે શિષ્યત્વની મુશ્કેલ સાધનામાં ઊતરવા માટે કેટલીક વિશેષ વાતો માનવી જરૂરી છે. ગુરુભક્ત શિષ્યોની મહાન પરંપરા તેમને કહે છે - તમારાં નયનો જોઈ શકે એ પહેલાં તેણે આંસુ વહાવવાની ક્ષમતામાંથી મુક્ત થઈ જવું જોઈએ. તમારા કાન સાંભળી શકે એ પહેલાં તેણે બહેરા થઈ જવું જોઈએ અને તમે સદ્ગુરુઓની ઉપસ્થિતિમાંમાં બોલી શકો એ પહેલાં તમારી વાણીની આઘાત પહોંચાડવાની વૃત્તિમાંથી મુક્ત થઈ જવું જોઈએ કે તમારો આત્મા સદ્ગુરુઓની સમક્ષ ઊભો રહી શકે એ પહેલાં તેમના પગને હૃદયના લોહીથી સાફ કરી લેવા જોઈએ.

મહાન શિષ્યોના સાધનામય જીવનનો સાર એવું આ કથન ઘણું જ રહસ્યમય તેમજ અતિશય પ્રભાવી છે. તેમાં પહેલી વાત ઘણી જ સ્પષ્ટ છે કે કોરી ભાવુક્તા, વાતવાતમાં આંસુ વહાવવાં એ ગુરુભક્તિનો પરિચય નથી. શિષ્યત્વની સાધના માટે પહેલી જરૂરિયાત છે સમર્પિત દઢતાની. દઢતા ભરેલી અશ્રુવિહીન આંખો જ ગુરુચેતનાને જોઈ શકે છે. જ્યાં સુધી કાનને સંબંધ છે તો તે ગુરુનિંદા માટે બહેરા જ રહે, એ જ ઠીક છે અને જો આપણે એવું ઈચ્છતા હોઈએ કે અમારો સ્વર સદ્ગુરુને સ્પર્શ કરે તો આપણી વાણીનું કોઈ અન્યને દુઃખ પહોંચાડવાની પ્રવૃત્તિમાંથી મુક્ત થવું આવશ્યક છે. ઉપર જણાવેલ આ ત્રણ બાબતોનો મેળ ઘણો જ દુર્લભ છે, કેમ કે જ્યારે સમર્પિત ભક્તિ જાગે છે તો તેમાં ક્યાંકથી, ધીરેથી કટ્ટરતા, સંકીર્ણતા આવીને ઝેર ઓકી જાય છે અને આપણે આપણા વિરોધીઓ માટે વિદ્રોહી બની જઈએ છીએ.

શિષ્યત્વની સાધના કરવા માટે આ પૂર્ણતઃ વર્જિત છે. તેમનું અંતઃકરણ તો ગુરુપ્રેમ વડે એટલી હદે પરિપૂર્ણ હોવું જોઈએ કે તેમાં જરાસરખો પણ દ્વેષ અને કડવાશને કોઈ અવકાશ ન રહે. આપણી ભક્તિ એટલી અધિક પ્રગાઢ હોય કે શિષ્યત્વની સાધના માટે વધનારું આપણું દરેક પગલું આપણા પોતાના હૃદયના રક્તથી એટલે કે પ્રગાઢ ભાવનાઓ વડે ધોયેલું, પરમ પવિત્ર હોય. જો આપણે આ કરી શક્તા હોઈએ તો જ આપણે શિષ્યત્વની સાધનાના અધિકારી છીએ અને શિષ્ય સંજીવનીના પરમ ગોપનીય સૂત્ર આપણા માટે છે. આ યોગ્યતાઓની સાથે જ આપણે આ માર્ગ ઉપર આગળ વધી શકીએ છીએ, કેમકે આ માર્ગ જિદ્દી, ચિતભ્રમ તથા અહંકાર ધરાવનાર માટે નથી. સાધનાનો પરમ રહસ્ય-માર્ગ ફક્ત એવા શિષ્યો માટે છે, જેમનામાં સમર્પિત સંકલ્પ અને સંકલ્પિત સમર્પણ ઠાંસીઠાંસીને ભર્યું હોય.

ગુરુપૂર્ણિમા પરમ દુર્લભ ક્ષણોમાં પોતે પોતાને સ્પર્શ કરી તપાસો, સ્વયંનું આત્માવલોકન કરો, પોતે જ પોતાની આત્મસમીક્ષા કરો. શું તમે શિષ્ય બનવા માટે તૈયાર છો ? શું તમારામાં શિષ્યત્વના માર્ગ ઉપર ચાલવા માટેની એ હિંમત અને સાહસ છે, જે શિષ્યત્વની સાધનાના મુશ્કેલ માર્ગ ઉપર તમને ચલાવી શકે ? જો હા, તો આ પ્રથમ સૂત્ર પ્રકાશિત થયે આપણે સૌ સ્વયંને આ મહાસાધના માટે તૈયાર કરીએ. (ક્રમશઃ)

*મહાકવિ માઘ પોતાની ઉદારતા માટે પ્રસિદ્ધ હતા. તે દિવસોમાં પોતાની આર્થિક સ્થિતિ ખરાબ ચાલી રહી હતી. છતાં પણ હૃદયની ઉદારતા પહેલાં જેવી જ હતી. એક રાત્રિએ એક યાચક તેમના ઘરે આવ્યો. તેણે જણાવ્યું કે મારે મારી કન્યાનો વિવાહ કરવો છે અને મારી પાસે કશું જ નથી. આપની ખ્યાતિ સાંભળીને આપની પાસે આવ્યો છું કંઈક મદદ મળી જાય તો મારું કામ થઈ જાય.*

*કવિ માઘનું હૃદય દ્રવિત થઈ ઊઠયું. ઘરની સંપત્તિ ઉપર નજર નાંખી. પાસે કશું હતું નહીં. ત્યાં જ પાસે સૂતેલી પત્નીના શરીર ઉપર નજર પડી. ધીરેથી એક કંગન ઉતાર્યું અને અતિથિને આપતાં કહ્યું, "આ સંજોગોમાં વધુ આપવાને મજબૂર છું, જે કંઈ પાસે છે, તેનો જ સ્વીકાર કરો."*

*ત્યારે જ પત્નીની આંખ ખૂલી, વસ્તુસ્થિતિ સમજાઈ, મંદ હાસ્ય સાથે કહ્યું, "ભલા વિવાહ જેવું કાર્ય એક કંગનથી કેવી રીતે થશે ? આ બીજું પણ લઈ જાવ." અને બીજું કંગન પણ ઉતારીને આપી દીધું. પત્નીના આ કૃત્ય ઉપર માઘ પુલકિત થઈ ઊઠયા.*



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

ગુરુગીતા-૧૨

# શિવભાવથી નિત્ય કરીએ સદ્‌ગુરુનું ધ્યાન

ગુરુગીતા સદ્‌ગુરુના મહિમાનું ગાયન છે. સદ્‌ગુરુ જ એ પરમ જ્યોતિનું નામ છે, જે માનવ જીવનના અંધકારને દૂર કરે છે. આના જ દિવ્ય પ્રકાશથી માનવચેતના પ્રકાશિત થાય છે. માનવને મહામાનવ, દેવમાનવ બનાવતા બ્રહ્મની અનુભૂતિ કરાવનાર કૃપાળુ સદ્‌ગુરુ જ છે. તેમને નમન એ છે પ્રભુને નમન. ગુરુ નમનની ભાવભરી સાધનાથી જીવનના દરેક તત્ત્વ, દરેક સત્ય અનાયાસે સહજ સુલભ થઈ જાય છે. નમન-સાધનાથી આ પ્રક્રિયા સહજ-સુલભ હોવા છતાં પણ પરમ દુર્લભ છે. આમાં દુર્લભતા ગુરુતત્ત્વના એ બોધની છે, જે ગહન શ્રદ્ધા દ્વારા જ મળી શકે છે. શ્રદ્ધા પરિપક્વ અને પરિપૂર્ણ ન હોય તો સદ્‌ગુરુને સામાન્ય માનવ સમજવાની ભૂલ થતી રહે છે. શ્રદ્ધા અને સમર્પણની નક્કરતામાં જ એ રહસ્ય સમજાય છે કે ગુરુદેવ મૂર્ત મહેશ્વર છે. ગુરુચેતનાને નમન એ બ્રાહ્મી ચેતનાને નમન છે.

અગાઉની ગુરુભક્તિ કથામાં સદ્‌ગુરુના અનુરાગી શિષ્યોને આની અનુભૂતિ કરાવવાની ચેષ્ટા કરવામાં આવી હતી. તેમાં એ બોધ કરાવવામાં આવ્યો હતો કે ગુરુતત્ત્વ, પરમાત્મતત્ત્વ અને સૃષ્ટિતત્ત્વ અલગ-અલગ નથી. જે પરમસત્યના કારણે જગત સત્ય ભાસે છે, તે ગુરુવર સિવાય બીજું કશું જ નથી. જેમના આનંદથી જગત આનંદથી આપૂરિત થાય છે, તે સચ્ચિદાનંદ ગુરુદેવ જ છે. જેમના પ્રેમના કારણે દરેકની અંદર પ્રીતિની અનુભૂતિ થાય છે, તે ભાવમય ભગવાન સદ્‌ગુરુ જ છે. જેમની ચેતનાથી વિશ્વ ચેતન છે. જાગ્રત, સ્વપ્ન, સુષુપ્તિ આદિ અવસ્થાઓ જેના વડે પ્રકાશિત છે. સદ્‌ગુરુ જ તે પરમચેતન તત્ત્વ છે, જેના દ્વારા જ્ઞાન મળવાથી ભેદદૃષ્ટિ સમાપ્ત થઈ જાય છે, તે સદાશિવ ગુરુદેવ જ છે. તેમની કૃપા દ્વારા જ બ્રહ્મતત્ત્વની અનુભૂતિ થાય છે. આવા સર્વવ્યાપી, સર્વજ્ઞ, પરમ કરુણામય સદ્‌ગુરુને છોડીને આપણે અન્યને કઈ રીતે નમન કરી શકીએ !

ગુરુનમનનો આ મહિમા અનંત અને અપરિમિત છે. એનો વિસ્તાર અસીમ છે. આના આગળના ક્રમને ગુરુગીતાના મહામંત્રમાં પ્રગટ કરતાં ભગવાન મહેશ્વર જગન્માતા ભવાનીને કહે છે.

**યસ્ય કારણ રુપસ્ય કાર્યરુપેણ ભાતિ યત્ ।**
**કાર્યકારણરૂપાય તસ્મૈ શ્રીગુરવે નમઃ ॥ ૪૧ ॥**
**નાનારુપમ્ ઈદં સર્વં ન કેનાપ્યસ્તિ ભિન્નતા ।**
**કાર્યકારણતા ચૈવ તસ્મૈ શ્રી ગુરુવે નમઃ ॥ ૪૨ ॥**
**યદङ्घ्रिકમલદ્વંદ્વં દ્વંદ્વં તાપ નિવારકમ્ ।**
**તારકં સર્વદાડડપદ્મ્યઃ શ્રીગુરુપ્રણમામ્યહમ્ ॥ ૪૩ ॥**
**શિવે ક્રુદ્ધે ગુરુસ્ત્રાતા ગુરૌ ક્રુદ્ધે શિવો ન હિં ।**
**તસ્માતત્સર્વપ્રયત્નેન શ્રીગુરું શરણં વ્રજેત્ ॥ ૪૪ ॥**
**વન્દે ગુરુપદદ્વંદ્વં વાङमનશ્ચિત ગોચરમ્ ।**
**શ્વેતરક્ત પ્રભાભિન્નં શિવશકત્યાત્મકં પરમ્ ॥ ૪૫ ॥**

સદ્‌ગુરુના નમનના આ મહામંત્રોમાં જીવન-સાધનાનો સાર સમાયેલો છે. ભગવાન સદાશિવની વાણી શિષ્યોને બોધ કરાવે છે કે બ્રાહ્મી ચેતના દ્વારા એકરૂપ ગુરુદેવ આ જગતનું પરમ કારણ હોવાની સાથે જ કારણરૂપ આ જગત પણ છે. તે મહાબીજ પણ છે અને તે જ મહાવટવૃક્ષ પણ છે. આવા કાર્ય-કારણરૂપી સદ્‌ગુરુને નમન છે. ॥ ૪૧ ॥ આ સંસારમાં જો કે ઉપરછલ્લો ભેદભાવ અને ભિન્નતા દરેક જગ્યાએ દેખાય છે. પરંતુ તાત્ત્વિક દૃષ્ટિએ એવું નથી. આ દૃષ્ટિએ તો કાર્ય-કારણની પરમાત્મચેતના રૂપે ગુરુદેવ જ સર્વત્ર વ્યાપ્ત છે. આવા સર્વવ્યાપી સદ્‌ગુરુને નમન છે. ॥ ૪૨ ॥ જેમનાં બંને ચરણકમળ શિષ્યના જીવનમાં આવનારાં બધાં જ દ્વંદ્વો, તમામ પ્રકારનાં કષ્ટો, અને દરેક પ્રકારની આપત્તિઓનું નિવારણ કરે છે, તેવા શ્રીગુરુને હું પ્રણામ કરું છું ॥ ૪૩ ॥ ભગવાન ભોળાનાથ સ્વયં કહે છે કે જો શિવ સ્વયં ક્રુદ્ધ (ક્રોધિત) થઈ જાય તો પણ શિષ્યનું રક્ષણ કરવામાં સદ્‌ગુરુ સમર્થ છે, પરંતુ જો ગુરુદેવ ક્રોધે ભરાય તો મહારુદ્ર શિવ પણ તેનું રક્ષણ કરી શક્તા નથી, એટલા માટે દરેક પ્રકારની કોશિશ કરીને શ્રીગુરુના શરણમાં જવું જોઈએ. ॥ ૪૪ ॥ શ્રીગુરુ ચરણોનો મહિમા મન, વાણી, ચિત્ત તથા ઈંદ્રિયથી પર છે. શ્વેત-અરુણ પ્રભાયુક્ત ગુરુચરણકમળ પરમ શિવ તથા પરાશક્તિનું સહજ નિવાસ સ્થાન છે, તેઓની હું વારંવાર વંદના કરું છું ॥ ૪૫ ॥



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

ગુરુનમનના આ મહામંત્રોના ભાવને યોગ્ય રીતે તેઓ જ સમજી શકે છે, જેમને એ સત્યની અનુભૂતિ થઈ ચૂકી છે કે સદ્દગુરુ ચેતના તેમજ બ્રાહ્મી ચેતના સર્વથા એક છે. આપણા ગુરુદેવ બીજા કોઈ નહીં, સ્વયં દેહધારી બ્રહ્મ છે. આ મહામંત્રોની વ્યાખ્યાને વધુ સારી રીતે, સુસ્પષ્ટ રીતે સમજવા માટે એક સત્ય ઘટનાનો ઉલ્લેખ કરવો કદાચ વધુ યોગ્ય રહેશે. આ ઘટના બંગાળના મહાન સંત વિજયકૃષ્ણ ગોસ્વામી તથા તેમના શિષ્ય કુલદાનંદ બ્રહ્મચારી અંગેની છે. મહાત્મા વિજયકૃષ્ણ ગોસ્વામી યોગ વિભૂતિઓથી સંપન્ન સિદ્ધ યોગી હતા. તેમનું સંત જીવન અનેક સંતો તથા મહાન દેશભક્તો માટે ઉદાહરણ રહ્યું છે. તેમના શિષ્યોએ કેવળ સાધના-જીવનમાં આશ્ચર્યજનક ઉપલબ્ધિઓ જ અર્જિત ન કરી, પરંતુ ઘણા બધાએ રાષ્ટ્રીય સ્વાધીનતા માટે આગળ વધીને ભાગીદારી નિભાવી. આ શિષ્યોમાં કુલદાનંદ બ્રહ્મચારી તેમના એવા શિષ્ય હતા, જેમણે પોતાનાં તપ અને યોગ-સાધના વડે કેવળ સ્વયંને જ નહિ પરંતુ અનેકના જીવનને પ્રકાશિત કર્યું.

કુલદાનંદ બ્રહ્મચારીએ પોતાની ડાયરીમાં ઘણા રહસ્યમય સાધના પ્રસંગોની ચર્ચા કરી છે. આવી એક ચર્ચા તેમના જીવનના એ કાલખંડની છે, જ્યારે તેઓ ગાઢ સાધના-સંઘર્ષમાંથી પસાર થઈ રહ્યા હતા. કામવાસનાનો પ્રબળ વેગ તેમના અંતઃકરણમાં રહી રહીને ઉદ્વેગ કરતો હતો. સમજમાં નહોતું આવતું શું કરવું ? કઈ રીતે નીપટવું આ કામરૂપી મહાઅસુરથી, હારી થાકીને તેઓએ પોતાની વિકળતા ગુરુદેવ પાસે રજૂ કરી. પોતાની વ્યથા કહેતાં કહેતાં તેઓ ધ્રૂસકે ને ધ્રૂસકે રડી પડયા. તેમનાં આંસુઓથી, મહાત્મા વિજયકૃષ્ણ ગોસ્વામીનાં ચરણ ભીંજાઈ ગયાં. તેમની આ વિહ્વળતાથી દ્રવિત થઈને ગોસ્વામીજીએ ઊઠીને દિલાસો આપ્યો અને કહ્યું, "પુત્ર ! તું રડે છે શા માટે ? ગુરુનાં રહેતાં તેના શિષ્યને અસહાયતાનો અનુભવ કરવાની કોઈ જરૂર નથી. પોતાના સદ્દગુરુના રહેતાં પણ જો કોઈ શિષ્ય વિવશતા અનુભવે તો તેનાં બે જ કારણ હોઈ શકે છે. - કાં તો એનું શિષ્યત્વ સાચું નથી અથવા તેના ગુરુની ચેતના હજુ સુધી ભગવાન સાથે એકાકાર થઈ નથી."

પોતાની વાતો કહેતાં કહેતાં વિજયકૃષ્ણ ગોસ્વામી ઊઠીને ઊભા થયા અને દીવાલમાં રહેલા કબાટમાંથી પોતાનો એક નાનો ફોટો કુલદાનંદના હાથમાં પકડાવ્યો અને બોલ્યા, "બેટા ! તું શિવભાવથી આ ફોટાની નિત્ય પૂજા કરજે. તને તારા જીવનની આંતરિક તેમજ બાહ્ય આપત્તિઓ સામે સુરક્ષા મળશે." ફોટો લઈને કુલદાનંદજી પોતાના નિવાસસ્થાને આવી ગયા અને નિત્યપ્રતિ ગુરુદેવના ચિત્રનું પૂજન કરતા પોતાની સાધનામાં વિલીન થઈ ગયા. સાધનાકાળની ધ્યાનની પળોમાં એક દિવસ તેમને અંતર્દર્શન થયાં કે સુષુમ્ણા નાડીમાં પોતાની ચેતનાના એક અંશને પ્રવિષ્ઠ કરાવી ગુરુદેવ તેની ચેતનાને ઉપર ઉઠાવી રહ્યા છે. ગુરુકૃપા એ તે જ ક્ષણે તેમની અંતર્ચેતના કામવિકારથી મુક્ત થઈ ગઈ. તેઓ લખે છે કે પછી ક્યારેય તેમને કામની પ્રબળતાનો સામનો થયો નથી.

આ જ દિવસોમાં તેમને એક અન્ય અનુભવ પણ થયો. એક દિવસ સાધના કરતી વખતે તેમના ઓરડાની છત પડી ગઈ. જે રીતે છત પડી, તો તેમાં તો તેઓ દબાઈને મરી ગયા હોત, પરંતુ આશ્ચર્યની વાત કે જે સ્થાન ઉપર બેઠા હતા, તે સ્થાન પરનો કાટમાળ અધ્ધર જ લટકતો રહી ગયો. ગુરુકૃપાનો અનુભવ કરતા, પહેલાં તેઓ ઊઠ્યા, ગુરુદેવના ચિત્રને ઉપાડયું અને બહાર આવી ગયા. એ સાથે જ પૂરી છત પડી ગઈ. સાથે જ ધ્યાનમાં આવ્યું તેમને ગુરુદેવનું વાક્ય, જે તેમણે ફોટો આપતી વખતે કહ્યું હતું, "પુત્ર ! મારું આ ચિત્ર તને આંતરિક તેમજ બાહ્ય વિપત્તિઓમાંથી બચાવશે." ખરેખર એવું જ થયું. ગુરુકૃપાથી શિષ્યને બધું જ અનાયાસે સુલભ થઈ જાય છે. શિષ્યવત્સલ ગુરુદેવના સ્વરૂપના બોધનો આ ક્રમ આગામી અંકમાં પણ ચાલુ રહેશે.

***અમેરિકાની યાત્રા દરમિયાન એક ભાઈ જહાજમાં સ્વામી રામતીર્થ સાથે જ્ઞાન-ધ્યાનની ચર્ચા કરતા રહેતા હતા ઊતરતી વખતે તેણે સામાન્ય શિષ્ટાચાર ખાતર પૂછયું, "તમે ક્યાં રહેશો ? તમારું આતિથ્ય કરનારનું સરનામું શું છે ? સમય મળશે તો આપના સંપર્કનો પ્રયત્ન કરીશ."***

***સ્વામીએ તેના ખભા ઉપર હાથ મૂકીને કહ્યું, "અમેરિકામાં મારો એક જ મિત્ર છે અને તે આપ છો." તેઓ ચકિત થઈ ગયા. સાથેસાથે સ્વામીજીનાં આત્મવિશ્વાસપૂર્ણ સૌજન્યથી પ્રભાવિત પણ ઓછા થયા ન હતા. તેણે સ્વામીજીને સાથે લઈ લીધા. પોતાના ઘરે રાખ્યા અને જ્યાં સુધી અમેરિકામાં રહ્યા ત્યાં સુધી તેમની સેવામાં રહ્યા.***



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

આત્મીય અનુરોધ

# આત્મસમીક્ષા કરીએ, શક્તિ મેળવીને ફરી મચી પડીએ

આ સંકટ સમય છે. તે સમયમાં આપત્તિધર્મનું જ પાલન કરવું જોઈએ. આપત્તિ ધર્મનું તાત્પર્ય છે - સામાન્ય સુખ-સુવિધાઓની વાત બાજુ પર મૂકી દેવી અને એવું કાર્ય કરવામાં લાગી જવું, જેને માટે મનુષ્યનો ગૌરવભર્યો અંતરાત્મા પોકારે છે. આજે કોઈ જાગૃત આત્માને એ વિચારવાનો સમય ન હોવો જોઈએ કે તેનો પોતાનો વૈભવ કેવી રીતે વધે, તેનું કુટુંબ કઈ રીતે ફૂલે-ફાલે ? આજે નથી પદવીધારી બનવાની આવશ્યકતા, નથી મોટા મહાનુભાવોમાં ગણના પામવા માટે ચિત્ર-વિચિત્ર ઉછળ-કૂદ કરવાની. છીછરા લોકો જો આ છીછરી હરકતોમાં ફસાયેલા રહે તો પણ કાંઈ ન હતું, પરંતુ વરિષ્ઠો પર નિમ્ન સ્તરનો અવસાદ વધતો રહે, તો તેમની વિશિષ્ટતા પર લાગેલું 'કલંક-ગ્રહણ' જ કહેવાશે.

પ્રજ્ઞાપરિવાર યુગનિર્માણ યોજનાને અન્ય સંગઠનો, આંદોલનો, સભા-સંસ્થાઓ સમાન ન માનવી જોઈએ. આ યુગસર્જન નિમિત્તે અગ્રગણ્ય મૂર્ધન્ય લોકોનો એક સુ-સંસ્કારી પરિવાર છે. તેના સભ્યોએ,પ્રજ્ઞા પરિજનોએ પ્રસ્તુત યુગ-પડકાર ઝીલી જ લેવો જોઈએ. આમાં કોઈએ પણ પરિસ્થિતિની વિષમતા અથવા પ્રતિકૂળતાનું બહાનું આગળ ન ધરવું જોઈએ. વ્યસ્તમાં વ્યસ્ત અને દરિદ્રમાં દરિદ્ર વ્યક્તિ પણ આ વિષમ કાળમાં એક રીતે નહિ તો બીજી રીતે કોઈ ને કોઈ એવી ભૂમિકા નિભાવી શકે છે, જે અગણિત લોકો માટે અનુકરણીય કહી શકાય. અમુક અમુક જવાબદારીઓથી નિવૃત્ત થયા પછી નિશ્ચિંત બની સંન્યાસ ધારણ કરીને લોકમાંગલ્યમાં લાગી જવાનાં સ્વપ્ન સંસારમાં કોઈએ પણ ન જોવાં જોઈએ. આવતે વર્ષે આપણામાંથી અમુક વ્યક્તિઓ જીવિત હશે જ તેની કોઈ ખાતરી નથી. જે આજની પરિસ્થિતિમાં સંભવ છે, તેટલી જ વાત વિચારવી અને કરવી જોઈએ. જાગૃત આત્માઓએ કેવળ એક જ વાત વિચારવી જોઈએ કે સમયના જે પડકારે જાગૃત આત્માઓને કાન પકડીને ઢંઢોળ્યા છે, તેના ઉત્તરમાં તેમણે કમર કસીને ઊભા રહેવાનું છે.

**વિચારો આપને કહે છે કે, " અમને મનના જેલખાનામાં જ ધરબીને મારશો નહીં પરંતુ શરીરનાં કાર્યો દ્વારા જગતમાં આવવા દો. મનુષ્ય ઉત્તમ લેખક, યોગ્ય વક્તા, ઉચ્ચ કલાકાર તથા એ જે ચાહે તે ખૂબ જ સહજતાથી બની શકે છે, પરંતુ એક શરત છે કે એ પોતાના શુભ સંકલ્પોને ક્રિયાશીલ બનાવી દે. એમને દૈનિક જીવનમાં કરી બતાવે. જે કાંઈ વિચારે છે એને પરિશ્રમ દ્વારા, પ્રયત્ન દ્વારા, પોતાના સામર્થ્ય દ્વારા સાકાર કરી આપે. શુદ્ધ વિચારોની ઉપયોગિતા ત્યારે જ પ્રગટ થશે, જ્યારે અંતઃકરણના ચિત્રોને શરીરના કાર્યો દ્વારા ક્રિયાન્વિત કરવાનો પ્રયત્ન કરવામાં આવશે.**

કાફલો લાંબો છે, જવાનું દૂર છે, પરંતુ માર્ગમાં સાથીઓને ભટકતા જોઈને દુઃખ થાય છે. મંજિલ સુધી પહોંચતાં પહોંચતાં શું આંગળીઓના વેઢે ગણવા જેટલા સાથીઓ રહી જશે ? આ આશંકાથી અત્યારે છાતી ધડકી ઊઠે છે અને માથું ભમવા લાગે છે. પૂજ્ય ગુરુદેવની વેદના આજે પણ આ જ છે. આપણે બધાએ આપણા પ્રતિ આત્મચિંતન કરીને તેમની આકાંક્ષાઓની પૂર્તિ માટે સાધના દ્વારા વિચારોમાં પરિવર્તન લાવીને તૈયાર રહેવા, સંગઠિત રહેવા હરસંભવ પ્રયાસો કઠોરતાપૂર્વક કરવા જોઈએ.

પૂજ્ય ગુરુદેવે લખ્યું છે - "વ્યક્તિગત ભાગ્યોદયને તથા ઈતિહાસ પ્રવાહને અનુકૂળ થવાની દૃષ્ટિએ સાંપ્રત સમય એવો જ છે, જેનો લાભ ઉઠાવવો જ જોઈએ. જે આ અવસર ચૂકી જશે, તેઓ પસ્તાશે. સમય મનુષ્યની ઈચ્છા અથવા ચેષ્ટાની પ્રતીક્ષા કરતો નથી. તે તો આવે છે અને વીજળીની જેમ ઝબકીને ચાલ્યો જાય છે. જેઓ તેને ઓળખે છે, તેઓ તેને પકડવાનો પ્રયત્ન કરે છે.તેઓ પોતાની સૂઝ-સમજને પ્રશંસતા રહે છે. દીર્ઘસૂત્રી પ્રમાદી સદાય ખોટમાં રહે છે. જેમને અસાધારણ સમયને ઓળખવામાં તથા તેને પકડવા,પ્રયોજવામાં ભૂલ થાય છે, તેઓ અનંતકાળ સુધી પસ્તાતા રહે છે. સાહસિક લોકોએ આદર્શવાદી નિર્ણય અંતઃપ્રેરણાથી કર્યા છે. ઈમાન અને ભગવાનનો પરામર્શ લેવા સિવાય કોઈ ત્રીજી વ્યક્તિને પડપૂછ કરવાની આવા લોકોને જરૂર પડતી જ નથી. ઉત્કૃષ્ટ ચિંતન, પરિષ્કૃત



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

ચારિત્ર્ય અને લોકમંગલ માટે ઉદાર અનુદાન, ત્રણેય લક્ષ્ય એવાં છે, જે બધાં મળીને ત્રિવેણી સંગમની જેમ તીર્થરાજ બની રહે છે અને તેમાં ડૂબકી મારનારાઓને તુરંત કાયાકલ્પ કરવા જેવું પ્રતિફળ આપે છે.''

હાલમાં આવા જ ઉદાર ચિત્તવાળાઓની અત્યંત આવશ્યકતા છે. મહાકાળનું યુગ-નિમંત્રણ તેમને માટે જ ઊભરી આવ્યું છે. યુગસંધિમાં આ પુણ્યપર્વ પર તેમણે આગળ આવવું જોઈએ, અંતઃપ્રેરણાનું અનુકરણ કરવું જોઈએ અને માનવીય ભવિષ્યનો સ્પષ્ટ, ફેંસલો થવાની આ નિર્ણાયક ઘડીમાં યુગપુરુષો જેવી ભૂમિકા ભજવવી જોઈએ. આ ઉદાર સાહસિકતાને અપનાવવામાં જે કંજૂસની જેમ અવઢવમાં છે, તેમને ઝાડુથી વાળીને કચરા-પૂંજાના ઢગલામાં જઈ નાખી દેવા જોઈએ. યુગધર્મના નિભાવમાં સમયદાન, અંશદાન એમ બેવડી આવશ્યકતાઓ પૂરી કરવાની રહેશે. તેમને ઋષિના રક્તથી ભરેલા ઘડાની જેમ પહેલ કરવી પડશે, જેથી યુગ સંસ્કૃતિની સીતાનું અભિનવ સર્જન થઈ શકે. ત્યાગ-બલિદાનની પુણ્ય પરંપરા જાગૃત આત્માઓએ પોતાના જ જીવનક્રમથી શરૂ કરવી પડશે. યુગસર્જનમાં આગામી દિવસોમાં હરેક વ્યક્તિએ સંયમી અને ઉદાર બનવું જ પડશે. તેનો શુભારંભ જાગૃત આત્માઓ સ્વયં કરે તો જ વાત પાટે ચડશે. ''પરોપદેશમાં કુશળ'' સારું ભાષણ તો આપી શકે છે, પરંતુ તેનું અનુકરણ કરવા માટે એક પણ કદમ આગળ ધપનાર શું કોઈ જ નથી ?

## ગાયત્રી તપોભૂમિની સ્થાપનાનો ઉદ્દેશ

પૂજ્ય ગુરુદેવે ગાયત્રી તપોભૂમિ બનતાં પહેલાં જ જુલાઈ-૧૯૫૨માં લખ્યું છે - ''ગાયત્રી તીર્થ મથુરામાં બની રહ્યું છે. તેની પોતાની કેટલીક વિશેષતા રહેશે. લાખ્ખો મંદિરોમાં એક મંદિરની સંખ્યા વધારી દેવાથી કોઈ લાભ નથી. આ તીર્થને એવું બનાવવું છે, જેનાથી ગાયત્રીની વિશેષ સત્તાની ઉપસ્થિતિ પ્રત્યક્ષ અનુભવી શકાય. જેવી રીતે બરફની પાસે ઠંડક અને સળગતી ભઠ્ઠીની પાસે ગરમીનો અનુભવ થાય છે, એ જ રીતે આ તીર્થમાં એવી ચૈતન્ય-શક્તિનું અવતરણ કરવું જોઈએ, જેની શાંતિ અને સાત્ત્વિકતાને, શક્તિ અને પ્રેરણાને, પ્રકાશ અને પ્રમાણને પ્રત્યક્ષ અનુભવી શકાય. આવું ચૈતન્ય કેન્દ્ર બનાવવામાં આપના વિશેષ સહયોગની આવશ્યકતા છે. તેને સહયોગ આપીને આપ આપનું પણ અને સમસ્ત સંસારનું પણ ભારે કલ્યાણ કરશો.''

બ્રહ્માજીની સલાહથી બધા દેવતાઓએ પોતાની થોડી થોડી શક્તિ એક કેન્દ્ર પર એકત્રિત કરી. તે સમ્મિલિત શક્તિ કેન્દ્રથી પ્રચંડ બળવાન સિંહવાહિની દુર્ગા પેદા થઈ. આ રીતે સીતાનો જન્મ થયો. ઉચ્ચ આત્માઓનું બ્રહ્મબળ અને તપ એક સ્થળે એકત્રિત થાય, તો નિશ્ચિતપણે તેનું સમ્મિલિત કેન્દ્ર અનંત અને પ્રચંડ શક્તિનું ઉદ્‌ગમ સ્થાન બની શકે છે. આજે પણ આસુરી તત્ત્વોનો ઉત્પાત ઓછો નથી. આપણી અંદર બહાર ચારે બાજુ વિશ્વમાં અસુરતાનું સામ્રાજ્ય છવાયેલું છે. **યુગનિર્માણ યોજના જુલાઈ, ૨૦૦૨માં સુવર્ણ જયંતી મહામંત્ર લેખન અભિયાનનો** શુભારંભ કરવાનું આહ્વાન કરી દેવામાં આવ્યું છે. ઈ.સ.૨૦૦૨નું વર્ષ પૂજ્ય ગુરુવરની પ્રેરણાથી સાધના અને સંગઠન સશક્તી વર્ષ ઘોષિત થઈને અત્યારે ચાલી રહ્યું છે. યુગપરિવર્તન સુનિશ્ચિત છે. મનની અવઢવ દૂર કરીને આપણે બધાંએ તે જ કાર્યને પૂર્ણતા સુધી પહોંચાડવાના લક્ષ્યમાં નિયોજિત થઈ જવું જોઈએ, પરંતુ આ કાર્ય ભીડતંત્ર દ્વારા સંભવ નથી. **પરિવર્તન અધ્યાત્મની ધરી પર જ થશે. સાધનાની શક્તિથી જ થશે.** સાધના, મિશનનો પ્રાણ છે.

> ***પોતાની જાતને સંસારની - સર્વાધિક મહત્ત્વપૂર્ણ વ્યક્તિ સમજવી જોઈએ. સફળતા, સ્વાસ્થ્ય, પ્રસન્નતા, સમૃદ્ધિનાં બીજ પોતાનામાં છુપાયેલાં છે. જરૂર છે તેમને વિકસિત કરવાની.***

જૂન, ૧૯૫૩માં પૂજ્ય ગુરુદેવે ગાયત્રી તપોભૂમિનો ભાવિ કાર્યક્રમ દર્શાવતાં લખ્યું, ''ગાયત્રી તપોભૂમિ બની ગયા પછી અને ગાયત્રી મંદિરની પ્રાણ-પ્રતિષ્ઠા થઈ ગયા પછી આ કાર્ય સમાપ્ત નથી થઈ જતું, પરંતુ લુપ્તપ્રાય ગાયત્રીવિદ્યાની દેશવ્યાપી પુનઃપ્રતિષ્ઠાની સ્થાપના થવાનો સુનિશ્ચિત કાર્યક્રમ હવેથી વ્યવસ્થાપૂર્વક શરૂ થવાનો છે. આ સ્થળ તો આ કાર્યક્રમ આરંભ કરવાનું વ્યવસ્થિત સ્થાન માત્ર છે. યોગ્ય સ્થળેથી યોગ્ય કાર્ય કરવાથી જ સદાય સુવિધા થાય છે.''

પૂજ્ય ગુરુદેવે પોતાનું લક્ષ્ય જણાવતાં લખ્યું - ''ત્રસ્ત મનુષ્યતાનું પરિત્રાણ, આધ્યાત્મિક નિષ્ઠા અને ધર્મધારણાની પ્રતિષ્ઠા, માતૃશક્તિની મહાનતાનો પ્રકાશ, ભારતીય સંસ્કૃતિનો પુનરુદ્ધાર એ અમારું લક્ષ્ય છે. સદાચાર, કર્તવ્યપરાયણતા, સદ્‌ભાવ, પવિત્રતા, સંયમ, સદ્‌બુદ્ધિ, આસ્તિકતા અને માનવને ઉચિત જીવનવિધિ વ્યવસ્થા અમારો કાર્યક્રમ છે. ગાયત્રી ઉપાસના એ જ દૈવી સંપત્તિઓનું એક કેન્દ્રબિંદુ છે. આ સંસ્થાની ભાવિ ગતિવિધિ



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

આ જ કાર્યક્રમને પૂર્ણ કરવા માટે હશે."

### ગાયત્રી સાધના તપ-પ્રધાન

પૂજ્ય ગુરુદેવે ઓગસ્ટ, ૧૯૫૩માં ગાયત્રી તીર્થ, મથુરાનો ઉદ્દેશ સમજાવતાં લખ્યું, "વિશ્વાસ કરવો જોઈએ કે સમય પલટાશે તથા આપણી વ્યક્તિગત તથા સામૂહિક સમસ્યાઓ ઊકલશે. ગાયત્રી વિદ્યાનો પુનઃપ્રકાશ પણ વિશ્વકલ્યાણનાં આયોજનોનું એક પ્રમુખ કાર્ય છે. તપ વિના શક્તિ ઉત્પન્ન થતી નથી. ઈતિહાસ સાક્ષી છે કે જે દેવ-દાનવોએ જ્યારે પણ કોઈ અલૌકિક શક્તિ મેળવી છે, મહત્ત્વનું વરદાન મેળવ્યું છે, ત્યારે તેમણે તપ અવશ્ય કરવું પડયું છે. તપથી તપેલા આત્મામાં જ એ ગરમી હોય છે, જેનાથી પાપ, તાપ, કલ્મષ, દુર્ભાવ અને કુસંસ્કાર બળી શકે. તપથી તૃપ્ત આત્મામાં જ તે પ્રકાશ ઉત્પન્ન થાય છે, જેનાથી અવિદ્યા અને માયાનો અંધકાર નષ્ટ થઈને સત્ય તથા પરમાત્માનો સાક્ષાત્કાર થઈ શકે."

તપપ્રધાન માર્ગ ગાયત્રી છે. સૃષ્ટિકર્તા સુધ્ધાંનું એકમાત્ર અવલંબન ગાયત્રી રહી છે. એક પણ ઋષિ એવા દેખાતા નથી, જેમણે ગાયત્રીની ઉપાસના વિના ઋષિત્વ પ્રાપ્ત કર્યું હોય. તપનો નિશ્ચિત આધાર ગાયત્રી છે. તપસ્વી જ કોઈપણ રાષ્ટ્રની સાચી સંપત્તિ છે. રાષ્ટ્રોનું સ્થાયી નિર્માણ તપસ્વીઓ જ કરે છે. તેનું સ્થૂળ શ્રેય મોટે ભાગે કોઈ સૌભાગ્યશાળી વ્યક્તિઓને અથવા સંસ્થાઓને પ્રાપ્ત થાય છે, પરંતુ એ રહસ્યને બહુ ઓછા લોકો જાણે છે કે સૂક્ષ્મ વાતાવરણ બનાવવા અને પ્રગટ શક્તિઓને ઉત્પન્ન કરવામાં ઘણું ખરું અજ્ઞાત, અપ્રગટ અને જનસાધારણની આંખોથી ઓઝલ રહેનાર તપસ્વી જ મુખ્ય કાર્ય કરે છે. મહાત્મા ગાંધી અને કોંગ્રેસને રાષ્ટ્રના નિર્માણનું શ્રેય મળે છે, પરંતુ કોણ જાણે છે કે યોગી અરવિંદ, મહર્ષિ રમણ, રામકૃષ્ણ પરમહંસ, વગેરે અનેક તપસ્વીઓએ ભારતને સારી સ્થિતિમાં લાવવા માટે શું શું કર્યું હશે? આજે આ શક્તિઓ લુપ્ત થઈ ગઈ છે, ત્યારે સર્વત્ર છીછરાપણું જ નજરે ચડે છે. રાષ્ટ્રને સાચા અર્થમાં સંપન્ન બનાવવા માટે તપ એક આવશ્યક તત્ત્વ છે.

પૂજ્ય ગુરુદેવે ગાયત્રી તપોભૂમિ વિશે લખ્યું છે : "આ તીર્થનું સ્થૂળ રૂપ સાધારણ છે, ઈમારત અને પ્રદર્શનની દૃષ્ટિએ તેનું કોઈ બહુ મહત્ત્વ નથી, પરંતુ તેની સાથે જે સૂક્ષ્મ સાંકળ જોડાયેલી છે, તેનાથી ગાયત્રી ઉપાસકોનું આ એક એવું કેન્દ્રીય સંગઠનબિંદુ છે, જ્યાં તેમનો પારસ્પરિક સંબધ, સહયોગ અને મિલન થાય છે. જનસામાન્યમાં આ સંસ્થા દ્વારા વ્યાપક પ્રચાર કરીને ગાયત્રી ઉપાસનાનો અધિકમાં અધિક વિસ્તાર કરવાનું જે આયોજન છે, તેનાથી રાષ્ટ્રમાં એક તપોમય ભૂમિકાનું સૂક્ષ્મ વાયુમંડળ બનશે અને તે વાતાવરણમાં અનેક મનોરમ પુષ્પો પ્રસ્ફુરિત બનશે."

પૂજ્ય ગુરુદેવે ઈ.સ.૧૯૫૩માં પોતાના અનુભવ વિશે લખ્યું : "અમને સમયે સમયે એવા આધ્યાત્મિક અનુભવો થયા છે, જેમાં આવશ્યકતા પૂર્તિ તરફ સંકેત મળ્યો છે. ગાયત્રી મહાશક્તિને ભારત ફરીથી પ્રાપ્ત કરશે. આ મહાવિદ્યાના આધારે આપણે આપણાં ખોઈ દીધેલા અનેક રત્નભંડારોને શોધી શકીશું. તપની રાષ્ટ્રવ્યાપી અભિવૃદ્ધિ થવાથી એવાં નરરત્નો ઉત્પન્ન થશે, જેઓ વ્યાપક સમસ્યાઓનો હલ સહેલાઈથી કરી શકશે. દેશભરમાં ફેલાયેલ જિજ્ઞાસુઓ, સાધકો, તપસ્વીઓ તથા સિદ્ધ પુરુષોના સહયોગથી જે કાર્ય કરવામાં સંલગ્ન છે, તે સુવર્ણયુગનો પૂર્વસંકેત છે. પ્રભુની ઈચ્છા અને પ્રેરણાથી વિશ્વની એક મહાન આવશ્યકતાની પૂર્તિ માટે આ શુભારંભ થયો છે. તેનો અંત કેટલો મહાન છે, તેની કલ્પના કરવાનું પણ કઠિન થઈ પડશે."

### શ્રમદાન પણ, સમયદાન પણ

પૂજ્ય ગુરુદેવે સમયદાનની મહત્તા વિશે લખ્યું છે, કેવળ એકાંતમાં જ થોડી ઘણી સાધના કરવા કરતાં અનેક વ્યક્તિઓને ગાયત્રી ઉપાસનાનું મહત્ત્વ સમજાવવું અને ઉપાસનાના માર્ગ પર તેમને લગાવી દેવા, તે વધારે મહત્ત્વનું છે. થોડીક વ્યક્તિ આત્મલાભ પ્રાપ્ત કરી લે અથવા મુક્તિ પ્રાપ્તિ કરી લે, તેનાથી કેવળ તે થોડીક જ વ્યક્તિઓનો લાભ છે, પરંતુ જો અનેક વ્યક્તિઓ સન્માર્ગગામી હોય,

**આત્મવિશ્વાસ, આત્મજ્ઞાન અને આત્મસંયમ-**
**જીવનને બળ અને સંબળ પ્રદાન કરે છે**

તો સંસારના ગંદા વાતાવરણને ઠીક કરી શકે છે. પોતાની સાધનાની સાથોસાથ ગાયત્રી પ્રચાર માટે પ્રયત્નો કરવાથી લોકો સન્માર્ગગામી થાય છે, તે પ્રયત્નકર્તાને પણ વિશેષ પુણ્યફળ પ્રાપ્ત થાય છે. આ રીતે અનેક વ્યક્તિઓને સન્માર્ગ પર વાળવાનું પુણ્યફળ થોડીક એકાંત સાધનાની તુલનામાં કંઈ કેટલાય ગણું વધારે મળી જાય છે. અમારી પ્રાર્થના છે કે પ્રત્યેક ગાયત્રીપ્રેમી પોતાનો કંઈક ને કંઈક સમય આ કાર્યમાં લગાડીને ગાયત્રી માતાને શ્રમદાન અને સમયદાન કરે. ધનદાનની તુલનામાં સમયદાનનું મૂલ્ય અનેકગણું વધારે છે."

### સુવર્ણજયંતી વર્ષ અને મંત્રલેખન સાધના

યુગનિર્માણ યોજનાનું પ્રત્યક્ષ રૂપ, સર્વ સાધારણની દૃષ્ટિમાં ગાયત્રી તપોભૂમિ કેન્દ્રના રૂપમાં ઈ.સ. ૧૯૫૨માં સામે આવ્યું. મિશનનો પ્રત્યક્ષ પરિચય જનસામાન્યને



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

ગાયત્રી આંદોલન અને યુગ નિર્માણના રૂપમાં પચાસ વર્ષો પહેલાં મળ્યો. આ વર્ષને ગાયત્રી તપોભૂમિની સ્થાપના અને એક યુગાંતરીય મિશનની સુવર્ણજયંતી વર્ષના રૂપે ઉજવવામાં આવી રહ્યું છે. સુવર્ણ જયંતી વર્ષમાં આંતરરાષ્ટ્રીય ગાયત્રી પરિવારમાંથી બે લાખ તેજસ્વી અગ્રદૂત પ્રચારકોના માધ્યમથી બે કરોડ નૈષ્ઠિકોને મંત્રલેખન અભિયાન દ્વારા સાધકો બનાવવાનો પ્રયાસ ચાલી રહ્યો છે. ગાયત્રી જયંતી ૧૦ જૂનના દિવસે આપણા પોતાના દ્વારા કરવામાં આવેલાં કાર્યોની સમીક્ષા કરવાની છે કે આપણા ક્ષેત્રમાં આપણે કેટલાં લક્ષ્યને પૂરું કરી શકયા છીએ. 'અખંડ જયોતિ' ઓકટોબર, ૨૦૦૨ના અંકમાં **ગાયત્રી તપોભૂમિને સુવર્ણ જયંતિ વર્ષની એક મહત્ત્વપૂર્ણ સ્થાપના, સમગ્ર ભારતવર્ષ જ તપોભૂમિ બને,** એ જ એકમાત્ર સંકલ્પ વાંચ્યો હશે. તેમાં લખ્યું છે કે માત્ર આશા જ નહિ, પૂર્ણ વિશ્વાસ છે કે આ એક વર્ષમાં આપણે ગાયત્રી તપોભૂમિની તપ-ઊર્જાને સમસ્ત ભારતભૂમિમાં વિખેરવામાં સફળ થઈશું.

ગાયત્રી તપોભૂમિની સ્થાપના પહેલાં પૂજ્ય ગુરુદેવે ૨૪ લાખનાં ૨૪ પુરશ્ચરણ કર્યા પછી ગાયત્રી જયંતી ૧૯૫૩માં પ્રાણપ્રતિષ્ઠા કરી હતી. એટલા માટે ૨૪૦૦૦ સાધકો પાસેથી ૨૪૦૦ મંત્રલેખન દ્વારા તેટલી જ સાધના થઈ જાય છે. આ ૨૪૦૦૦ પુસ્તકો જ્યાં પણ સ્થાપિત થયેલાં હશે, ત્યાં પૂજ્ય ગુરુદેવનું તીર્થસ્થળ બની જશે. પૂજ્ય ગુરુદેવે લખ્યું છે : "પ્રત્યેક ગાયત્રી-ઉપાસકના હાથે લખાયેલ ગાયત્રીમંત્ર જ્યારે એક સ્થળે સ્થાપિત કરવામાં આવશે, ઉપાસકોની ભાવના, તપસ્યા, બ્રહ્મસાધના, શ્રદ્ધા અને આત્મશક્તિનું એક સ્થળે કેન્દ્રીકરણ થવાથી તે સ્થાનમાં એક પ્રચંડ બ્રહ્મતેજ પ્રજ્વલિત રહેશે, તે સ્થળે બેસવા માત્રથી અશાંત વ્યક્તિઓને શાંતિ મળી શકે છે. આવાં આધ્યાત્મિક શક્તિ સંસ્થાનની સ્થાપનામાં બધા જ ગાયત્રી ઉપાસકોએ ભાગ લેવો જોઈએ."

## પૂજ્યવરની વ્યથા અને આપણી આત્મસમીક્ષા

પૂજ્ય ગુરુદેવ પોતાની કાયાની લીલા સમેટવાનાં તાણા-વાણા ગૂંથવા લાગ્યા હતા. તે દિવસોમાં તેમના હાવભાવમાં, ક્રિયા, દૃષ્ટિ, શબ્દ બધામાં અનોખાપણું વર્તાતું હતું. એક દિવસ શાંતિકુંજમાં જવાબદારી સંભાળી રહેલ મુખ્ય કાર્યકર્તાઓને લક્ષ્ય બનાવીને કહેવા લાગ્યા, "તમે લોકો નીચે પરિજનોને સમજાવો કે સમય બહુ જ વિકટ આવી રહ્યો છે. પોતાની (જીવન) નાવ માતાજીના બેડા સાથે બાંધી રાખજો, નહિ તો આફતમાં મુકાઈ જશો. એક વાત બીજી પણ કહેવાની છે કે યુગસર્જન માટે યુગશક્તિ વિશેષ અનુદાન આપનારી છે. જ્યારે કોઈ મહત્ત્વપૂર્ણ લાભ મળવાનો હોય છે, ત્યારે હર એક પિતાને મન થાય છે કે દિવ્ય અનુદાનનો લાભ તેમનાં બાળકોને પહેલાં મળે, પરંતુ તેને માટે કેટલીક શરતો પરિપૂર્ણ કરવી પડશે. પોતાનાં વ્યક્તિત્વોને નવી જવાબદારીઓ ઉઠાવવા યોગ્ય, સમર્થ અને પ્રામાણિક બનાવવાં પડશે. જો તમે યુગચેતનાની કસોટી પર ખરા-સાબિત ન થયા, તો પણ ભગવાનનું કાર્ય અટકશે નહિ. તેઓ તે અન્ય માધ્યમો દ્વારા કરાવી લેશે, પરંતુ જો એમ થયું તો મને પીડા થશે." અને આ શબ્દો કહેતાં કહેતાં તેમની આંખોમાંથી આંસુ ટપકી પડયાં.

તમે, અમે સૌ પોતપોતાનું આત્મચિંતન પોતાની પ્રામાણિકતાની કસોટી પર કસીને કરીએ. કેવા પૂર્ણમનોયોગની સાથે શાંતિકુંજ, હરિદ્વાર, યુગનિર્માણ-યોજના, મથુરા દ્વારા સમયે-સમયે પ્રસારિત કાર્યક્રમ-યોજનાઓ, પોતાનાં સાથે પોતાની વાતમાં અથવા આત્મીય અનુરોધમાં અથવા લેખોમાં 'અખંડ જ્યોતિ', યુગનિર્માણ યોજના, યુગશક્તિ ગાયત્રી ગુજરાતી, પ્રજ્ઞા અભિયાનમાં પ્રકાશિત થઈ રહ્યા છે, તે બધાં પરિજનો, બહેનો, નવયુવકો વાંચતાં રહે છે. તેને પરિપૂર્ણ કરવામાં યથાશક્તિ લાગી જાય, આ અમારો ભાવભર્યો અનુરોધ છે. બધા જ કાર્યક્રમો પૂજ્ય ગુરુદેવની પ્રેરણાથી જ પ્રકાશિત થાય છે. સૌપ્રથમ, સંગઠનને સુદૃઢ કરવું, તે આપણા સૌ માટે પરમ આવશ્યક છે.

પ્રકાશન તંત્રને સુદૃઢ બનાવવા માટે જે ભાઈ-બહેનોએ સ્વેચ્છાએ આર્થિક સહયોગ મોકલ્યો છે, તે બધાને હાર્દિક ધન્યવાદ કરતાં તેમને અનુરોધ કરીએ છીએ કે પૂજ્ય ગુરુદેવને વિચારોના રૂપમાં પ્રત્યેક મનુષ્ય સુધી પહોંચાડવા માટે ફેબ્રુઆરી, ૨૦૦૩ યુગનિર્માણ યોજના, અખંડ જ્યોતિ, પ્રજ્ઞા અભિયાન અને યુગ શક્તિ ગાયત્રી - ગુજરાતી પત્રિકામાં ભાવભર્યો અનુરોધ બધા સમર્થ પરિજનોને વંચાવીને, વિચાર-ગોષ્ઠિ કરીને, પ્રેરણા-પ્રોત્સાહન આપીને, સંગ્રહ કરીને, અધિકમાં અધિક સહયોગ, ધનરાશિ મોકલવાનો પ્રયાસ કરે. ભગવાનનું કાર્ય સ્વયં ભગવાન પૂરું કરશે. જેમનું ધન જ્ઞાનયજ્ઞમાં પ્રયોજાવાનું હશે, તેમનું પ્રયોજાશે, પરંતુ આપણા બધાનું કર્તવ્ય,દરેક ભાઈ-બહેનને માહિતી આપવાનું છે અને આપણે પ્રયાસ કરવાનો છે. પૂજ્ય ગુરુદેવ પોતાનું કાર્ય સ્વયં કરાવી લેશે. ગુરુદેવના કોઈ સંકલ્પો માની કૃપાથી અધૂરા રહ્યા નથી. તેથી પૂરા થયા છે અને થશે. હજી પણ 'ભામાશાહો'ની ખોટ નથી. બધાં જ પ્રાણવાન ભાઈ-બહેનો જ્યારે પ્રકાશન તંત્રની ઉપયોગિતા, આત્મીયતા સાથે બતાવશે, ત્યારે દાન આપનારાઓની કમી રહેશે નહીં. આપે પોતે કરેલા પ્રયાસોની જાણ કરતા રહો.



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

(યુગ ગીતા-૪૬)

# પરમ શાંતિરૂપી મુક્તિનો એકમાત્ર માર્ગ

**(કર્મ-સંન્યાસ યોગ નામના ગીતાના પાંચમા અધ્યાયની બારમી કડી)**

***ગયા અંકની અગિયારમી કડીમાં ૨૩, ૨૪ અને ૨૫મા શ્લોકની વિસ્તારપૂર્વક વ્યાખ્યા કરવામાં આવી હતી, શ્રીકૃષ્ણ કહે છે કે જે વ્યક્તિ દેહ રહેતાં કામ,ક્રોધના વેગને સહન કરી લે છે, તેઓ જ પોતાનું વ્યક્તિત્વ સર્વાંગ સંપૂર્ણ બનાવી શકે છે અને સાચા અર્થમાં સુખી નર કહેવડાવવા યોગ્ય છે. મોક્ષ મનુષ્યને જીવિત રહીને પણ મળી શકે છે અને તેના માટે જિતેન્દ્રિય બનવું જરૂરી છે. સાચું સુખ પરિષ્કૃત વ્યક્તિત્વવાળા માણસને જ મળે છે. તેના માટે પોતાની કામવાસનાના આવેશ તથા ક્રોધના આવેશ પર નિયંત્રણ જરૂરી છે. સ યુક્તઃ સ સુખી નરઃ । એમ કહીને યોગીને જ યોગેશ્વર સુખી માને છે. તેઓ એમ પણ કહે છે કે દમિત (દમન કરાયેલ) કામ જ ક્રોધનું કારણ બને છે, તેટલા માટે કામબીજનો પરિષ્કાર દેહ રહેતાં જ્ઞાનબીજમાં પરિવર્તિત કરવામાં આવે, તેનાથી શ્રેષ્ઠ પુનરાવૃત્તિ (પુનર્જન્મ) રોકવાનો બીજો કોઈ ઉપાય નથી. શ્રી રામકૃષ્ણ વચનામૃત અને પરમપૂજ્ય ગુરુદેવના 'આધ્યાત્મિક કામવિજ્ઞાન' નામના પુસ્તકનાં ઉદ્ધૃત અવતરણો દ્વારા આ વાતને સમર્થન આપવામાં આવ્યું. આત્મામાં મગ્ન યોગી પરબ્રહ્મ પરમાત્માની સાથે એકાત્મતા સ્થાપિત કરીને બ્રહ્મનિર્વાણ પામે છે આ વાત પણ ભગવાને કહી છે. પોતાની અંદર અનંત આનંદની અનુભૂતિ કરવી હોય તો બહિર્મુખીમાંથી અંતર્મુખી બનવું જ પડશે. આવો યોગી સાધક, જેનાં બધાં પાપો નષ્ટ થઈ જાય છે, વાસનાઓ ક્ષીણ થઈ જાય છે, તે રૂપ બદલી લે છે, સંશયો પણ નીકળી જાય છે તથા જેઓ જિતેન્દ્રિય હોય છે, એવી વ્યક્તિ ઋષિ કહેવાય છે અને આ જીવનમાં શરીર રહેવા છતાં જીવનમુક્તિને, મોક્ષને પ્રાપ્ત કરે છે. આ ત્રણેય શ્લોકો સંક્ષેપમાં આપણને દિવ્યકર્મી, સેવાભાવી, સમાજશિલ્પી બનવા માટેનું આમંત્રણ આપે છે. આવા જ પ્રકાશસ્તંભોની આજે સર્વાધિક જરૂર પણ છે. આ જ બાબતે ગત વિચારશૃંખલાનું સમાપન કરવામાં આવ્યું હતું.***

### એક વિહંગાવલોકન

પાંચમા અધ્યાયનો શુભારંભ કર્મસંન્યાસ અને કર્મયોગ સંબંધી અર્જુનની જિજ્ઞાસા સાથે થયો હતો. કર્મયોગથી સંન્યાસ સુધીની ચર્ચા કરતાં ૨૫મા શ્લોકમાં આપણે જ્ઞાનની પરાકાષ્ઠા પર પહોંચી જઈએ છીએ. તેઓ કહે છે પંડિતજનો-વિદ્વદ્જનો સંન્યાસ અને કર્મયોગને એક સમાન ફળ આપનારાં માને છે. શ્રેષ્ઠ દિવ્યકર્મી બનવા માટે જિતેન્દ્રિય, વિશુદ્ધ અંતઃકરણવાળા બનીને આસક્તિ રહિત કર્મ કરનાર તરીકે પોતાની જાતને સ્થાપિત કરવાની રહેશે. અંતઃકરણની શુદ્ધિ, જ્ઞાનની પ્રાપ્તિ અને તે જ પરબ્રહ્મમાં તદ્રૂપતા, વ્યક્તિને તે સ્થાન પર પહોંચાડી દે છે, જ્યાં તે બ્રહ્મમાં સ્થિત થઈને મોક્ષને, અનંત સુખ પ્રાપ્ત કરી લે છે. હવે આગળના ૨૬મા શ્લોકમાં ભગવાન બ્રહ્મવેત્તા, મોક્ષને પ્રાપ્ત દિવ્યકર્મીને પ્રાપ્ત થનારી સિદ્ધિઓ-ઉપલબ્ધિઓની, તદુપરાંત ધ્યાનસ્થ થઈને મુક્ત થવા તથા અંતમાં પરમાત્મતત્ત્વ સાથે સાક્ષાત્કાર પ્રાપ્ત થવાની ચર્ચા કરીને આ અધ્યાયનું સમાપન કરીએ છીએ.

છવ્વીસમો (૨૬મો) શ્લોક આ રીતે છે -

**કામક્રોધવિયુક્તાનાં યતીનાં યતચેતસામ્ ।**
**અભિતો બ્રહ્મનિર્વાણં વર્તતે વિદિતાત્મનામ્ ॥ ૫ / ૨૬**

તેનો શબ્દાર્થ કરીને જોઈએ -

કામ-ક્રોધ આદિ વિકારોથી મુક્ત (**કામક્રોધ વિયુક્તાનાં**) સંયત ચિત્તવાળા(**યતચેતસામ્**) આત્મજ્ઞ (**વિદિતાત્મનામ્**) યતિગણોને (**યતીનાં**) દેહ છોડતાં પહેલાં અને તે પછી (**અભિતઃ**) બ્રાહ્મી સ્થિતિની અવસ્થામાં નિર્વાણની (**બ્રહ્મનિર્વાણં**) પ્રાપ્તિ થાય છે (**વર્તતે**).

આખા શ્લોકનો ભાવાર્થ - આત્મજ્ઞાની જેમણે કામ-



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

ક્રોધથી મુક્તિ મેળવી છે, જેમનું ચિત્ત જિતાયેલું છે, જેમની ઇન્દ્રિયો અને મન નિયંત્રણમાં છે, એવા સાધક લોકો જ ઈહલોકમાં અને પરલોકમાં બ્રહ્મનિર્વાણને પ્રાપ્ત કરે છે અર્થાત્ શાંત પરબ્રહ્મ પરમાત્માનો સાક્ષાત્કાર કરે છે.

### બ્રાહ્મી સ્થિતિમાં મોક્ષપદની પ્રાપ્તિ

બ્રહ્મનિર્વાણની ચર્ચા યોગેશ્વર શ્રીકૃષ્ણ ગત બે શ્લોકોમાં કરી રહ્યા છે, જેની વિસ્તારપૂર્વકની વ્યાખ્યા ગત અંકમાં કરવામાં આવી છે. આત્મસ્વરૂપ બ્રહ્મમાં સ્થિર થઈને મોક્ષ-લાભ પ્રાપ્ત કરવો એ બ્રહ્મનિર્વાણ કહેવાય છે. આ એક પ્રકારનું પદ છે, જેને પ્રાપ્ત કરવાની દરેક મનુષ્યમાં અભિલાષા હોવી જોઈએ. બ્રાહ્મી સ્થિતિમાં નિર્વાણ-મોક્ષની પ્રાપ્તિ એ આપણું લક્ષ્ય હો, એમ શ્રીકૃષ્ણ ઈચ્છે છે. તે માટે તેઓ પહેલાં જ જણાવી ચૂક્યા છે કે આવી વ્યક્તિઓનાં બધાં પાપો (વાસનાઓ) નાશ પામવાં જોઈએ, સંશયોની નિવૃત્તિ જ્ઞાન દ્વારા થઈ જવી જોઈએ, ઈન્દ્રિયો તેમના પોતાના વશમાં હોવી જોઈએ તથા તેમને બધાના કલ્યાણ માટે નિરંતર નિષ્કામ કર્મમાં નિરત રહીને જીવન જીવવું જોઈએ. આવું થતાં તેઓ આ જ જીવનમાં મોક્ષ-લાભ (જીવનમુક્તિ, બંધનમુક્તિ) પ્રાપ્ત કરે છે.

હવે આ છવ્વીસમા શ્લોકમાં તેમનું કથન છે કે શરીર છોડતાં પહેલાં અથવા પછીથી બ્રહ્મનિર્વાણ પામવું હોય, પરબ્રહ્મ પરમાત્મા સાથે સાક્ષાત્કાર કરવો હોય તો કેટલીક અનિવાર્ય તપપ્રધાન શરતો છે, જે પૂરી કરવી જ રહેશે. એ છે -

(૧) કામ, ક્રોધ આદિ વિકારોથી મુક્તિ મેળવી લેવી.

(૨) સંયત ચિત્તવાળા બનવું (ચિત્ત પર વિજય પ્રાપ્ત કરવો).

(૩) આત્મજ્ઞ પુરુષ થવું (આત્મસત્તાની જાણકારી, આત્મજ્ઞાન થવું).

આ ત્રણ શરતો પૂરી કરતાં જ આપણે યતિ-યોગની ઉપાધિ મેળવી લઈએ છીએ, ત્યારે આપણને બંધનોમાંથી મુક્ત થતાં કોઈ રોકી શકતું નથી. બની શકે કે આ શરીર રહેતાં જ મળી જાય, બની શકે કે તે મૃત્યુ પછી મળી જાય, પરંતુ એ સુનિશ્ચિત છે કે આપણે નિશ્ચિંતપણે પરબ્રહ્મ પરમાત્માનો સાક્ષાત્કાર કરીને શાંતિ પ્રાપ્ત કરી શકીશું, લૌકિક કોલાહલથી મુક્તિ મેળવી શકીશું અને તે ઈચ્છિત પદ પ્રાપ્ત કરી શકીશું, જેને માટે આપણો જન્મ થયો છે.

### યતિ બનવાની અનિવાર્ય શરતો

ધીમેધીમે કર્મયોગના દર્શન પક્ષની ચર્ચા કરીને શ્રીકૃષ્ણ હવે તેના વ્યાવહારિક પક્ષ પર આવી રહ્યા છે અને અધીર અર્જુનને આ અંતિમ ઉપસંહારના શ્લોકોમાં કર્મયોગસંપન્ન કરતાં કરતાં ધ્યાનયોગ તરફ પ્રવૃત્ત થવાનું શિક્ષણ આપી રહ્યા છે. હવે પછીના શ્લોકો એ જ ધ્યાનયોગની ભૂમિકા બનાવે છે અને છઠ્ઠો અધ્યાય આપણને વિસ્તારથી એ દિશામાં લઈ જાય છે, એટલા માટે એ બાબત પર વારંવાર ભાર મૂકે છે કે યતિગણને (યોગીજનોને) જેમને બ્રહ્મનિર્વાણ પ્રાપ્ત કરવું છે, તેમણે જે પહેલી બાબત પર ધ્યાન આપવું જોઈએ તે છે, વાસનાઓ ક્ષીણ બનાવીને, તેમને પરિમાર્જિત કરી કામ-ક્રોધરૂપી વિકારોમાંથી મુક્તિ મેળવી લેવી. વાસનાઓ જીવંત રહેતાં યોગ કેવી રીતે સાધી શકાશે ? તે તરફ ધ્યાન કેવી રીતે જશે ? કામબીજને જ્ઞાનબીજમાં બદલવાનું અત્યધિક આવશ્યક છે.

**વિનોદવૃત્તિ સ્વસ્થ ચિત્તની દ્યોતક છે તો બીજી બાજુ વાતવાતમાં વ્યંગ કરવાની વૃત્તિ નીચ ભાવના અને રોગીષ્ટ માનસિક સ્થિતિનું પરિણામ છે. હાસ પરિહાસ તો સ્વસ્થ હોય છે, પરંતુ બીજાઓની મશ્કરી સદા કલહ પેદા કરનાર અને નુકસાનકર્તા હોય છે. મજાક ઉડાડવી અને વિનોદ કરવો એ બે સાવ ભિન્ન પ્રવૃત્તિઓ છે. મજાક કરવાની પ્રવૃત્તિ શરૂ શરૂમાં ભલે સારી લાગે, પરંતુ એનો અંત સદા અંદરોઅંદર ફાટફૂટ, તણાવ અને કટુતામાં આવે છે.**



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

સાધનાપથની આ પહેલી શરત છે. આમ તો સંભોગથી સમાધિ સુધી જાતજાતના આધુનિક 'યોગા'ના શોર્ટકટ ફૂટી નીકળ્યા છે, પરંતુ તેનાથી કોઈ ઉપલબ્ધિ થવાની નથી. થશે ક્યારે ? જ્યારે પોતાનું મન સંયત (યતચેતસામ્) થશે. ચિત્ત નિયંત્રણમાં હોય તો કોઈ પણ બહિરંગની ઉત્તેજના અંદર પ્રવેશીને શાંતિનો ભંગ નથી કરી શકતી.

શ્રીરામકૃષ્ણ પરમહંસ કહે છે, "શુદ્ધાત્મા નિર્લિપ્ત થાય છે. ઈશ્વરમાં વિદ્યા અને અવિદ્યા બન્ને છે, પરંતુ તેઓ નિર્લિપ્ત છે. વ્યાસદેવ યમુના પાર કરી રહ્યા હતા. ત્યાં ગોપીઓ પણ હતી. તેઓ પણ યમુના પાર કરવા ઈચ્છતી હતી - દહીં, દૂધ, માખણ વેચવા માટે. ત્યાં હોડી ન હતી. બધા વિચારવા લાગ્યા, કેવી રીતે યમુના પાર કરીશું. તે વખતે વ્યાસદેવે કહ્યું, 'મને ખૂબ ભૂખ લાગી છે.' ત્યારે ગોપીઓ તેમને દહીં, દૂધ, માખણ, રબડી બધું ખવરાવવા લાગી. વ્યાસદેવ લગભગ બધું સફાચટ કરી ગયા. પછી વ્યાસદેવે યમુનાને કહ્યું, "યમુના, મેં જો કાંઈપણ ખાધું ન હોય તો તમારું જળ બે ભાગમાં વહેંચાઈ જાય. વચ્ચે રસ્તો થઈ જાય અને અમે લોકો નીકળી જઈએ. એમ જ થયું. યમુનાના બે ભાગ પડી ગયા. પેલે પાર જવાનો માર્ગ વચમાં થઈ ગયો આ જ રસ્તેથી ગોપીઓની સાથે વ્યાસદેવ યમુના પાર ઊતરી ગયા." આ સમજાવતાં ઠાકુર રામકૃષ્ણ પરમહંસ કહે છે, મેં નથી ખાધું એનો અર્થ એ જ છે કે હું એ જ શુદ્ધાત્મા છું. શુદ્ધાત્મા નિર્લિપ્ત છે, પ્રકૃતિથી પર છે. તેને નથી ભૂખ લાગતી, નથી તરસ લાગતી. નિર્લિપ્ત છે, પ્રકૃતિથી પર છે. તેને નથી જન્મ, નથી મૃત્યુ. તે અજર, અમર અને સુમેરુવત્ છે. જેને આ જ્ઞાન લાધ્યું, બ્રહ્મજ્ઞાનની પ્રાપ્તિ થઈ, તે જીવનમુક્ત છે. તે ઠીક સમજે છે કે આત્મા અલગ છે, દેહ અલગ છે. ઈશ્વરનાં દર્શન કરતાં દેહાત્મ બુદ્ધિ નથી રહી જતી (પૃષ્ઠ ૫૩-૫૪ 'રામકૃષ્ણ વચનામૃત' તૃતીય).

### અશક્તિ અને તનાવમાંથી મુક્તિનો એકમાત્ર ઉપાય

ઠાકુર રામકૃષ્ણની અમૃતવાણીથી એ સ્પષ્ટ થઈ જાય છે કે વાસ્તવિકતા શી છે. આપણે જો મુક્તિ મેળવવી હોય તો આ કક્ષાની પાત્રતા વિકસિત કરવી જ પડશે. કોઈપણ સાધકની એ મહત્ત્વાકાંક્ષા હોય છે. એક સામાન્ય માણસની આખી જિંદગી વિષયોની પાછળ ભાગવામાં નષ્ટ થઈ જાય છે, શક્તિ ક્રમશઃ નષ્ટ થતી રહે છે. અસંખ્ય કામનાઓની પુષ્ટિ જ આપણા બધાના જીવનનો એકમાત્ર ઉદ્દેશ બની ગઈ છે. શક્તિ નષ્ટ થવાથી દુઃખોની પ્રાપ્તિ થાય છે. ઘોર માનસિક યાતના સહન કરવી પડે છે. તનાવયુક્ત જીવન જીવીને પણ વ્યક્તિ પોતાની કામનાઓની પૂર્તિનો પ્રયાસ કરતી રહે છે. શરીરની શક્તિ પણ ક્રમશઃ ક્ષીણ થતી જાય છે. અશક્તિ તેનું ગળું દબાવે છે, કેમ કે જીવનશક્તિ અસંયમને કારણે જર્જરિત થઈ જાય છે. આજના દરેક યુવાનની આ જ કથની છે. એવો જ યુવાન યોદ્ધો અર્જુન પણ છે, પરંતુ તે યોગેશ્વર શ્રીકૃષ્ણરૂપી ગુરુને પામીને પોતાની સામે આધ્યાત્મિક સ્તરની દિવ્ય સંભાવનાઓ પણ સાકાર થતી જોઈ રહ્યો છે. ગહન ધ્યાન દ્વારા બ્રહ્મ સાક્ષાત્કાર કેવી રીતે કરી શકાય, એ બધું શ્રીકૃષ્ણ તેને જણાવી રહ્યા છે.

બ્રહ્મનિર્વાણની ચર્ચા પછી તરત બે શ્લોકો એવા આવે છે જે આપણને ધ્યાનનું સ્વરૂપ દર્શાવે છે. સાથોસાથ તે યોગીને મુક્ત રહેવાનો ઉપાય પણ સુઝાડે છે. જો કે આ બધું વિસ્તારપૂર્વક આગળના અધ્યાય 'આત્મસંયમ યોગ'માં આવી ગયું છે, પરંતુ અહીં બે શ્લોકો દ્વારા શ્રીકૃષ્ણએ પોતાના પ્રિય શિષ્યને તેની એક ઝલક માત્ર દેખાડી છે. આ શ્લોક

> ***આપણું જીવન દરેક ક્ષણે થોડું થોડું કરીને મરી રહ્યું છે. આ દીપકનું તેલ ધીરે ધીરે ઓછું થઈ રહ્યું છે. આપણે ભવિષ્ય તરફ જઈ રહ્યા છે અને વર્તમાનને ભૂતકાળના ખોળામાં ફેંકતા જઈએ છીએ. આ બધું જોવા છતાં પણ આપણે એમ વિચારતા નથી કે શું વર્તમાનનો પણ કોઈ સદુપયોગ થઈ શકે ખરો ? જે વીતી ગયું તે ગયું. જે આવવાનું છે તે ભવિષ્યના ગર્ભમાં છે. વર્તમાન આપણા હાથમાં છે. જો આપણે ઈચ્છીએ તો એનો સદુપયોગ કરીને આ નાશવંત જીવનમાંથી કંઈક લાભ પ્રાપ્ત કરી શકીએ છીએ.***



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

આ પ્રમાણે છે -

**સ્પર્શાન્કૃત્વા બહિર્બાહ્યાંશ્ચક્ષુશ્ચૈવાન્તરે ભ્રુવોઃ ।**
**પ્રાણાપાનૌ સમૌ કૃત્વા નાસાભ્યન્તરચારિણૌ ॥**
**યતેન્દ્રિયમનોબુદ્ધિર્મુનિર્મોક્ષપરાયણઃ ।**
**વિગતેચ્છાભયક્રોધો યઃ સદા મુક્ત એવ સઃ ॥**
**૫/૨૭-૨૮**

**હવે તેનો શબ્દાર્થ જોઈએ -**

બહારના **(બાહ્યાન્)** સ્પર્શ-શબ્દાદિ વિષય-સંયોગ **(સ્પર્શાન્)** મનની બહાર જ રાખીને **(બહિઃકૃત્વા)** ચક્ષુઓને **(ચક્ષુઃ)** ભ્રૂમધ્ય માર્ગમાં **(ભ્રુવો અન્તરે એવ)** સ્થાપિત કરીને **(સ્થાપયિત્વા)** નાકની અંદર સંચરિત **(નાસા-અભ્યન્તર ચારિણૌ)** પ્રાણ અને અપાન વાયુને **(પ્રાણાપાનૌ)** સમભાવથી સ્થિર રાખીને **(સમૌકૃત્વા)** ઈન્દ્રિય, મન અને બુદ્ધિને સંયત રાખીને **(યત્ ઈન્દ્રિય મનઃ બુદ્ધિઃ)** ઈચ્છા, ભય, ક્રોધથી રહિત બનીને **(વિગત ઈચ્છા-ભયઃ-ક્રોધઃ)** મોક્ષની ઈચ્છા રાખનાર **(મોક્ષપરાયણઃ)** જે **(યઃ)** મુનિ **(મુનિ)** છે, તે સદા મુક્ત જ છે **(સઃ સદા મુક્તઃ એવ)** ૫/૨૭-૨૮

ભાવાર્થ થયો - બહારના વિષયભોગોનું ચિંતન ન કરતાં તેમને મનની બહાર જ કાઢી નાખીને નેત્રોની દૃષ્ટિને ભ્રૂકુટિની મધ્યમાં સ્થિત કરીને તથા નાસિકામાં (નાકમાં) વિચરનાર પ્રાણ અને અપાન વાયુને સમ બનાવીને, જેણે ઈન્દ્રિયો, મન અને બુદ્ધિને જીત્યાં છે, એવો મોક્ષપરાયણ મુનિ (સતત પરમેશ્વરના સ્વરૂપનું મનન કરનાર) જે ઈચ્છા, ભય, ક્રોધથી રહિત બન્યો છે, તે સદાય મુક્ત જ છે.

**"નવરો બેઠો નખ્ખોદ વાળે"ની કહેવત સોળે સોળ આના સાચી છે. જે નવરો બેઠો રહે છે એના મગજમાં બિનજરૂરી અને અનિચ્છનીય વાતો ધોળાયા કરે છે અને તે કંઈ ને કંઈ અનુચિત, અનુપયુક્ત કરે છે તથા તે ઉદ્વિગ્ન અને ત્રાસેલો રહે છે.**

**પરંતુ જે કામમાં તલ્લીન રહે છે એને નકામી વાતોનો વિચાર કરવાની ફુરસદ જ નથી મળતી. એને ઘસઘસાટ ઊંઘ આવે છે, એ ખરાબ સોબત અને ખરાબ વ્યસનોથી પણ બચી જાય છે. જે કાંઈ મહેનત કરીને કમાય છે, એને વ્યર્થમાં ખર્ચતો નથી. આ રીતે પરિશ્રમી વ્યક્તિ અનેક દોષો અને દુર્ગુણોથી બચી જાય છે.**

## સૂત્ર રૂપમાં ધ્યાનની વિધિ

એવું લાગે છે કે મોક્ષ-જીવનમુક્તિ-બ્રહ્મનિર્વાણની સૈદ્ધાંતિક વ્યાખ્યા કરતાં કરતાં શ્રીકૃષ્ણ એકદમ વિધિ પર કેમ આવી ગયા ? કયાંક આ વિષયાંતર તો નથી ? ના, એવું નથી. મુક્ત બનવાનો ઉપાય તેમણે અહીં સૂત્રરૂપે દર્શાવી દીધો છે. તેઓ ક્રમશઃ અર્જુનની જિજ્ઞાસા જાગૃત કરી રહ્યા છે, જે છઠ્ઠા અધ્યાયમાં તેના મનની વેદના 'ચંચલં હિ મનઃ કૃષ્ણ પ્રમાથિ બલવદ્દૃઢમ્' ના રૂપમાં અભિવ્યક્ત થવાની સાથેસાથે તેઓ યોગની પરાકાષ્ઠા પર પણ પોતાના સાધક શિષ્યને લઈ જઈ રહ્યા છે. આ ચિત્તવૃત્તિ નિરોધ, પ્રાણાયામ, પ્રત્યાહાર વગેરેના પતંજલિના અષ્ટાંગ યોગનું વર્ણન છે, જે અહીં રાજયોગરૂપે વ્યાખ્યા કરીને દર્શાવવામાં આવ્યું છે. આ બધી મનને સમાધિ તરફ લઈ જનારી પ્રક્રિયાઓ છે, જેનું લક્ષ્ય મોક્ષ છે. **સંપૂર્ણ કર્મ ચૈતન્યના ત્યાગને અને પરબ્રહ્મમાં પોતાની સત્તાના સંપૂર્ણ અસ્તિત્વને લય કરવાની ક્રિયાને મોક્ષ કહે છે.**

## બ્રહ્મસાક્ષાત્કાર કેવી રીતે ?

જ્યારે સાધક પોતાના મનની ઈચ્છાઓ, કામોદ્વેગો પર નિયંત્રણ પ્રાપ્ત કરીને પોતાનું સમગ્ર ધ્યાન ચૈતન્યની ગહન અવસ્થાઓ તરફ વાળશે ત્યારે જ બ્રહ્મસાક્ષાત્કાર કરી શકશે. સૌથી મહત્ત્વની પદ્ધતિ છે, પોતાની જાતે પોતાની અંદર બેઠેલા પરબ્રહ્મનો સાક્ષાત્કાર કરવાની. શ્રીરામકૃષ્ણ પરમહંસ કહે છે, "હું અને પરબ્રહ્મ બન્ને એક જ છીએ, એ જાણવાનો જ્ઞાની માણસનો ઉદ્દેશ હોવો જોઈએ. માયાને કારણે જ તે આ તત્ત્વને નથી જાણી શક્તો." દરેક વ્યક્તિનું ધ્યાન વિધિમાત્ર બતાવવાથી નહીં લાગે. જેમણે ઈન્દ્રિયો, મન, બુદ્ધિને જીતી લીધાં છે, જે ઈચ્છા, ભય અને ક્રોધથી રહિત છે, એવો મોક્ષની ઈચ્છા રાખનાર, સતત પરમાત્માના સ્વરૂપનું મનન કરનાર જ મુક્તિનો, ધ્યાનની અસફળતાનો, પરબ્રહ્મ સાથે સાક્ષાત્કારનો સાચો અધિકારી છે, પરંતુ આ શ્લોક શ્રીકૃષ્ણનું અંતિમ વાક્ય નથી - આ અધ્યાયનું. છેવટની વાત, પરમ



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

વચન તો તે મહાવાકયના રૂપમાં છે. જે અંતિમ ૨૯મા શ્લોકરૂપે અભિવ્યક્ત થયું છે. તે સમગ્ર કર્મયોગનો મર્મ દર્શાવે છે તથા પુરુષોત્તમના સ્વરૂપને સ્પષ્ટ કરે છે.

**ભોક્તારં યજ્ઞતપસાં સર્વલોકમહેશ્વરમ્ ।**
**સુહૃદં સર્વભૂતાનાં જ્ઞાત્વા માં શાન્તિમૃચ્છતિ ॥**

- ૫/૨૯

**શબ્દાર્થ સમજીએ** - (સમાહિત ચિત્ત યોગી) મને (**મામ્**) યજ્ઞ અને તપસ્યાનો ફળભોક્તા (**યજ્ઞ તપસાં ભોક્તારં**) સમસ્ત લોકોના મહેશ્વર (**સર્વલોક-મહેશ્વરં**) તથા બધા પ્રાણીઓના પરમઉપકારી નિઃસ્વાર્થ દયાળુ (**સર્વભૂતાનાં સુહૃદં**) જાણીને (**જ્ઞાત્વા**) પરમશાંતિ પ્રાપ્ત કરે છે. (**શાંતિ મૃચ્છતિ**) અર્થાત્ જ્યારે (ઉપર દર્શાવેલ વર્ણન અનુસાર સમાહિત ચિત્ત યોગી) સાધક મને શ્રીકૃષ્ણરૂપી ભગવાનને બધા યજ્ઞોનો અને કર્મોનો ભોક્તા, સમસ્ત લોકોનો મહેશ્વર તથા બધા પ્રાણીઓનો પરમ મિત્ર દયાળુ - જાણી લે છે ત્યારે તે પરમ શાંતિરૂપી મુક્તિને પ્રાપ્ત કરે છે. (૫/૨૯)

## સર્વલોક મહેશ્વરમ્

હવે જરા આ શ્લોકનો મહિમા સમજીએ. આ શ્રીગીતાના માધ્યમથી શ્રીકૃષ્ણરૂપી પુરુષોત્તમના મુખેથી નીકળેલું મહાવાક્ય છે. બ્રહ્મનિર્વાણરૂપી શાંતિ ત્યારે જ મળશે, જ્યારે જીવને વિરાટ પુરુષનું જ્ઞાન પણ થાય કે તે કેવો છે શ્રીકૃષ્ણ આખી ગીતામાં સ્થળે સ્થળે અહં મામ્, વગેરે શબ્દોનો પ્રયોગ કરતા દેખાય છે. તેમનો અભિપ્રાય તે જ ભગવાન પરમેશ્વર સાથે છે, જે શક્તિ અને કર્મના સ્વામી છે, પરાત્પર પુરુષ છે, પાર્થના સારથિરૂપમાં આ મહાયુદ્ધમાં અવતરિત થયા છે અને તમામ જીવોના ઈશ્વર છે. તેઓ જો કે બધા યજ્ઞો અને તપોના ભોક્તા છે, એટલા માટે મુક્તિની ઈચ્છા રાખનાર પુરુષે બધાં કર્મો યજ્ઞીય ભાવે તપશ્ચર્યા માનીને કરવાં જોઈએ. તેઓ સર્વલોકનાં મહેશ્વર છે. તેઓ સૌના સૃહૃદ છે, નિઃસ્વાર્થ દયાળુ અને પ્રેમી છે, એટલા માટે તે જ મુનિ કહેવાવા યોગ્ય છે, જે એવો જ વ્યવહાર બધા જીવો સાથે કરે છે. બધા જીવોના કલ્યાણ માટે, સન્માર્ગની પ્રેરણાનો હેતુ જ જેનું જીવન છે, એવા અક્ષર પુરુષોત્તમ ભગવાનની સાથે એક થતાં તે માનવમાત્રને દિવ્યપ્રેમ કરી શકે છે.

## યુગપ્રવર્તનનો કર્મયોગ

યુગધર્મને યુગસાધના સમજનાર જ સાચા અર્થોમાં મુનિ છે, સાચો સંન્યાસી છે. પરમપૂજ્ય ગુરુદેવે આ જ કારણસર આપણને યુગપ્રવર્તનના કાર્યમાં જોડયા છે. તેમણે પોતે કઠોર સાધના કરી, ચોવીસ લાખનાં ચોવીસ ગાયત્રી અનુષ્ઠાન (લગભગ સાઈઠ કરોડ ગાયત્રીમંત્ર જપ) સંપન્ન કર્યા અને આપણને સૌને પણ ન્યૂનતમ ગાયત્રી સાધના સાથે જોડીને આરાધનામાં, કર્મયોગમાં પ્રવૃત્ત કરી દીધા. ગીતામાં ભગવાન અર્જુનને ઓળખે છે કે તેનો ધર્મ સંન્યાસ નથી. કસમયનો, કાચો વૈરાગ્ય ગરબડ ઊભી કરે છે. ક્યારેક તે કહે છે કે હું યુદ્ધ નહીં કરું, વૈરાગ્યનું ભૂત ભગાડવાની કોશિશ કરી રહ્યા છે. એટલા માટે જ કર્મયોગની મહત્તા સમજાવતાં તેને પરબ્રહ્મની સત્તા પ્રત્યે સમર્પિત બનીને યજ્ઞીય ભાવથી કર્મ કરવાનું કહી રહ્યા છે. આ જ પૂજ્યવરે પણ કર્યું. તેમણે પણ આપણાં મનને વાંચ્યાં. આપણને યુગધર્મ નિભાવવાનું કહ્યું. આ યુગમાં પ્રજ્ઞા અભિયાનને વેગ આપવો, વિચારક્રાંતિ અભિયાનને તીવ્ર પણે ફેલાવવું, તે જ સૌથી મોટી સેવા છે. આ જ કુરુક્ષેત્રનું મહાભારત છે. તેમાં જોડાઈને યુદ્ધમાં વિજયી બનવાનું બધાનું લક્ષ્ય હો. એટલા માટે જટિલ સાધનાઓની જંજાળમાં ન ગૂંચવાઈને પરમપૂજ્ય ગુરુદેવે આપણને સૌને જ્ઞાનરૂપી યુગધર્મ સંપન્ન કરવાનું કહ્યું છે.

આ શ્લોકની થોડા વિસ્તાર સાથે આ જ સંદર્ભમાં વ્યાખ્યા કરીને આખા અધ્યાયનો સાર આગામી અંકમાં વાંચીશું. પછી આપણે છઠ્ઠા અધ્યાય તરફ આગળ વધીશું. જે છેલ્લા ત્રણ શ્લોકોનો જ વિસ્તાર છે.

***અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ એન્ડ્રયુ જૈકસનની માતાને એક જહાજ પર નર્સના રૂપમાં વિદેશ જવું પડયું. ત્યારે જૈકસન ચૌદ વર્ષના હતા. માતાએ પોતાના પુત્રને એક બહુ મૂલ્યવાન સંદેશો મોકલ્યો, જેમાં લખ્યું હતું, "જૈકસન, જો હું જીવતી પાછી ન ફરું તો જિંદગીભર મારી એક વાત યાદ રાખજે. આ સંસારમાં દરેક મનુષ્યએ પોતાનો રસ્તો પોતે જ બનાવવો પડે છે. આગળ વધવા માટે સાચા મિત્રોની જરૂર પડે છે. તે તેમને જ મળી રહે છે, જે પોતે ઈમાનદાર છે."***

***તેમણે જીવનભર પોતાની માતાના આ અંતિમ ઉપદેશને યાદ રાખ્યો અને એ જ તેમની સફળતાનો મૂળ મંત્ર બની ગયો.***


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

ચેતનાની શિખરયાત્રા-૧૮

# સિદ્ધિના માર્ગ પર સંકલ્પ-૨

### સાધના સહચરીનું આગમન

ઈ.સ.૧૯૨૭ના સપ્ટેમ્બરમાં શ્રીરામે સોળ વર્ષ પૂરાં કર્યા. મોસાળ પક્ષ દ્વારા બરસૌલી(અલીગઢ)માં પંડિત રૂપરામ શર્માની કન્યાનો પ્રસ્તાવ મૂકવામાં આવ્યો. તેનું નામ હતું સરસ્વતી દેવી. તાઈજી(માતુશ્રી) પોતાના ભાઈની સાથે ભાવિ પુત્રવધૂને જોવા તુરત જ ચાલી નીકળ્યાં. બરસૌલી પહોંચીને સરસ્વતી દેવીને જોતાં જ તેમણે પૂછયું, 'ગૌમાતાની સેવા કરે છે ને બેટી !' કન્યાએ કાંઈ જવાબ ન આપ્યો. શીલ અને લજ્જાવશ તે નીચે જોવા લાગી. રૂપરામજીએ જવાબ વાળ્યો, "બહેનજી આપે ખરું પૂછયું. સરસ્વતીને ગૌસેવા સિવાય બીજું કાંઈ સારું લાગતું નથી." ઘર-કુટુંબની સંભાળ અને સ્વભાવ આદિ વિશે તાઈજીએ વધારે વાત ન કરી. તેમનું માનવું હતું કે કન્યાઓને કોઈપણ વાતાવરણમાં ઢાળી શકાય છે. તેઓ સ્વભાવે ખરાબ હોતી નથી. તેમનામાં દોષ, દુર્ગુણ અને વિકાર આદિ પણ હોતાં નથી. વહુઓ સાથે સાસરિયાં જ પારકાપણું રાખીને તેમને બગાડે છે.

પંડિત રૂપરામ અને ગામનાં બે-ત્રણ સગાં-સંબંધીઓ આંવલખેડા પણ આવ્યાં. તેમણે શ્રીરામને જોયા. તેમની પૈતૃક સંપત્તિ એટલી બધી વધારે હતી કે ખાવા-કમાવાની ચિંતા કરવાની જ નહોતી. પૂજા-પાઠમાં શ્રીરામની પ્રવૃત્તિ અને નિષ્ઠા તો તે બધાને ખૂબ પસંદ પડી. રૂપરામજીને પૂજા-કક્ષનું મંદિર જેવું વાતાવરણ ખૂબ ગમ્યું. તેઓ કહેવા લાગ્યા, "અમારી દીકરીને પણ પૂજાપાઠ ખૂબ ગમે છે. શિવ-પાર્વતીની આરાધના દરરોજ કરે છે. તે પાંચ વર્ષની હતી ત્યારથી જ તેણે આ શરૂ કરી દીધું હતું." આટલું કહીને પંડિત રૂપરામ અટક્યા. શ્રીરામ અને તેમની બાળસેનાના સભ્યોનું સુરાજ્યના કાર્યક્રમોમાં ભાગ લેવાનું વલણ તેમને પસંદ ન હતું. તેમણે ચિંતા વ્યક્ત કરી," કોંગ્રેસીઓની સાથે રહેવાનું અને આંદોલન ચલાવવાનું કાર્ય થોડું જોખમી કામ છે. કાલે કંઈપણ થઈ શકે. આ સંજોગોમાં દીકરી શું કરે ?"

આ ચિંતા ટાળી દેતાં તાઈજીએ કહ્યું, "થવાનું હોય તો કોઈને પણ, ક્યારેય, કંઈ પણ થઈ શકે. આવી હાલત ઊભી થાય તો શું કરી શકાય ? સ્વરાજ આંદોલનમાં માલવિયા મહારાજ સુધ્ધાં અને ગાંધીજી પણ સામેલ છે. આગ્રા-મથુરાના રહેવાસીઓ પણ આંદોલનમાં સામેલ છે. આ તો ગર્વ કરવા જેવી બાબત છે." તાઈજીની વાત સાંભળીને રૂપરામજીના મનનું સમાધાન થયું.

વાગ્દાન વગેરેનો વિધિ-રિવાજ તરત જ સંપન્ન થયો. વિવાહની તિથિ પણ તે સમયે નક્કી કરી લેવામાં આવી. કાર્તિક પૂર્ણિમાના દિવસે આંવલખેડાથી બાર વ્યક્તિઓ જાન લઈને ગઈ. ત્યાં સાદાઈપૂર્વક વિવાહ-સંસ્કાર થયા. શાસ્ત્રોમાં જેને બ્રાહ્મવિવાહ કહેવામાં આવે છે, તે પ્રકારનો વિવાહ. દહેજમાં બે ગાયો અને વર-વધૂ માટે બે-બે જોડ કપડાં આપવામાં આવ્યાં. જાનૈયાઓનો સારી રીતે સત્કાર કરવામાં આવ્યો, પરંતુ કોઈ ધૂમધામ ન થઈ. કોઈ મોટા પાયા પરનું સહભોજન પણ ન થયું. ગામમાં પોતાના વર્ગ-સમુદાયના વીસ-પચ્ચીસ પરિવારો હતા. તેમને જ ભોજન માટે આમંત્રિત કરવામાં આવ્યા. રૂપરામજીની આર્થિક સ્થિતિ બહુ સારી હતી. તેઓ કેટલાંય ગામોને એકસાથે ભોજન કરાવી શક્તા હતા. ઠાઠમાઠમાં કોઈ ઊણપ રહેવા ન દેત, પરંતુ લગ્ન નક્કી કરતી વખતે તાઈજીએ સ્પષ્ટ શબ્દોમાં કહી દીધું હતું કે આ શુભ અવસરે ખોટું ખર્ચ ન કરવામાં આવે, લગ્ન સાદાઈથી જ યોજાય.

### વિવાહ પછી પણ તપ

આંવલખેડા પાછા ફરતાં જ શ્રીરામની દિનચર્યા પહેલાંની જેમ સહજ થઈ ગઈ. લગ્ન-સંસ્કાર અને બીજા રીત-રિવાજો પૂરા કરવામાં ચાર દિવસો લાગ્યા હતા. આ સમયાવધિમાં નિર્ધારિત જપ પૂરા ન થયા. આ ચાર દિવસો દરમિયાન ત્રણ-સાડા ત્રણ કલાક જ જપમાં બેસી શક્યા. બાકી રહી ગયેલા જપ પૂરા કરવા માટે શ્રીરામે ત્રણ દિવસ કંઈ બીજું કામ હાથમાં ન લીધું. માત્ર જપ જ કરતા રહ્યા. સ્નાનાદિ સિવાય કોઈ બીજા કામ માટે પૂજાગૃહમાંથી પણ બહાર ન નીકળ્યા. ચોથા દિવસે જપ પૂરા થયા. ત્યારે જ નિશ્ચિંત બનીને બેઠા. પત્નીએ આવીને ચરણસ્પર્શ કર્યા. તેમણે સહધર્મિણી સામે જોયું. વહુ બનીને ઘેર આવ્યાના પ્રથમ દિવસથી સરસ્વતી દેવી તેમને પ્રણામ કરતાં હતાં. તે તેમના ચરણસ્પર્શ કરી શક્તા નહતાં. કેમ કે શ્રીરામ સ્નાન, પૂજા અને બહાર આવીને ભોજન કરી તુરત જ પૂજાગૃહમાં પાછા જતા. નવવધૂ તેમને દૂરથી જ જોતી અને પ્રણામ કરી લેતી હતી. ચોથા દિવસે તેને ચરણસ્પર્શ કરવાની તક મળી હતી.

તાઈજી ઘરની અંદર કોઈ બીજા ઓરડામાં હતાં. શ્રીરામે પોતાની સહધર્મિણીને બેસવાનું કહ્યું. તેઓ નીચે જમીન


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

પર બેસી ગયાં. "જમીન પર ના બેસો" એમ કહેતાં શ્રીરામ ઊઠયા અને પાસે જ રાખેલું બીજું આસન પાથરી દીધું અને કહ્યું, "આસન પર બેસો". પત્ની સંકોચ અનુભવતાં આસન પર બેઠી. "અહીં ફાવે છે ને ? કોઈ મુશ્કેલી તો નથી ને ?" જેવા પ્રશ્નો પૂછયા પછી તેમણે કહેવાનું શરૂ કર્યું." તું લગ્ન કરીને આવી છો, વિધાતાએ આપણા ભાગ્યમાં દંપતી બનવાનું લખ્યું હતું, તે બની ગયાં. પરંતુ આગળ જતાં તારે ઘણા કષ્ટો વેઠવાં પડે તેવું બને. મારા ખભે ભગવાને કાંઈક એવાં કામો સોંપ્યા છે કે ઘર-ગૃહસ્થી કદાચ હું સારી રીતે સંભાળી ન શકું. તારા પર ધ્યાન આપવામાં કદાચ કોઈ ચૂક રહી જાય. તે સ્થિતિ માટે તું તારા મનને તૈયાર કરજે."

સરસ્વતી દેવીએ કહ્યું, "આ બધી વાતો લગ્ન પહેલાં નક્કી કરવાની હતી, હવે શું ?" તેના આ વાક્ય પરથી એમ લાગ્યું જાણે ઠપકો અપાઈ રહ્યો છે, પરંતુ એમ વાત ન હતી. તેમણે કહ્યું, "પિતાજીએ મને આપની સાથે વિદાય કરી, તો તે ભગવાનની જ ઈચ્છા છે. ભોળાનાથે આપની સાથે ધર્મ નિભાવવાનો આદેશ આપ્યો. આપણે નથી જાણતા કે આગળ જતાં કેવાં કષ્ટ કે સુખ મળવાનાં છે. આપણો ધર્મ આપણે નિભાવીએ, એ જ સૌથી મોટી પ્રસન્નતા છે."

શ્રીરામે પૂછ્યું, "શો છે તમારો ધર્મ ?" ઉત્તર મળ્યો - સ્ત્રી હોવાના નાતે આપનાં ચરણોની સેવા. આપ તપસ્વી છો, ભગવાનને પ્રિય છો. મારું એ મોટું સૌભાગ્ય છે કે આપના રૂપમાં મને મારા આરાધ્ય દેવ (શિવ) જ મળી ગયા." પત્નીનું મન કે આશ્વાસન પામીને શ્રીરામના મનનો એક બોજ હળવો થયો. તેઓ એમ સમજતા હતા કે પત્નીને અહીંના પરિવેશમાં અને મારા જેવા પતિને નિભાવવામાં ભારે અડચણ પડતી હશે, પરંતુ આવું કાંઈ ન હતું.

તાઈજીને આવતાં જોઈને નવવધૂ પોતાના આસન પરથી ઊઠી ગયાં. ઘરની અંદર જઈને તે પોતાનું કામ સંભાળવા લાગ્યાં. તાઈજીએ કહ્યું, "પિયરિયાં વહુને તેડી જવા માટે આવી રહ્યાં છે, એક વાર દીકરી થોડા વખત માટે પોતાને ઘેર જાય જ છે." શ્રીરામે સાંભળીને કોઈ જવાબ ન દીધો. તેઓ ચૂપચાપ ઊઠીને બહાર આવી ગયા. પોતાની બાળસેનાના સભ્યોને શોધવા લાગ્યા. થોડાક દિવસો સુધી સંપર્ક ન રહેતાં તે બધા આમતેમ થઈ ગયા હતા. કોઈ નવો કાર્યક્રમ આપ્યો નહોતો. પહેલાં તૈયાર કરેલાં પોસ્ટરો તેઓ આજુબાજુનાં ગામોમાં ચોંટાડી રહ્યાં હતાં. એકબીજાને જાણ કરવાના ક્રમ અનુસાર સાંજ સુધીમાં તો બધા સભ્યો સુધી સૂચના પહોંચી ગઈ.

### દરેક બીમાર સેવાનો અધિકારી

પછીના દિવસે બધા લોકો ભેગા થયા. આ દરમિયાન ક્યાં, શી વિશિષ્ટ ઘટના બની તેના વિશે માહિતીની આપ-લે થઈ. આઠ દિવસોમાં કાંઈ ખાસ ઘટના બની ન હતી. શ્રીરામને અચાનક ખ્યાલ આવ્યો, હુબ્બાચાચાના શા ખબર છે ? પાછલા સમાચાર મુજબ તેઓ બીમાર હોવાની માહિતી હતી. હુબ્બાચાચા એટલે પટવારી હુબ્બલાલ ગામના લોકો તેમને પટવારીજી કહીને બોલાવતા. તે દિવસોમાં આ પદ વંશપરંપરાગત રહેતું. પિતા પોતાના પુત્રને પટવારી બનાવીને કાર્યમુક્ત થઈ જતા. હુબ્બલાલ પણ વારસાગત રીતે પટવારી બન્યા હતા, પરંતુ તેમના પછી આ પદ સંભાળવા કોઈ વારસદાર ન હતો.

પોતાના સક્રિય રહેવાના દિવસોમાં હુબ્બલાલે ગામલોકોનું જીવવું હરામ કરી દીધું હતું. લાલચ અને ઉત્પીડન બન્ને

**મહારાષ્ટ્રના જમીનદાર તાઉ રઘુનાથ ઠાકુર જ્યારે ૧૩ વર્ષના હતા, ત્યારે તેમનાં લગ્ન અઢી વર્ષની કન્યા સાથે થયાં હતાં. મોટા થતાં તેઓ સમાજ-સુધારક બન્યા અને બાળવિવાહના કટ્ટર વિરોધી બન્યા. તેમણે પોતાની પુત્રી સરલાને એમ.એ. સુધી ભણાવી હતી. તે છોકરીએ મહિલા જાગૃતિનું કામ કરવાનો નિશ્ચય કરી લીધો હતો. યોગ્ય વર ન મળવાથી તે બધાં માગાં ઠુકરાવતી રહી અને મહર્ષિ કર્વેના મહિલા વિદ્યાલયમાં અધ્યાપિકા બની. તેમની શરત હતી- જે સાથી મહિલા શિક્ષણના તેના લક્ષ્યમાં સહાયક હોય, તેની સાથે તે લગ્ન કરશે. સંજોગવશાત્ ઈન્દોરના પ્રેમનાયક આ જ પ્રવૃત્તિના મળી ગયા. બન્નેએ મળીને તે લક્ષ્યને પૂરું કરવામાં સંપૂર્ણ ક્ષમતા લગાડી.**

**આ પ્રયાસથી ૩૦ કન્યા વિદ્યાલયો ખૂલ્યાં, જેમાં ૨૨ હજાર મહિલાઓ ભણવા લાગી હતી. આ ઉપરાંત આ દંપતીએ માળવામાં અને મહારાષ્ટ્રમાં નારી ઉત્થાનનાં અને બીજાં પણ અનેક કાર્યો કર્યાં.**

અવગુણો તેમની રગરગમાં સમાયા હતા. સંભાળનાર કોઈ હતું નહિ, તો પણ લાલચવશ તેમણે ગામના કોઈપણ ખેડૂતને શાંતિથી રહેવા દીધા ન હતો. વખતોવખત, કોઈકને નોટિસ મોકલતા, ત્રાસ ગુજારવા જમીનની અનાવશ્યક રીતે માપણી કરાવવી અને તેમની માગણી પૂરી ન થતાં મહેસૂલ કચેરીમાં મનમાન્યો રિપોર્ટ મોકલીને પોલીસને બોલાવવા જેવી રીતરસમો તેઓએ અપનાવી હતી. કેટલાક ખેડૂતો તો તેમની જબરદસ્તીને લીધે પોતાની સંપત્તિ પરથી હાથ ધોઈ બેઠા હતા.



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

સારી સંપન્ન સ્થિતિથી હાથ ધોઈ બેસી રસ્તા પર ફેંકાઈ જનાર લોકોની પણ કમી ન હતી. હુબ્બલાલ બીમાર પડયા, તો લોકોએ કહ્યું, ''ભગવાને તેમને તેમનાં કર્મોની સજા આપી છે.'' પટવારીજીને લકવો થઈ ગયો હતો. થોડાક દિવસો સુધી તો તેમના બીમાર હોવાની ખબર જ ન પડી. જ્યારે ખબર પડી ત્યારે તો લોકોએ કર્મફળની વાત કહીને વાત ઉડાડી દીધી.

સેનાનાયક શ્રીરામનું કહેવું હતું કે ગામમાં કોઈ દુઃખી બીમાર છે, જેની દેખભાળ કરનાર કોઈ નથી ત્યારે ગામલોકોની જવાબદારી બની જાય છે કે તેઓ તેને સંભાળે. પરિવારમાં કોઈ ગમે તેટલો બગડેલો હોય, તો પણ તે બીમાર પડતાં ઘરનાં માણસો તેની સંભાળ લે છે કે નહીં ? આ તર્ક લઈને તેઓ ગામલોકોને સમજાવવા ન ગયા, બલ્કે પોતાના સ્વયંસેવકોને જ તેમનો વારો-ટર્ન કરી આપ્યો.

તે દિવસે સ્વયંસેવકોની સભા હતી. શ્રીરામે કહ્યું, ''પહેલાં તો તેમની તબિયત જોઈ આવીએ, બીજી વાતો પછી કરીશું.'' ત્યાં જઈને જોયું, હુબ્બલાલ પોતાના ખાટલા પર પડયા અસહાય દૃષ્ટિએ દરવાજા તરફ જોઈ રહ્યા હતા કે કોઈ આવે, કુશળ સમાચાર પૂછે, પોતાનાં કર્મો યાદ આવતાં જ કોઈની પાસે કશીય અપેક્ષા રાખવાનો વિચાર તરત જ હવામાં ઓગળી જતો, પરંતુ તેમ છતાં કોણ જાણે કેમ, એવી આશા બંધાતી કે કદાચ કોઈ ખબર કાઢવા આવી જાય, દરવાજો ખુલ્લો જ હતો. શ્રીરામને અને તેમના સાથીઓને ટકોરા મારવાની જરૂર ન પડી. હુબ્બલાલ ખાટલા પર એવી રીતે પડયા હતા જાણે આ લોકોની જ રાહ જોઈ રહ્યા હોય. તેઓને જોતાં તેમની આંખમાં ચમક આવી ગઈ. ચમક થોડી વાર સુધી ટકી રહી અને આંખો ભરાઈ આવી. તેઓ કહેવા લાગ્યા, ''મને મારાં પાપોની સજા મળી રહી છે, બાળકો, મેં કોણ જાણે કેટલાય લોકોનાં ઘર ઉજ્જડ બનાવ્યાં છે.''

શ્રીરામે કહ્યું, ''લાલાજી ગભરાશો નહિ, બધું બરાબર થઈ જશે.'' લાલાજીને સમજાવીને તેઓ તરત જ તેમની સારસંભાળના કામમાં પરોવાઈ ગયા. ઘરમાં તેમની દેખભાળ કરનાર કોઈ ન હોવાથી તેમની હાલત બહુ બગડી ગઈ હતી. શરીર ગંદકીથી ખરડાયેલું હતું. માખો બણબણતી હતી. લકવાને કારણે હાથ ઊંચો થઈ શક્તો ન હતો. તેથી તે માખોને ઉડાડી પણ શક્તા ન હતા. બાળકોએ નાક પર હાથ રાખીને સંભાળ લેવા ઈચ્છયું. શ્રીરામે તેમને કહ્યું, ''જીવને થોડો કાઠો કરો. એક હાથે કાંઈ કામ થઈ શકે ?'' બાળકોએ ડોલ શોધી કાઢી. ઘરની બહાર જઈને કૂવામાંથી પાણી ખેંચ્યું અને પટવારીજીને સ્નાન કરાવ્યું. તેમનાં કપડાં, પથારી, ઓરડો સાફ કર્યાં. આગ્રાથી કેટલાક લોકોએ ગરીબો અને અપંગો માટે બિસ્તર, કપડાં વગેરે મોકલાવ્યાં હતાં. શ્રીરામ આ સામાન લઈને આવેલી ટોળી પાસે ગયા અને હુબ્બલાલ માટે પણ કપડાં લીધાં. પટવારીજીની સેવાચાકરી કરી. જ્યાં સુધી તે જીવતા રહ્યા, ત્યાં સુધી આ રીતની તેમની સાર-સંભાળ ચાલતી રહી તેમની હાલત વધારે ખરાબ થતાં તે પછી સેવાદળનો કોઈ ને કોઈ સભ્ય ત્યાં જ રહેતો.

હુબ્બલાલ બહુ દિવસ જીવ્યા નહિ. જેટલા દિવસ તેઓ જીવતા રહ્યા, તે દરમિયાન બાળકોની સેવા-શુશ્રૂષાથી એ સંસ્કાર ગ્રહણ કરતા રહ્યા કે સ્વાર્થ માટે જાણીજોઈને કોઈનું પણ અહિત ન કરવું જોઈએ. જ્યાં સુધી બની શકે, બીજાઓની સેવા કરવી જોઈએ. મરતાં પહેલાં પશ્ચાત્તાપમાં અને ગ્લાનિમાં ડૂબેલા હુબ્બલાલે શ્રીરામને પોતાની પાસે બોલાવ્યા. ગળગળા અવાજે કહ્યું કે હવે પછીનો જન્મ મળે તો ભલે પશુયોનિમાં જન્મું, પરંતુ હું પશુ થઈને પણ સેવા કરવા ઈચ્છીશ. ભગવાન ભલે મને ગધેડો બનાવે.

શ્રીરામે કહ્યું, 'ના દીવાનજી, આવું શા માટે બોલો છો ? આપ મનુષ્યયોનિમાં જ જન્મશો. તે જન્મમાં પોતાની બધી ભૂલો સુધારી લેશો અને ભગવાનનું જ કામ કરશો.' હુબ્બલાલની આંખો ભરાઈ આવી. ગળું રુંધાઈ ગયું. તેઓ અટકી-અટકીને કહેવા લાગ્યા, ''મારી પાસે આશીર્વાદ આપવા જેટલું પુણ્ય તો નથી. ભૂલે-ચૂકે પણ મેં કોઈ પુણ્યકામ કર્યું હોય તો તેનું પુણ્ય તમને મળો. ભગવાન પાસે તમારા માટે એ જ માગું છું કે તમારો યશ અમર રહે.''તે પછી તેમની વાચા હરાઈ ગઈ.

લોકમાન્ય ટિળકે આપેલો સ્વરાજ્યનો મંત્ર ગામેગામમાં ગૂંજવા લાગ્યો હતો. જ્યાં કોઈ જગ્યાએ દસ-પંદર માણસો ભેગા થતા, તેઓ તેના વિશે જ ચર્ચા કરતા. આંવલખેડામાં પહેલેથી જ કિશોરોની ટોળી સક્રિય હતી. રાષ્ટ્રીય આંદોલન વેગ પકડવાની અને અંગ્રેજો દ્વારા તેનું દમન કરવાની એમ બન્ને પ્રકારની માહિતી ગામમાં પહોંચતી. આંદોલનકારીઓનો ઉત્સાહ લોકોને વધુ ગદ્ગદિત કરતો ન હતો. અંગ્રેજો દ્વારા દમન ગુજારાયો હોવાના સમાચારો તેમનો ઉલ્લાસ રફેદફે કરતા. તેમને ખૂબ જ ડરાવી દેતા હતા. જે પરિવારમાં બાળકો આંદોલનમાં છૂટોછવાયો ભાગ લેતાં હતાં, તે પરિવારો ચિંતિત હતા.

## કિશોર સેનાનીઓને માટે ચિંતા

એક દિવસ બધા લોકો ભેગા થઈને બેઠા, વિચાર કર્યો અને એ તારણ પર પહોંચ્યા કે તેમના લાડકવાયાઓ પોતાની



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

મેળે કશું કરતા નથી. શ્રીરામના કહેવાથી કે તેમની દેખાદેખીમાં સરઘસ, ધરણાં વગેરે કાર્યોમાં સામેલ થાય છે. જ્યાં-ત્યાં પત્રિકાઓ અને પોસ્ટરો ચોંટાડે છે. શ્રીરામની ગતિવિધિઓ-પ્રવૃત્તિઓ પર અંકુશ રાખવામાં આવે, તો બાકીનાં બાળકો આપોઆપ વિખૂટાં પડી જશે. આ બાબતમાં સહમતિ સાધીને ચાર-પાંચ માણસો તાઈજી પાસે પહોંચ્યા. તેમના કુશળ સમાચાર પૂછવાની ઔપચારિકતા નિભાવ્યા પછી તરત પોતાના વિષય પર આવી ગયા. કહ્યું, "તાઈજી, ફિરંગીઓના ઘોડા દોડી રહ્યા છે, સ્વરાજીઓને જોતાંની સાથે પકડી લે છે અને કેદમાં પૂરી દે છે. કેટલાંય ગામોમાંથી એવા સમાચાર આવ્યા છે કે પકડાયેલા લોકોનો ક્યાંય પત્તો લાગતો નથી.

આ ભયાનક ચિત્રણ તાઈજીને ડરાવવા માટે કરવામાં આવ્યું નહોતું. તેમની પાસે આવેલા લોકો પૂર્ણ ઈમાનદારીપૂર્વક કહી રહ્યા હતા," આપના શ્રીરામને થોડા જાળવી-સંભાળીને રાખો તો આપણાં બાળકોની સુરક્ષા થશે, નહિ તો ખબર નથી પડતી કે ક્યારે ફિરંગી લોકો આપણા ગામમાં હાહાકાર મચાવી દે."

તાઈજી ચિંતામાં પડયાં. તેમણે શ્રીરામની ગતિવિધિઓ પર ધ્યાન રાખવાનું વચન આપ્યું. ગામ લોકો પણ કાંઈક નિશ્ચિંત બનીને ચાલ્યા ગયા. ત્યાર પછીથી શ્રીરામ જ્યારે પણ ઘરની બહાર નીકળતા, ત્યારે તાઈજી પૂછતાં, "ક્યાં જાય છે ? ક્યારે પાછો આવીશ ?" જણાવેલ સમયે તેઓ પાછા ન ફરતા તો તેમની પૂછપરછ કરતાં. સ્પષ્ટીકરણ માગતાં. હવે પછી આ રીતે મોડું ન થાય તેની ચેતવણી આપતાં. તાઈજીની દેખરેખ વધી જવાથી શ્રીરામને કોઈ હરકત ન આવી, કેમ કે તેઓ જે ઉત્તર આપતા તેનાથી તાઈજીના મનનું સમાધાન થઈ જતું. તેઓ કહેતા કે પ્રદર્શનમાં ગયો હતો, તો તાઈજી ઠપકો આપતાં અને જો એમ કહેતા કે સેવાકાર્યમાં ગયો હતો, તો પણ તેમને કાંઈ ન કહેતાં. તેમનો ઉત્તર જ તેમના મનનું સમાધાન હતો.

એકવાર શ્રીરામે થોડા દિવસો માટે આગ્રાના કોંગ્રેસ કાર્યાલયમાં જવાની વાત કરી. માએ તે માટે મનાઈ ફરમાવી દીધી. તેઓ વિચાર કરતા રહ્યા કે માની અવગણના કેવી રીતે કરાય ? કામ કરવું કે ન કરવું ? તેમના અંતરાત્માએ તેમને સમાધાન સુઝાડયું, મા જો મોહવશ બનીને મનાઈ ફરમાવી રહ્યાં હોય તો રાષ્ટ્રની સેવામાંથી મોં ન ફેરવી શકાય. આ પ્રતિબંધની અવગણના ક્ષમ્ય છે. તે પછી યોગ્ય અવસરની રાહ જોતા રહ્યા. એક દિવસ રાતના બે વાગે ઊઠયા. પાણીનો લોટો ભર્યો અને દ્વારપાળને કહ્યું કે બહાર જવું છે. તેણે વિચાર્યું, હાજત માટે જવું હશે. હવેલીની બહાર જવાનું મન થયું હશે. એમ વિચારીને દરવાને દરવાજો ખોલી આપ્યો. બહાર આવતાં જ શ્રીરામે લોટો મૂક્યો અને આગ્રા ભણી જવા નીકળ્યા. આખી રાત ચાલતાં રહ્યાં. સીધો રસ્તો ન લેતાં આમતેમ લપાતા છુપાતા આગ્રા પહોંચ્યા-પૂછપરછ કરી.જાણવા મળ્યું કે કોંગ્રેસ કાર્યાલયમાં સ્વયંસેવકોની ભરતીનું કાર્ય ચાલી રહ્યું છે. તેમને આંદોલનનું પ્રશિક્ષણ આપવામાં આવશે. શિબિર પણ તાજેતરમાં શરૂ થવાની છે. શ્રીરામ તેમાં ભરતી થઈ ગયા. સાથોસાથ શિબિરમાં સામેલ થયા. આંદોલનકારીઓમાં જગનપ્રસાદ, ગંગાસિંહ, દદ્દુ અને ઉધમસિંહ વગેરેનાં નામો પણ છે. આ લોકોએ ઊલટભેર આંદોલનમાં ભાગ લીધો. પંડિત નત્થીલાલ શર્મા, રામનારાયણ શિવહરે અને વાસુદેવ ગુપ્ત પણ આ શિબિરમાં હતા.

સ્વયંસેવકોની આ શિબિરમાં અનુભવી આંદોલનકારી યુવકોને જનસંપર્ક કેળવવાનું શીખવવામાં આવતું હતું. પેમ્ફલેટ તૈયાર કરવાનું, પોસ્ટરો બનાવવાનું, સભાઓ ભરવાનું અને આંદોલનનું વાતાવરણ નિર્માણ કરવાનું, વગેરે વિષયો શિબિરમાં હતા. શ્રીરામે એક સપ્તાહના શિબિરમાં આ બધી બાબતો સારી રીતે શીખી લીધી. આ દરમિયાન આંવલખેડામાં પોતાની માતા પાસે તેમણે સમાચાર પણ મોકલ્યા કે તેઓ કુશળ છે. પ્રશિક્ષણ મેળવીને તરત પાછા ફરશે. આ માહિતી, શિબિરમાં ભરતી થતાં જ વ્યવસ્થા કરનાર એક વરિષ્ઠ કાર્યકર્તાને કહીને તરત જ મોકલી દીધી હતી. આ બાજુ તાઈજીએ ખાવા-પીવાનું બધું છોડી દીધું હતું. સમાચાર મળતાં જ તેઓ નિશ્ચિંત બન્યાં.

**(ક્રમશઃ)**

***એક રાજા કોઈ સંતપુરુષ સામે પોતાની બડાશ હાંકી રહ્યા હતા અને કહી રહ્યા હતા. રાજ્યભરનું પાલન-પોષણ કરવાની મેં સુંદર વ્યવસ્થા ગોઠવી દીધી છે. સંતે ઊલટાવીને પૂછ્યું, આપના રાજ્યનાં પશુ-પક્ષીઓ, મનુષ્યોમાં સુખી-દુઃખી, સ્વસ્થ, રોગીજનોની ગણતરી કરીને જણાવો. રાજા હાંફળોફાંફળો થઈ ગયો. સંતે કહ્યું, જ્યાં તમને રાજ્યક્ષેત્રમાં રહેનારા વર્ગોની ગણતરી સુધ્ધાં ખબર નથી, ત્યારે તેનો યોગ્ય બંદોબસ્ત કેવી રીતે કરતા હશો ? રાજાનો ગર્વ ગળી ગયો અને તે ભગવાન દ્વારા વિશ્વ-વ્યવસ્થા ચાલવાની વાતો કરવા લાગ્યો.***


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# ગુરુને વરણ તો કરી જુઓ

**પરમ વંદનીયા માતાજીની માતૃવાણી**

**( પરમ પૂજ્ય ગુરુદેવના સૂક્ષ્મીકરણના સમયમાં ગુરુપૂર્ણિમાં પર્વે ૨-૭-૮૫ માં આપેલ પ્રવચન )**

### ગાયત્રી મંત્ર અમારી સાથે-સાથે-

ૐ ભૂર્ભુવઃ સ્વઃ તત્સવિતુર્વરેણ્યં ભર્ગો દેવસ્ય ધીમહિ ધિયો યો નઃ પ્રચોદયાત્ ।

અમારા આત્મીય પરિજનો ! આજનું આ મહાન પર્વ આત્મબોધનું પર્વ છે, આત્મચિંતનનું પર્વ છે. એ સાધારણ નહીં અસાધારણ છે. તેને ગુરુપૂર્ણિમા પર્વ કહેવામાં આવે છે એટલે એમનો દિવસ જેમણે આખી જિંદગી રસ્તો બતાવ્યો. આજે તે જ ગુરુ પર્વ છે. તેમના ચિંતન અને આત્મચિંતનનું, આ આજનું પર્વ છે. આમ તો એ વ્યાસપૂર્ણિમા પણ છે. વ્યાસજીએ અઢાર પુરાણ લખ્યા હતા. તે વ્યાસપૂર્ણિમા પર તમે વ્યાસજીનું પૂજન કર્યું. પરંતુ એ ગુરુપૂર્ણિમા પણ છે. આજના મહાન પર્વે આપણે તેમનું ચિંતન કરીએ છીએ, જે ગુરુઓના અનુદાનોથી શિષ્યોની ઝોળી ભરવામાં આવી. તેમને મહાન બનાવી દેવાયા. આ તે જ મહાપર્વ છે.

### બેવડી ભૂમિકા

તમને હું આજની જ એક ઘટના સંભળાવું છું અને એ કહી શકું છું કે કેવી રીતે અનાયાસે જ તે પરિણામ અને તે જવાબદારી મને સોંપવામાં આવી. આજ સવારથી જ હું ઊંડા ચિંતનમાં ગરકાવ થઈ ગઈ કે બેવડી જવાબદારી મને કેવી રીતે સોંપી દીધી ! સાચું માનશો, બેઠી તો અહીંયા, પણ મારું ચિંતન તે જવાબદારી તરફ છે. જે મને સોંપવામાં આવી છે, પણ મારાથી કહેવાયું નહિ. કહ્યું કોઈને પણ તે પરોક્ષરૂપે મારા ઊપર આવી ગઈ. મારા ખભે આવી ગઈ. આજે હું એ ચિંતનમાં ડૂબી ગઈ, કે હમણાં સુધી તો હું મા જ હતી. આટલા દિવસ સુધી દરેક વ્યક્તિને એ જ કહેતા હતા કે આશીર્વાદ લેવા છે તો માતાજી પાસે જાઓ અને કામ કરવું હોય તો મારી પાસે આવો પરંતુ આચાર્યજીએ આજે જે શબ્દ કહ્યો છે, હું સમજું છું, તે કદાચ પહેલીવાર કહ્યો છે. તેમણે મારામાં અને તેમના પોતાનામાં કોઈ ભેદ સમજ્યા જ ન હતા. તેમણે હંમેશા એ જ કહ્યું છે કે જે છું, તે માતાજી છે અને જે માતાજી છે તે જ હું છું. ઊપર અમે બંને જ જઈએ છીએ. હું જઉં છું અને એક છોકરો જાય છે. આજે જ્યારે તે પ્રણામ કરવા ગયો તો તેમણે એ કહ્યું કે પ્રણવ ! ગુરુ તો નીચે બેઠા છે, તેમને પ્રણામ કર. મેં તો તેને હસવામાં ટાળી દીધો, પણ ત્યારથી હું ઘેરા ચિંતનમાં એવી ડૂબી ગઈ છું કે હજી સુધી એમાં જ છું કે શું હું એ જવાબદારી નિભાવી શકીશ.

બેટા ! મને અંદરથી વિશ્વાસ તો છે કે તેમણે જે પણ નિર્દેશ મને સોંપ્યો છે, મેં તેને પૂરો કર્યો છે જીવ-જાનથી પૂરો કર્યો છે. આ પણ પૂરો કરીશ મરતા સુધી. હું કદીયે એવું નહીં કહેવડાવું કે ગુરુજી આવા હતા અને માતાજી આવા છે. નહીં એવું નહીં થઈ શકે, અમે બંને એક છીએ. અમે પૂરું કરીને જ બતાવીશું. બેટા, મારી તો ઝોળી અનાયાસે જ ભરાઈ ગઈ, શેનાથી ? જવાબદારીઓથી એનો અમે નિર્વાહ કરીશું. એમણે આટલી મોટી જવાબદારી સોંપી છે તો એના માટે કે તેને લાયક આ ખભા મજબૂત પણ છે કે નહીં અને નથી તો તેમને મજબૂત કરવામાં આવે. કરવા પડશે એ જરૂરી છે.

### ગુરૂનું અનુદાન

બેટા ! આજે હું મારો હવાલો આપી રહી હતી. મારા મનમાં એ વાત રોકાઈ નહીં તેથી મેં મારું મન હલકું કરી દીધું બેટા ! આ જે પર્વ છે, એમાં અનાયાસ જ અનુદાન મળે છે અને એટલું મળે છે કે સંભાળ્યું સંભાળાતું નથી. હું કોની-કોની વાત કરું તમને હું રામકૃષ્ણ પરમહંસની વાત કરવા માંગું છું, જેમણે પોતાના વિવેકાનંદની ઝોળીને ભરી દીધી તે ન્યાલ ( ધન્ય ) થઈ ગયા. આવ્યા હતા નોકરી માંગવા કે મારે નોકરી જોઈએ પણ આ શું મળી ગયું ! તેમનું નામ વિવેકાનંદ તો પાછળથી પડયું હતું, પહેલા નરેન્દ્ર હતું. રામકૃષ્ણ પરમહંસે પોતાની શક્તિ હસ્તાંતરિત કરી દીધી, આપી દીધી અને તે મહાન થઈ ગયા. જે કશું ન હોતા જાણતા તે બધું જાણતા થઈ ગયા. ગુરુની શક્તિને



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

તે જાણી ગયા અને તેમને બધું મળી ગયું. ગુરુની શક્તિ મળી ગઈ. દેશમાં નહીં વિદેશોમાં અમેરિકામાં શૂન્યવાદ ઊપર કોઈ બોલી શકતું ન હતું, ત્યાં તેમને બોલવાનું કહ્યું. તે ધર્મ સભામાં લોકોએ કહ્યું કે હિંદુસ્તાનનો આ છોકરો શું બોલશે ! તેમનો મજાક ઉડાવવા માટે બસ આમ જ તેમને કહી દીધું કે શૂન્ય પર બોલો, જોઈએ તમારામાં કેટલી શક્તિ છે.

વિવેકાનંદે પોતાના ગુરુનું સ્મરણ કર્યું કે ગુરુદેવ, આજે પરીક્ષાની ઘડી આવી ગઈ છે, ક્યાંક તમારા બાળકની ઈજ્જત ના જાય. પાછળથી પીઠ થાબડવામાં આવી અને કહ્યું કે બેટા ! તું એ ના વિચારીશ કે અમારા ગુરુ આ દુનિયામાં નથી. અમે તારી પાસે છીએ તું બોલતો રહે. વિવેકાનંદે કમાલ કરી દીધી. જ્યાં તેમને ૧૫-૨૦ મિનિટ બોલવાનું હતું ત્યાં તે કલાકો સુધી બોલતા ગયા. તાળીઓ વાગતી રહી, લોકો કહેતા રહ્યા હજુ વધુ બોલો, આ બધું ક્યાંથી આવી રહ્યું હતું ? આ તે ગુરુની કૃપા છે અને તેનું અનુદાન છે. તે કરવા માગે તો બધું કરી શકે છે. તે કોઈની પણ ઝોળી ખાલી નથી રાખતા. ભલેને બીજાની પીડા પોતે જ કેમ સહેવી ન પડે, તે હસતા હસતા પોતે સહી લે છે.

કહેવાય છે કે રામકૃષ્ણ પરમહંસને અંતિમ દિવસોમાં ગળાનું કેન્સર થઈ ગયું હતું. તમે જાણો છો કે તેમને ગળાનું કેન્સર કેમ થયું હતું ? શું એટલા માટે કે તે કોઈ સંયમ ન હોતા રાખતા ? નહીં બેટા, એવી વાત નથી. તે તો સંત હતા. તેમણે બીજાના દુઃખ, કષ્ટોને, એ ઝેરને જાતે પીધું અને પોતાના બાળકોને દુઃખમાંથી ઉગાર્યા એટલે પોતાના શિષ્યોની રક્ષા કરી. બાળકો-છોકરાઓ એ તેમના શિષ્યો માટેનું સંબોધન છે. મારાથી શિષ્ય શબ્દ કહેવાતો નથી, માટે વારંવાર હું તે શિષ્ય શબ્દ કહેવા નથી માંગતી. મારા મોંઢેથી બેટા, બાળક અને છોકરા શબ્દ જ નીકળે છે. બાળક એક-બે નહીં, અસંખ્ય હોય છે, માટે હવે તમે અંદાજ લગાવી શકો છો કે ગુરુની કેટલી મોટી જવાબદારી હોય છે.

ગુરુ કૃપા શું હોય છે, ચાલો હું બતાવું છું. એક ચાણક્ય હતા, જેમનું એકવાર કોઈ રાજાએ અપમાન કર્યું. તેમણે વિચાર્યું કે શું કરવું જોઈએ ? આમ તો સંત કોઈનાથી અપમાનનો બદલો લેતા નથી, પરંતુ તેમણે તેની સામે એક દાસીપુત્રને લાવીને ઊભો કરી દીધો. જે છોકરો કશું જાણતો ન હતો, તેને ઊભો કરી દીધો અને તેના માથે હાથ રાખ્યો તેમણે કહ્યું કે જો મેં તને શક્તિ આપી છે અને હવે હું તને સમ્રાટ બનાવીશ. તેણે કહ્યું હું તો જમીન પર પડયો છું, એક સામાન્ય સિપાઇ છું, સમ્રાટ કેવી રીતે બની શકું ! તો શું તને મારા પર વિશ્વાસ નથી, હું તને સમ્રાટ બનાવીને જ રહીશ. તેમણે તેને સમ્રાટ બનાવી દીધો.

બેટા ! આ છે ગુરુની કૃપા અને ગુરુનું અનુદાન. તમે તો કેવળ એ ભૌતિક ચીજને જ જુઓ છો અને હું તેનો હવાલો (માહિતી) પણ આપીશ. ક્યાંક તમે તે સૂક્ષ્મ શક્તિઓ તરફ ચાલ્યા જાવ, જે શક્તિઓના લીધે વ્યક્તિ ભગવાન થઈ જાય છે, હિંમતવાળો થઈ જાય છે અને એવા-એવા કઠિન કાર્ય કરે છે, જેની કદી તે કલ્પના પણ કરી શકતો નહોતો. એમાં કોનો હાથ છે ? એ ગુરુનો હાથ છે. એ ગુરુનું અનુદાન છે, એની કૃપા છે, જે ભૌતિક ચીજો પણ આપે છે અને આધ્યાત્મિક પણ તે ભૌતિક વિપદાઓથી પણ ઉગારે છે, બહાર કાઢે છે. અચાનક તે ઉપલબ્ધિઓ પણ આપે છે, જેને મેળવી તે નિહાલ (ન્યાલ) થઈ જાય છે.

### છત્રપતિ અને સમર્થ

શિવાજીને છત્રપતિ શિવાજી કોણે બનાવ્યા હતા ? સમર્થ ગુરુ રામદાસે. તેમણે તેમને ભવાની તલવાર આપી હતી અને તિલક લગાવી કહ્યું હતું-જા બેટા, તુ વિજય મેળવીશ. તેમણે કહ્યું હું એક સામાન્ય, નાનો સરખો બાળક, કદ-કાઠીનો નાનો, જેના શરીરમાં જાન નહીં, ભલા હું કેવી રીતે વિજય મેળવીશ ! સમર્થ ગુરુ રામદાસે કહ્યું, બેટા હું પડદા પાછળ રહીશ અને કામ તુ કરીશ. શ્રેય-માન તું લઈશ અને કૃપા મારી ચાલશે. હું તારી પીઠ થાબડીશ, તારા પગમાં શક્તિ આપીશ અને ચાલીશ તું ચાલ સંગ્રામમાં વિજેતા બન. હિંમતવાળાની જેમ, દિલદારોની માફક આગળ-આગળ ચાલ, ડરપોકની માફક નહીં. અધ્યાત્મ દિલદારોવાળા માટે છે, કાયરો માટે નહીં,


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

ભાગનારા માટે નહીં. પહાડોને ચૂરેચૂરા કરનાર કોણ હોય છે ? દિલદાર હોય છે, હિંમતવાળા, સાહસી હોય છે. જે સાહસી હોય છે તે જ પોતાના લક્ષ્ય સુધી પહોંચે છે અને જે સાહસી નથી હોતા, ડરપોક હોય છે, જે મુશ્કેલીઓથી ડરી જાય છે, તે લક્ષ્ય સુધી પહોંચી શકતા નથી.

જેમને મુશ્કેલીઓએ ઘેરી લીધા છે અથવા સ્વયં ઘેરાઈ ગયા હોય, ફસાઈ ગયા હોય તેમને કોઈ રસ્તો દેખાતો નથી. રસ્તો દેખાડનાર પણ જો કહે છે કે બેટા, અહીંયાથી ચાલ, આ રસ્તો છે, પણ તે ચાલતો નથી તો પછી ગુરુ તેને કેવી રીતે આપશે ! બેટા તમને પણ મળશે. આજે ગુરુપર્વ છે. અહીંયાથી કોઈ પણ ખાલી હાથે જવાનું નથી. મેં તો એ દિવસે, જ્યારે તમે લોકો મળ્યા હતા, ત્યારે કહ્યું હતું કે આ તે દરવાજો છે, જ્યાંથી કદી કોઈની ઝોળી આજ સુધી ખાલી નથી ગઈ અને એ વાયદો છે અમારો કે કદી ખાલી જશો પણ નહીં, ભલે તમારી ઝોળીમાં એક નવો પૈસો જ કેમ ન પડે. અમે અમારું ઘર ખાલી કરી દઈશું પણ તમારી ઝોળી અમે જરૂર ભરીશું, અમે પછી કમાઈ લઈશું. પોતાના માટે અમે નહીં માંગીએ, પરંતુ તમારા માટે માંગીશું અને હંમેશા તમારી ઝોળી ભરતા રહીશું. અમારો એ તમારા માટે પૂરો વાયદો છે.

### અહેસાન નહીં, કર્ત્તવ્ય

અમારા જેટલા પણ પરિજન અહીંયા બેઠા છે, એમાંથી કેટલાય એવા છે, જે કેટલી-કેટલી મુશ્કેલીઓમાંથી, જિંદગી અને મોતમાંથી બહાર નીકળી આવ્યા છે. શું તે કહી શકે છે અથવા વિચારી શકે છે કે એના પાછળ કોનો હાથ છે ? બેટા, તેમનો હાથ છે, જેમણે તમારી આંગળી પકડી છે અને તમે એમના ચરણ પકડયા છે, તેમનો પાલવ પકડયો છે અને તેમના થઈ ગયા છો. ચાલો એ તેમની મહાનતા છે કે આજ સુધી તેમણે પોતાના મુખેથી એ નથી કહ્યું કે મેં ફલાણા વ્યક્તિને મદદ કરી છે. બેટા, એ તેમની ઉદારતા છે જે તેમણે કહ્યું નહિ, પરંતુ આજે હું કહું છું કે એમના અહીંયા રહેતાં કેટ-કેટલા સંકટોમાંથી લોકોને ઉગાર્યા છે. તે ગુરુ છે અને તમે બાળક-શિષ્ય છો, તમને મળવું જ જોઈએ. એનો અર્થ એ નહીં કે તમારી ઊપર કોઈ અહેસાન કરવામાં આવ્યું છે. નહીં બેટા, તમારી ઊપર કોઈ અહેસાન નથી કર્યું. અમે તેને પોતાની ફરજ, પોતાનું કર્ત્તવ્ય અને પોતાની જવાબદારી સમજીએ છીએ અને તેમાંથી તમને કાઢવાનો પ્રયાસ કરીએ છીએ. કેટલીવાર તો કાઢીએ જ છીએ, ચલો. હું તમને એક ઘટના સંભળાવું છું.

હજી બે મહીના થયા, અહીં એક વ્યક્તિ આવ્યા અને તેમણે કહ્યું કે માતાજી ! તમે અમને નથી જાણતા અને અમે તમને નથી જાણતા હા બેટા, કેટલીયવાર છોકરા આવે છે અને તેમને આવે કેટલાય વર્ષ થઈ ગયા હોય છતાં પણ હું પૂછી બેસું કે બેટા ! તું કયાંથી આવ્યો છે ? તું શું કામ કરે છે ? નામથી તો જાણું છું પણ ઘણીવાર ચહેરો ભૂલી જવાય છે. મેં તેમને કહ્યું, હા બેટા, એવું જ છે, તમે બતાવો, શું કહેવા માંગો છો. તેમણે કહ્યું કે જુઓ આ જે ચહેરો આજે દેખાય છે તે ગુરુજી અને તમારો આપેલો છે, બેટા ! કેવી રીતે ? જ્યારે અમે તમને નથી જાણતા અને તુ અમને નથી જાણતો તો પછી અમારો અને ગુરુજીનો આપેલો કેવી રીતે હોઈ શકે સાચું બતાવ તો.

તેમણે કહ્યું કે માતાજી, મારી ગાડી પર ઉગ્રવાદીઓએ સત્તર ગોળીઓ ચલાવી, જેનાથી મારા ત્રણ વ્યક્તિ માર્યા ગયા. એમાં મારો બોડીગાર્ડ પણ હતો અને ચાલક હતો તથા એક બીજો વ્યક્તિ હતો, પરંતુ હું બચી ગયો. તે સમયે હું એ જ વિચારી રહ્યો હતો કે ગુરુજી સાથે જોડાયાને હજી થોડા જ દિવસ થયા છે અને હજી મેં તે પવિત્ર ભૂમિને આંખોથી જોઈ પણ નથી. હવે થોડા દિવસ પછી જ તે પવિત્ર ભૂમિનાં દર્શન કરવા જઈશ, જ્યાંથી મને પ્રેરણા મળી છે. જ્યાંથી મને માર્ગદર્શન મળ્યું છે અને એ બધું મને વગર દેખે મળ્યું છે. તેને હું પ્રણામ કરવા માટે જવા માંગતો હતો. કહે છે કે ગુરુજી તો નથી મળતા, તો શું મને મા પણ જીવનમાં નહીં મળે. બેટા, તેને એકાએક એવો અણસાર થયો, જેમકે એની બંને બાજુ અમે બંને બેઠા છીએ અને માથા પર હાથ રાખ્યા છે.

મેં કહ્યું કે બેટા, એ તારો વિશ્વાસ છે. ભગવાને તને બચાવી લીધો, અમે તો શું હતા, અમે બીજાને કેમ બચાવી ન લઈએ જો આટલા જીવ જઈ રહ્યા છે. બેટા ! તારી


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

જાન બચી ગઈ, ભગવાન કરે, તુ દીર્ઘાયુ હો, પરંતુ બેટા હવે તું બચી ગયો છે તો એવું ના કરીશ કે વહુ અને બાળકો માટે જ પોતાની આખી જિંદગી ખપાવી દઈશ. જે ગુરુએ ત્યાં જઈને તને બચાવ્યો, એટલું કષ્ટ ઉઠાવ્યું, જ્યાં ગોળીઓથી તને વીંધી રહ્યા હતા, તુ મરવાનો હતો. ત્યારે પણ તો પોતાના વહુ બાળકોથી અલગ થાત કે નહીં, તો આજથી તુ તે સમાજનો, તે મિશનનો બેટો છે અને તુ ભાઈ પણ છે તેથી સેવા કર. હા માતાજી એ જ ઈચ્છતો હતો. મેં કહ્યું કે વેદપ્રાલસિંહ પહેલા તું એ તો બતાવ કે શું તું મંત્રી બનવા માંગે છે કે કોંગ્રેસનો હરિયાણાનો ઉપાધ્યક્ષ કે પછી તને મુખ્યમંત્રીની જગા અપાવી દઉં. મેં હસતા-હસતા એમ જ કહી દીધું. તે બોલ્યો-અરે, ના માતાજી ! મારે નથી જોઈતું એ અને ન તો એની કલ્પના કરીને હું આવ્યો છું. હું તો કેવળ આશીર્વાદ લેવા આવ્યો છું. પોતાના દેશ માટે પોતાના રાજ્ય માટે મારા વિચાર પવિત્ર બનેલા રહે અને જો કોઈ કષ્ટ-મુશ્કેલી પણ આવે તો હું તેને હસતા-હસતાં ઝીલું, બસ એ જ આશીર્વાદ લેવા આવ્યો છું. થોડા જ દિવસ પહેલા તે જોડાયો હતો. જેણે આ જોયું પણ ન હતું, બેટા ! તેને જીવનદાન મળી ગયું.

### અનુદાન : ગુરૂની ફરજ

બેટા ! હજી હું અનુદાનોની વાત સંભળાવી રહી હતી, કેમકે એ અમારી ફરજ છે. એક બીજો છોકરો હતો પંજાબનો. કદાચ પંજાબનો કે ચંદીગઢનો કોઈ છોકરો બેઠો હોય અહીંયા, તો તેના ઊપર કેસ ચાલતો હતો. તેનો એવો ભારે કેસ હતો કે કદાચ તે જેલમાં જશે અને આખી જિંદગી તેનાથી તે પીછો છોડાવી ના શક્ત, કેમકે તેનો 'બોસ' પણ તે ચક્કરમાં ફસામેલો હતો. એક રાત્રે જ્યારે તે સૂઈ ગયો તો તેને લાગ્યું કે મને બે વાગે જગાડયો અને ગુરુજીએ મને જગાડયો છે કે ચાલ બેટા, તુ ઉઠ તારો કેસ છે અને તુ સૂઈ રહ્યો છે. આજે તારે પૂજા-પ્રાર્થના નથી કરવાની શું ? હું ઉઠી ગયો. રાત્રે મોડેથી સૂઈ ગયો હતો, તેથી ફરીથી તે સૂઈ ગયો. ફરીથી સૂઈ ગયો તો અઢી વાગે મને એવું લાગ્યું કે હું નિદ્રા અવસ્થામાં જ બેસી ગયો અને જ્યારે મેં આંખો ખોલી ત્યારે મને પ્રત્યક્ષ ગુરુજી દેખાયા. જ્યારથી મેં દીક્ષા લીધી છે, ત્યારથી જ્યારે પણ હું કોઈ પણ કામે જઉં છું ત્યારે હું તમને બંનેને પ્રણામ કર્યા વગર ઘેરથી કયારેય જતો નથી. જ્યારે મેં પાછું વળીને જોયું તો તે કહે છે કે એ બતાવ કે આ તારો જે કેસ ચાલી રહ્યો છે તો એ જે સજ્જન ઉભા છે, શું એમની અદાલતમાં છે ? મેં નજર ઉઠાવી જોયું તો મને અનુભવ થયો કે ક્રીમ કલરની પાઘડી પહેરલ જે સજ્જન ઉભા છે, તેમની પાસે મારો કેસ હતો. મેં કહ્યું કે હા ગુરુદેવ ! તેમની પાસે છે. તેમણે કહ્યું, તો જા.

જ્યારે મારી આંખ ખુલી ગઈ તો મને ચેન ના પડયું. નહાઈ-ધોઈ હું પૂજા-પ્રાર્થનામાં બેસ્યો તો મારું મન ના લાગ્યું, તો હું ગાડીમાં ચાલવા માંડયો. રસ્તામાં મને એક વ્યક્તિ મળ્યા જે વકીલ હતા તેમણે કહ્યું કે તમારો કેસ ચાલી રહ્યો છે અને હું તારો વકીલ છું. મેં કહ્યું મેં તો તમને વકીલ તરીકે રાખ્યા જ નથી, મારા વકીલ તો બીજા છે અને નિશ્ચિંત છું. મારે બીજો કોઈ વકીલ ન જોઈએ જાણે કોણ છે ચોર છે, ઠગ છે અને શું માંગે છે ? હું એવું વિચારી રહ્યો હતો તે જતો રહ્યો. જ્યારે તે અદાલતમાં પહોંચ્યો તો તેણે કહ્યું કે હું દંગ રહી ગયો. પહેલા તો મને એવું લાગી રહ્યું હતું કે હું સ્વપ્ન જોઈ રહ્યો છું, કેમકે ગુરુજીએ મને ઉઠાડયો છે અને સ્વપ્નમાં જ મને બતાવ્યું છે, પરંતુ હવે જે હું જોઈ રહ્યો છું કે તે જ ક્રીમ કલરની પાઘડી પહેરલ વ્યક્તિ જજની ખુરશી પર બેઠેલ છે, જેમને રાત્રે ગુરુજીએ મને બતાવેલા. બેટા ! હું તો તમને એટલું જ કહું છું, પરંતુ પાછલા દિવસે બીજા એક સજ્જન આવ્યા હતા, જે તેના કોઈ દોસ્ત હતા. તેમણે કહ્યું કે માતાજી ! આ જ નહીં, જે સમયે તે જજમેન્ટ આપી રહ્યા હતા એ પ્રત્યક્ષ દેખાતું હતું કે તેના માથા પર બે હાથ ગુરુજીએ પ્રત્યક્ષ રાખેલા છે. બે હાથ પ્રત્યક્ષ દેખાતા હતા, પણ ચહેરો દેખાતો નહોતો. તે એટલા નિર્દયી, કઠોર, ખૂંખાર જજ હતા કે તે તેને કેમ જીતવા દેત, પણ તેમણે ફટાફટ ફાઈલને જોઈ અને જેવા તે એના માટે તે દિવસે આવ્યા તે દિવસે તેમણે ફક્ત એક જ કેસ પોતાના હાથમાં લીધો હતો અને તેમાં અમે વિજયી થયા.

બેટા ! તે કેસમાં કેવળ તે જ નહીં પરંતુ તેનો બોસ


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

પણ જીતી ગયો. તેના પછી તેમણે જે લાંબો પત્ર લખ્યો, રજીસ્ટરમાંથી કંઈક ચારેક પાના લખ્યા હશે. પહેલા તો મેં એકાદ લાઈન વાંચીને તેને રદીમાં ફેંકવાનું વિચાર્યું કે ત્યાં જ એક લાઈન કામની જોવામાં આવી. મેં કહ્યું, તેને વાંચવી જોઈએ. જજવાળી વાતને હું જાણતી હતી માટે કહ્યું કે એ વાત ઠીક છે.

બેટા ! હું આ ચમત્કારની વાત નથી બતાવતાં, હું તો એ કહી રહી છું કે એ અનુદાન મળતા રહ્યા છે અને મળતા રહેશે. આ ગુરુજીની સૂક્ષ્મીકરણ સાધનાનો પ્રભાવ છે અને તમે તો તેમનાથી જોડાયેલા છો-બંધાયેલા છો. જો તમને અનુદાન મળે છે તો એમાં આશ્ચર્યની શું વાત છે, મળવું જોઈએ તમને આગળ પણ મળશે એની સાથે-સાથે જ્યારે વગર માંગે જ અમને મળી રહ્યું છે, વગર માંગે જ અનુદાનોથી અમારી ઝોળી ભરાતી જાય છે, તો પછી તેની થોડી-અમથી કિંમત આપણે ચૂકવીએ તો એમાં શું વાંધો છે. તેની કીંમત તો તમે શું, બેટા કદી ચૂકાવી નહીં શકાય અને તે અનુદાનોની, જે જાણે અજાણે આપણને મળતા રહે છે, તેની કીંમત ચૂકાવી છે ? નહીં બેટા, હજાર જન્મમાં પણ નહીં ચૂકાવી શકાય. હા કંઈક કરવા માટે સાહસ કરી શકાય છે. જે અનુદાન મળે છે, તે અનુદાનોને જો પેટીમાં રાખવામાં આવે તો તે પેટીમાં બંધ જ રહેશે. પછી તે શું કામમાં આવશે ! જે અનુદાન મળ્યું છે, જે જવાબદારી મળી છે અને જે રસ્તો દર્શાવ્યો છે, તેની પર ચાલવાનું છે. નિરંતર તમે એ રસ્તા પર ચાલો. જો તમે ચાલશો તો પામશો કે જેટલું તમને મળ્યું છે, તેનાથી ચારગણું, આઠગણું, સોગણું અને લાખોગણું મળી શકે છે, પરંતુ તમે તેનો ખર્ચ કરી દીધો છે.

### અનુદાનનો લોક-મંગલમાં ઉપયોગ

બેટા ! અનુદાન જે ઉદ્દેશ્ય માટે આપવામાં આવ્યું હતું, તમે તે ઉદ્દેશ્ય માટે કર્યું કે નહીં ? જો તમે તે માટે ન કર્યું હોય તો હું સમજું છું કે તે નિરર્થક ગયું અને જો લોક-મંગલમાં લગાવ્યું છે તો હું કહું છું કે લાખોગણું અને કરોડોગણું મળવાનું છે. બેટા ! પોતાના મારા જીવનમાં એ જ થયું. જે કંઈ પણ અમે બન્યા છીએ, તે મહાન ગુરુ સત્તાએ બનાવ્યા છે. ચારેય વેદોથી માંડીને ઉપનિષદ સુધી અને તમારા બધાની સેવા કરવા સુધી, આખરે કોણે બનાવ્યા ? ગુરુએ બનાવ્યા. પોતાને સોંપી દીધા અને ન્યાલ (નિહાલ) થઈ ગયા. એ રીતે જો તમે પણ પોતાને સોંપી શકો તો તમે પણ વધુ ન્યાલ થઈ શકો છો. હમણાં પણ થશો, એ અમારો વાયદો છે. આ સાલ જે પણ અહીંથી જશે, તમે જોઈ લેજો, મેં કદી કહ્યું નથી, પણ આજે હું હિંમત કરીને કહું છું, બેટા, તમે આખા વર્ષની અંદર જોશો તમારી મનઃસ્થિતિ શું છે ? તમે તો ભૌતિક સફળતાઓ માંગો છો ને, તો તે પણ મળશે, પણ અમે તેને સામાન્ય સમજીએ છીએ. બેટા, અમે જે પણ તમને આપવા માંગીએ છીએ, તે આધ્યાત્મિક શક્તિ આપવા માંગીએ છીએ. એ વાત કાલે હું પોતાના બાળકોને કહેતી હતી કે બેટા, અહીંયા ચાર દિવસ માટે તમને બોલાવ્યા છે. આ વખતે વિશેષ અનુદાન, વિશેષ શક્તિ આપવામાં આવી રહી છે અને તમારી બેટરી ચાર્જ કરવામાં આવી રહી છે, તમને શક્તિ આપવામાં આવી રહી છે. જે તમારી લાંબી યાત્રાને પૂરી કરાવશે. તમારે લાંબી યાત્રા પૂરી.

### એક છલાંગ લગાવવાની છે

બેટા ! આજના દિવસે આપણે ચિંતન કરવું જોઈએ કે જેણે આખી જિંદગી આપણા માટે ખપાવી નાખી, આપણને આપી, તેમના હાથ ખાલી છે. તેમની પાસે કશું નથી. બધું જ આપી દીધું. પોતાનો ખજાનો ખાલી કરી દીધો. શું તમે એ અનુદાનોનું મૂલ્યાંકન કર્યું ? જો કરવું છે તો એક જ રૂપે કરવું જોઈએ કે તમારે થોડી હિંમત કરવાની છે. એક છલાંગ લગાવવાની છે. જેમકે મેં કાલે તમને વિનંતી કરી હતી કે આ સાલ બેટા તમારે હીરા બનવાનું છે. હીરો ક્યારે બને છે ? જ્યારે તે કોલસાની ખાણથી બહાર નીકળે છે અને કારીગરના હાથમાં પડે છે. કારીગર તેને ઘાટ આપે છે, અનેક એંગલોથી તેને બનાવે છે, ત્યારે તેમાંથી ચમક નીકળે છે. તેનું નામ હીરો છે, જે કરોડો રૂપિયાનો હોય છે અને તમારી શું કીંમત છે ? હજી તમારી કીંમત એક કોડી પણ નથી. હમણાં તમે મરી જશો અને માટીમાં મળી જશો. જાનવરની તો ખાલ પણ કામમાં આવે છે, પરંતુ ઈનસાન-મનુષ્યની કોઈ કામમાં નથી આવતી. હજી તો તમારી માટીમાં મળી જવાની છે, પણ



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

તમે જો પોતાને હીરો બનાવી લો તો બેટા, એવી કોઈ હસ્તી નથી જે તમને માટીમાં મેળવી દે.

બેટા, અમે જે પથ તમને બતાવ્યો છે, જો તમે તેની પર ચાલશો તો પછી તમે માટીમાં નહીં મળો. અમે તમારી સાથે છીએ. પછી તમારું મૂલ્ય કોડીનું નથી. તમારા ઉપર કરોડો-કરોડો રૂપિયા ન્યોછાવર કરી ફેંકશે તમારું તે મૂલ્ય છે. હીરાનું એ જ તો મૂલ્ય છે, હોય છે. એક-કરોડ-બે કરોડ જેટલામાં વેચાતો હોય, જે કંઈ તેની કિંમત થતી હશે. પરંતુ મનુષ્યની કીંમત કદીએ આંકી નથી. ગાંધીજીનું દેહાવસાન થયું તો વિદેશોમાં લોકોએ માંગ કરી કે એમનું જે માથું છે તે મળવું જોઈએ. તે તેની પર રિસર્ચ કરવા માંગતા હતા. એવા મહામાનવ, સંત અને રાષ્ટ્રપિતામાં શું ખૂબી છે ? હિંદુસ્તાનવાળાએ કહી દીધું, ચલ અમે પોતાના રાષ્ટ્રપિતાનું માથું આપીશું ? તેનું મૂલ્ય લઈશું ? અમારે નથી જોઈતી તેમની કીંમત. પછી ભલે તે અરબો-ખરબો રૂપિયા જ કેમ ન હોય.

### અંતરંગથી (અંતરથી) ગુરૂનો સ્વીકાર કરો

બેટા ! મનુષ્યની કીંમત બહુ છે, જો તેને સાચી દિશા મળી જાય અને તે સાચી દિશામાં ચાલવા લાગે તો. તમને સાચી દિશા તો મળી ગઈ છે. પણ તેના પર ચાલવું હવે તમારું કામ છે કે તમે સાચી દિશામાં ચાલશો કે ખોટી દિશામાં ચાલશો. તમે તે દિશાનો સ્વીકાર કર્યો છે કે નહીં ? તમે પોતાના ગુરુનો ઉપરથી સ્વીકાર કર્યો છે કે અંતરથી સ્વીકાર કર્યો છે ? અંતરથી કર્યો છે તો ગુરુ તમારી સાથે છે અને દરેક સમયે સાથે છે ભલે તે દેખાતા ના હોય. દેખાતા નથી તો શું થઈ ગયું, શકલ જ દેખાતી નથી પણ જે આખે-આખું વિરાટ રૂપ છે એમનું, શું તે તમને નથી દેખાતું ? તમે એમાં ઝાંકીને કેમ નથી જોતા ? કેમ તમારી માની છબીમાં પોતાના ગુરુને નથી જોતા ? જ્યારે તમારી સામે મોજૂદ છે તો પછી તમે એમાં પોતાના ગુરુને કેમ ન ઝાંક્યા ? તમે ઝાંકો અને તેમને પોતાનું કામ કરવા દો. તમે મજબૂર ના કરો. તમે એવું ના કહેશો કે અમે અનાથ થઈ ગયા, અમને ગુરુજીના દર્શન નથી થતા. બેટા, તમે અનાથ નથી થઈ ગયા. જ્યાં સુધી હું બેઠી છું, તમે અનાથ ના થઈ શકો. હું વાયદો કરું છું કે તમે કદી પણ અનાથ નથી અને ન થઈ શકો. તો પછી તમારા મુખેથી એવું નીકળે કેવી રીતે ?

બેટા ! તમે ગુરુજીના વિરાટ રૂપને કેમ ન જોયું ? કેવળ શકલ સુધી જ સીમિત કેમ રહી ગયા ? કેમ ના ઓળખ્યું તેમના વિરાટ સ્વરૂપને ? તમે તેમને અંતરમાં કેમ ન બેસાડયા ? જેણે અંતરમાં બેસાડયા બેટા, તો હું કહીશ કે અમારો તે છોકરો મહાન છે, ભલે પછી તે કોઈ પણ સ્થિતિમાં કેમ ન હોય. હું તેમને પૈસાથી નથી તોલતી, પરંતુ તેની જીવાત્માથી તોલું છું, કેમકે જીવાત્માની દૃષ્ટિથી જ તો અમે તેના ગુરુ બન્યા છીએ અને એ મારા બાળક બન્યા, બેટા ! જો તે દિવસે કહ્યું હતું કે વિદાયવાળા દિવસની હું પોતાના રામની સીતા છું. ચાલો, તે ભગવાન હતા તો હું એક સંતની, ઋષિની પત્ની છું. વળી બેટા તમારા ગુરુજીનું નામ પણ શ્રીરામ છે તો પછી હું કોણ થઈ, સીતા થઈ કે નહીં ? રહેવા દો નામ ભગવતી છે તો શું, આખરે તેમની પત્ની છું. એક રીતે તો હું કહું છું કે સીતાથી પણ વધારે હું છું. તે સીતાના બે બાળક હતા લવ અને કુશ, પરંતુ અહા.............આ મા તો કેવી ધન્ય છે ! તેનું કલેજું તો પોતાના બાળકોને જોઈને વધુ ફૂલી જાય છે, જ્યાં લાખો-કરોડોની સંખ્યામાં બાળકો છે. એથી બેટા ! હું કહું છું કે કદાચ આ મામલામાં સીતા પણ મારાથી નાની પડી જાય હોં, શક્તિના મામલે હું ભગવાનની બરાબરી નથી કરતી-એ મામલામાં નથી કહેતી, પણ તે શક્તિની બરાબરી જરૂર કરી રહી છું કે મેં બે બાળકોને જન્મ નહીં, હજારો-લાખો બાળકોને જન્મ આપ્યો છે. પિતાએ આપ્યું છે અને માએ આપ્યું છે. પિતાએ આપ્યો છે સિધ્ધાંત અને માએ આપ્યો છે દુલાર-પ્યાર.

### સિધ્ધાંત સાથે દુલાર-પ્યાર

બેટા ! તેમણે તમને સિધ્ધાંત આપ્યા છે, પ્રેરણા આપી છે તો દુલાર મેં પણ આપ્યો છે. મારો પણ તમારા ઊપર એટલો જ અધિકાર છે, જેટલો કે તમારી સગી માનો અધિકાર છે, તમે ના સમજો તો કાંઈ નહિ. પણ અમે તો રામ બાદશાહ છીએ. સ્વામી રામતીર્થ કહેતા હતા કે એ આખું વિશ્વ અમારું છે અને એ આખો બાગ-બગીચો અને જે બેંકો છે, તે બધી અમારી છે. તમારી છે, તો શું


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

તમારા ગજવામાં પૈસા છે ? હા છે. સારું તો તમારી બેંક કયાં છે ? અરે બેટા ! એ ખ્વાબોની દુનિયા છે અને જ્યારે ખ્વાબ કરવા જ છે તો ઊંચા કેમ ન કરવામાં આવે. ઊંચાઈ તરફ કેમ ન જોઈએ ! આપણે ઊંચાઈ તરફ જ ઉઠવું જોઈએ.

બેટા ! હું ફરીને એ વાત ઉપર આવું છું કે આજનું આ મહાન પર્વ છે. આજે આ આત્મચિંતનનું પર્વ છે. હમણાં સુધી જેટલા અનુદાન તમને મળ્યા છે અને જે મળી રહ્યા છે, તમે તેનું ચિંતન કરો અને તે ચિંતનમાં ડૂબી જાઓ, તરબોળ થઈ જાઓ. તમે ગુરુજીમાં મળી જાઓ તો તમને આત્મસાક્ષાત્કાર થઈ જશે. તમે જ્યારે તેમને પોતાનામાં મેળવી લેશો અને તેમનામાં તમે મળી જશો તો તમને અનુભવ થશે કે ગુરુજી અમારા છે. બેટા ! મને એ અનુભવ થાય છે. જ્યારે હું પહેલી વાર અહીંયા સ્ટેજ-મંચ પર આવી હતી તો બેસી શકતી ન હોતી. અંદરોઅંદર મારી અજીબ હાલત થઈ રહી હતી અને મને સ્પષ્ટ અનુભવ થઈ રહ્યો હતો કે તે અમારી પાસે બેઠા છે. તે હંમેશા આ બાજુ બેસતા હતા, અને હું પેલી બાજુ બેસતી હતી. હજી પણ જોઈ લો, બે મોટા તકિયા લગાવી રાખ્યા છે. એક તેમના લાગેલ છે અને એક મારો લાગેલો છે. બંનેના લાગેલા છે. ગુરુજી હંમેશા અમારી સાથે છે. બેટા, જ્યારે કયારેક હું કયાંક જતી હતી તો રિક્ષામાં સૌથી પહેલા તે મને બેસાડતા હતા અને કહેતા હતા પહેલા તમે બેસો પાછળ હું બેસીશ અને ઉતરતી પણ હું જ પહેલી. આજે જ્યારે હું ગાડીથી ઉતરી તો મને લાગ્યું કે તે મારી પાછળ ઉતરી રહ્યા છે. તે સમયની જે હાલત હતી, હું તમને વર્ણન નથી કરી શકતી. એ પહેલો દિવસ હતો. એ જોઈ બાળકો પાણી લઈને ભાગતા આવ્યા કે માતાજીને શું થઈ ગયું. શું વાત છે ? વાત કશી નહોતી. મેં અનુભવ કર્યો કે દરેક સમય ગુરુજી અમારી સાથે છે, પણ તે સમયે તે દેખાયા નહીં, હું એકલી હતી, એવું પણ ન લાગ્યું, ન જાણે અંદર એવું શું લાગ્યું કે હું ભાવનાત્મકમાં ઊંડી ડૂબતી ગઈ.

બેટા ! તમને તે શરીરરૂપે ન દેખાય તો શું થયું, તે તમારી સાથે છે. આ ગુરુપૂર્ણિમાનું પર્વ અને એ સંદેશ એમનો છે. શબ્દ મારા છે, પણ ભાવ પ્રેરણા તેમની છે. આજે તેમણે ફરીને કહેવડાવી દીધું કે બંને એક છે. અમે બંને એક જ થઈ ગયા. બેટા, આજે અનેક શુભકામનાઓ અમારા બધા બાળકોને, જે અહીંયા અમારી સાથે હાજર છે અને જે નથી, તે બધા માટે પણ અમારા બંને તરફથી હાર્દિક શુભકામનાઓ અને આશીર્વાદ.

ૐ શાંતિઃ

## શ્રાવણી પર્વ – રક્ષાબંધન પર્વ (૧૨ ઓગષ્ટ)

ધરતી પર છવાયેલ હરિયાળી અને આકાશમાં છવાયેલ મેઘમાળાઓની વચ્ચે શ્રાવણી સંસ્કાર સંકલ્પ વરસી રહ્યા છે. બાર મહિનાઓના અનુક્રમમાં શ્રાવણ મહિનો કંઈક વિશેષ છે. ધરતી અને સૂર્યના ખગોળીય સંબંધ, પૃથ્વીમાં પડનાર અંતગ્રહી પ્રભાવ આ મહિનાને કંઈક વિશેષતાઓથી અલંકૃત કરે છે શણગારે છે. શ્રાવણ માસ પૂરી પ્રકૃતિને સંપૂર્ણ તથા સમૃધ્ધ બનાવે છે. બાહ્ય પ્રકૃતિ તથા પર્યાવરણ આ મહિનામાં જેટલા સમતુલિત તથા સમૃધ્ધ હોય છે, તેટલા બીજા મહિનાઓમાં કદીયે નથી થતા. માનવની અંતઃપ્રકૃતિની સમૃધ્ધિ તથા શૃંગાર માટે પણ આ મહિનાનું મહત્ત્વ કંઈક વધુ છે. અધ્યાત્મ વિદ્યાના વિશેષજ્ઞોએ આ મહિના માટે અનેક પ્રકારના ધર્માચરણ, અનુષ્ઠાન તથા તપશ્ચર્યાના વિધાન બતાવ્યા છે.



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

(અપનો સે અપની બાત)

# કળાતંત્રને પરિષ્કૃત કરી હવે નવી દિશા આપવાની છે

પરમપૂજ્ય ગુરુદેવ મે-૧૯૭૦ના અખંડ જ્યોતિમાં લખે છે કે આગામી દિવસોમાં ગાયત્રી પરિવાર મહાન પ્રયોજનો માટે ભાવનાની શક્તિ વડે એકત્ર ધન-સંપદાનું નિયોજન કરશે. તેઓ લખે છે. "(૧) આગામી દિવસોમાં આપણે એક મહાન ક્રાંતિકારી શિક્ષણ યોજનાનો શિલાન્યાસ, સંગઠન અને પ્રસારણ કરવાનું છે, તેને માટે વિશ્વવિદ્યાલય સ્તરનું એક સમર્થ તંત્ર ઊભું કરવાનું છે. (૨) કળાની કામુક તેમજ વિનાશોન્મુખ પ્રવૃત્તિઓને વાળીને તેને એક નવી દિશા આપવાની છે. સાહિત્ય, સંગીત, કાવ્ય, ચિત્ર, અભિનય જેવા કળાના દરેક પક્ષોનો પરિષ્કાર કરીને તેને વિનાશની ચુંગલમાંથી વિમુક્ત કરી વિકાસમાં નિયોજિત કરવાનાં છે. ફિલ્મ ઉદ્યોગને પણ નવી દિશા આપવાની છે. (૩) હિન્દુ સમાજમાં જે રીતે ધર્મમંચના માધ્યમથી આપણે ક્રાંતિકારી પરિવર્તન કરી રહ્યા છીએ, તેવી જ રીતે અન્ય ધર્મોની પરંપરાઓને સાથે લઈને તે જ વર્ગના લોકો દ્વારા તેવા જ પ્રયોગ કરવાના છે, જેવું આપણે આપણા સમાજ માટે કરી રહ્યા છીએ. ઈસાઈ, મુસલમાન, બૌદ્ધ,યહૂદી, પારસી જેવા સંસારના વિભિન્ન ધર્મો માટે 'ઉદ્દેશ્ય એક સ્વરૂપ અનેક'નો પ્રયોગ કરવાનો છે. (૪) અનીતિ અને અનાચાર, મૂઢતા અને મૂર્ખતા તથા કુરીતિઓની વિરુદ્ધ વ્યાપક સંઘર્ષ મોરચો ખોલવાનો છે, જેમાં વિવાહોત્સવથી માંડી અપરાધી મનોવૃત્તિ સુધી દરેક મોરચા પર શાંતિ સૈનિકો દ્વારા ઝૂઝવાનું છે. એટલા માટે વિરોધ, અસહયોગ, સત્યાગ્રહથી માંડીને ઘેરાવ સુધીનાં દરેક અસ્ત્રોને ઉપયોગમાં લેવાનાં છે."

ચાર મોરચા પર લડનારી આ ચતુરંગિણી સેનાની ચર્ચા કરતાં પૂજ્યવર આગળ લખે છે - **"એક નવું યુદ્ધ આપણે લડીશું. પરશુરામની જેમ લોકમાનસમાં ઘર કરી ગયેલી અવાંછનીયતાઓને વિચાર અસ્ત્રથી કાપીશું, માથું કાપવાનો અર્થ વિચાર બદલવાનો પણ છે. પરશુરામની પુનરાવૃત્તિ આપણે કરીશું. આ યુગનું સૌથી મોટું અને અંતિમ યુદ્ધ આપણું જ હશે, જેમાં ભારત માત્ર એક દેશ નહીં હોય, મહાભારત બનશે અને તેનું દાર્શનિક સામ્રાજ્ય વિશ્વના ખૂણેખૂણામાં પહોંચશે. નિષ્કલંક અવતાર આ જ છે. સદ્‌ભાવનાઓનું ચક્રવર્તી સાર્વભૌમ સામ્રાજ્ય જે યુગ અવતારી, નિષ્કંલક ભગવાન દ્વારા થનારું છે, તે અન્ય કોઈ નહીં, વિશુદ્ધ રૂપે આપણું યુગ નિર્માણ આંદોલન જ છે."**

## કળાતંત્રનો પરિષ્કાર

પરમપૂજ્ય ગુરુદેવની આ ચતુરંગિણી સેનાના ચાર મોરચામાંથી પ્રથમની ચર્ચા અગાઉના અંકમાં થઈ ચૂકી છે. આ અંકમાં આપણે બીજા કળાપક્ષને લઈ રહ્યા છીએ. પૂજ્યવર લખે છે કે આપણે નવા કલાકારો ઉત્પન્ન કરવા જોઈએ. એવા ચિત્રકાર, જે મનુષ્યની કોમળ ભાવનાઓને ઉભારનારી સાત્ત્વિકતા તેમજ ઉદાત્ત અભિવ્યંજના મૂર્તિમાન કરી શકે. યુગ નિર્માણની સેનામાં ભરતી થવા જોઈએ. એવા ચિત્ર પ્રકાશક અને ફિલ્મ નિર્માતા જોઈએ, જે નારીને કુત્સિત (અધમ), ઘૃણિત, વિષાક્ત, અશ્લીલ રૂપમાં પ્રસ્તુત ન કરવાના સોગંદ લે અને ફક્ત સુરુચિ જાગૃત કરનારી જ તસ્વીરો પ્રસ્તુત કરે. તેવા જ યુગની આવશ્યકતાને પૂરી કરી શકશે.

તેઓ આગળ એમ પણ કહે છે કે અમારે એવા સાહિત્યકાર અને કવિ જોઈએ છે કે જેમની કલમ સર્જનાત્મક હોય. કલ્પનાએ સોગંદ લીધા હોય કે પશુતાને બહાર લાવવા બહાર નહીં નીકળે. જો સામાજિક અને માનસિક ગુલામીનાં બંધનોમાં બંધાયેલી અનૈતિકતાની અભ્યાસી આજની કુત્સિત વિચારણા પ્રત્યે ફક્ત વિદ્રોહનો સ્વર ગાવામાં આવે, કલમ દ્વારા આગ ઓકવામાં આવે તો અજ્ઞાનની આસુરી લંકાને બાળીને રાખ કરી શકાય છે. નવા યુગનું નિર્માણ ઈંટ-ચૂનાથી નહીં, લોકચિંતનની દિશા બદલવાથી જ થશે. આ કાર્ય લેખક, કવિ અને પ્રકાશકની ત્રિમૂર્તિ જ કરશે. પુસ્તક, કવિ અને પ્રકાશકનો સંઘ સોગંદ ખાય કે અમે લોકો જનમાનસને વિકૃત કરનારું, અંધવિશ્વાસ, અનાચાર તેમજ કુત્સા ભડકાવતું સાહિત્ય નહીં છાપીએ, પુસ્તક વિક્રેતાઓની પંચાયત એવો નિર્ણય લે કે ગોમાંસની માફક પતનોન્મુખ સાહિત્ય વેચીને ભ્રષ્ટ કમાણી કરવા કરતાં ભૂખ્યા સૂઈ જવાનું અથવા ઘાસ વેચીને પેટ ભરવાનું યોગ્ય રહેશે. સાહિત્ય સર્જન, પ્રકાશન અને વેચાણની ગંગા-યમુના-સરસ્વતી જો લોકમંગલની દૃષ્ટિ અપનાવી લે તો તે તીર્થરાજમાં સ્નાન કરીને આપણો કોઢી સમાજ કાયાકલ્પ કરવામાં સમર્થ થઈ શકે છે.

કેટલો ઓજસ્વી સ્વર છે ! ચિત્રકારો, કલાકારો, કલમના માલિક તથા પ્રકાશકો માટે આહ્‌વાન રૂપ છે. જો આ વર્ગ સંભાળી લે તો સમાજમાં છવાયેલું સાંસ્કૃતિક



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

પ્રદૂષણ દૂર કરી શકાય છે. નારીને ભોગ્યા, રમણીનું સ્વરૂપ આ લોકોએ જ આપ્યું છે. જો એમની દિશા યોગ્ય થઈ જાય તથા સત્‌સાહિત્ય, સાચી કલા જન-જન સુધી પહોંચવા લાગે તો એક ક્રાંતિ જ થઈ જશે. પરમપૂજ્ય ગુરુદેવ તેવા જ હલાવી નાંખનારા સ્વરોમાં ગાયન, વાદન, અભિનય સાથે જોડાયેલી સંસ્થાઓને પણ કહે છે.

## ગાયન, વાદન તેમજ અભિનય

ત્રણેય શક્તિ-સંસ્થાઓ સરસ્વતી, લક્ષ્મી અને દુર્ગાનું રૂપ ધારણ કરીને જનમાનસમાં નંદનવનનું સર્જન કરી શકે છે. આજે ગાયન, વાદન, અભિનય ત્રણેએ કામુકતા, અશ્લીલતા, શૃંગાર અને વાસનાને ઉશ્કેરવામાં પોતાને કેન્દ્રમાં રાખ્યાં છે. જો આ કોઈક હદ સુધી ઉચિત પણ હોય, તો પણ તે અનીતિની સીમામાં હજારો-લાખો કિ.મી. આગળ વધી ચૂક્યાં છે. (વાચક ધ્યાન આપે, આ બધું પૂજ્યવરે જુલાઈ-૧૯૭૦માં કહ્યું છે, જ્યારે ટેલિવિઝન, સીરિયલ્સ, ચિત્રહાર, કેબલ ટી.વી. વગેરેનો ઘર-ઘરમાં પ્રવેશ થયો ન'તો. ત્યાર પછીનાં તેત્રીસ વર્ષમાં હાલત કેવી થઈ ગઈ છે, તે દરેક જણ જાણે છે.)જે જોવામાં અને સાંભળવામાં આવે છે, તેમાં કામુક્તા ભડકાવતાં તત્ત્વો સિવાય વધારે બીજું કશું જ નથી. જે ગાય છે કામુક, જે વગાડે છે કામુક અને જે લખે છે કામુક, જનમાનસની પશુતાને ઉશ્કેરીને સસ્તી વાહવાહ અને નાણાં હડપવાની હવસ આ ક્ષેત્રમાં આકાશ-પાતાળ એક કરવાની હોડમાં લાગ્યા છે. હવે આ આંધળી દોડ ઉપર પ્રતિબંધ લાગવો જોઈએ. ગાવા માટે શૃંગાર સિવાયના અન્ય રસ પણ બાકી છે. જે એક ખૂણામાં પડ્યા સડી રહ્યા છે. હવે તેમને પણ આધાર મળવો જોઈએ. શૃંગારને થોડો સમય પૂર્ણ વિશ્રામ લેવા દેવો જોઈએ.

આગળ તેઓ લખે છે કે આપણો દેશ હજાર વર્ષની ગુલામીમાં એક-એકથી મોટા અને ઊંડા ઘા સહન કરતો આવ્યો છે. હવે તેને એવા દીપક રાગ સંભળાવવા જોઈએ જેના લીધે બુઝાયેલું અંતઃકરણ જ્યોતિર્મય થઈ ઊઠે. હવે એવો મેઘમલ્હાર ગાવો જોઈએ જેનાથી માનવીય આદર્શોનાં વાદળાં ઉમટે અને પોતાની ઘનઘોર વર્ષાથી આ તપેલી તરસી ભૂમિમાં સર્વત્ર હરિયાળી ઉગાડી દે.

અભિનય કેવળ દિશા દર્શાવે. કર્તવ્ય પથ પરથી વિમુખ થઈ રહેલ ચિંતનને સર્જનનો નવો માર્ગ મળે અને બૌદ્ધિક પરાધીનતાનાં બંધનોમાં જકડાયેલી વિચારણાને વિવેકના ઉન્મુક્ત આકાશમાં વિચરણ કરવાની સંભાવના વધી જાય. ફિલ્મ ઉદ્યોગમાં લાગેલાં નાણાં અને પ્રતિભાઓ જો પશુતા ભડકાવીને ખીસ્સાં ભરવાની ખરાબ માનસિકતાથી દૂર ન થાય તો તેમની હરીફાઈમાં નવો મોરચો ઊભો કરી શકાય છે. પ્રગતિશીલ ફિલ્મ ઉદ્યોગને જન્મ આપવામાં આવે, તેને માટે હવે યોગ્ય સમય આવી ગયો છે. નવા કલાકારોને તૈયાર કરવામાં આવે. બધું જ સ્વયંસેવક સ્તર પર થાય. પૂંજીપતિ આગળ ન આવે તો સહકારિતાના આધારે એ ઉદ્યોગનું સર્જન કરવામાં આવે. હાલતાં-ચાલતાં સિનેમા ખૂલે અને ગ્રામ્ય ક્ષેત્રોમાં રોકાણ-ખર્ચ કાઢીને મનોરંજનની સાથેસાથે સર્જનને દિશા પ્રદાન કરે. નાટકો, રાસમંડળીઓને સમય પ્રમાણેનું નવું રૂપ આપવમાં આવે.

## આજની સ્થિતિ અને નૂતન ચિંતન

નિશ્ચિતપણે લોકરંજનથી લોકમંગલ આપણી ગુરુસત્તાનું લક્ષ્ય રહ્યું અને તેઓ જીવનભર આને માટે પ્રયત્ન કરતા રહ્યા. ૧૯૭૦માં આપવામાં આવેલ તેમના ઉપર્યુક્ત ચિંતન પછી કેટલું પરિવર્તન આવ્યું, તેનાથી સૌ વાકેફ છે. પાછલાં તેત્રીસ વર્ષોમાં એ ફેરફાર થયો છે, જે પાછલાં દોઢસો વર્ષમાં પણ થયો ન હતો. વીડિયો, ડિજીટલ ટેકનોલોજી, ઉપગ્રહ પ્રસારણ, ઢગલાબંધ ચેનલોનું પ્રાગટ્ય તેમજ ઘર ઘરમાં તેના પ્રસારણનું પહોંચવું-વિજ્ઞાનની શોધના લીધે સરળ બની ગયું છે. જે પ્રસારણ દ્વારા સકારાત્મક ચિંતન મળવાનું હતું, તેણે હવે સ્વયંને માત્ર મનોરંજન સુધી, વિષયસેવન, ઉપભોગ સુધી સીમિત કરીને રાખી દીધું છે. સમાચારોના વિષયમાં ઢગલાબંધ ચેનલ્સ ઉપલબ્ધ છે. કારગિલ યુદ્ધ એવું હતું, જેનું એક રીતે યુદ્ધ સંવાદદાતાઓએ સજીવ પ્રસારણ કર્યું હોય, આવું કહેવામાં કોઈ અતિશયોક્તિ નથી. ઈરાક પર અમેરિકાએ કરેલ આક્રમણને પણ હમણાં બધી જ ચેનલોએ સજીવ બતાવ્યું. ગોપનીયતા જેવું ક્યાંય રહ્યું જ નથી. આ ખુલ્લા પ્રજાતંત્રમાં દરેક ક્ષણે દરેક વ્યક્તિ પાસે તે પહોંચી રહ્યું છે, શક્ય છે જેને માટે તે સુપાત્ર નથી. વિભિન્ન ચેનલોએ જે હિન્દીને જન્મ આપ્યો છે, તે હિન્દી અને ઈંગ્લિશનો સમન્વય હિંગ્લીશ જ કહેવાય તો અતિશયોક્તિ નહી કહેવાય.

સમાચાર, ફિલ્મો, ચોવીસ કલાક; અશ્લીલતાથી ભરેલાં નાચગાન ચોવીસ કલાક ; આ બધું જ જો સામાન્ય માનવીને મળતું રહ્યું તો નવી પેઢીનો માનસિક ભાવનાત્મક વિકાસ શું હશે, વિચારી શકાય છે. પરમપૂજ્ય ગુરુદેવ દ્વારા જે પડકારનું વર્ણન કલાક્ષેત્રના વિષયમાં કરવામાં આવ્યું છે, તે હવે બસ્સો ગણી અધિક જવાબદારી સાથે આવીને ઊભું છે. ચેનલોએ ધર્મક્ષેત્રમાં પણ પ્રવેશ કરી લીધો છે. ચાર ચેનલો ધર્મના સ્વરૂપને જે રીતે ચોવીસ કલાક પ્રદર્શિત કરી



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

રહી છે, તેનાથી લાગે છે કે દરેકને પરિષ્કૃત ધર્મનું સાચું સ્વરૂપ ભણાવવા માટે પરાણે પ્રેરિત કરી રહી હોય. દરેક જણ આવીને કોઈ પણ વિષય ઉપર અણઘડ રીતે પ્રવચન-કથા કહી રહ્યું છે અથવા નાચી-ગાઈને એવું સ્વરૂપ દર્શાવી રહ્યા છે, જેને જોયા પછી આજની યુવા પેઢી ક્યારેય ધર્મનું સાચું નામ જ નહીં લે.

## પ્રતિભાઓ કલાની સાથે વિજ્ઞાનનું રચનાત્મક નિયોજન કરે

હવે બધી જ જવાબદારી આજના એ પ્રતિભાશાળી વર્ગ પર છે, જે વિજ્ઞાનની આ શોધોનું રચનાત્મક નિયોજન કરી શકે. સાથેસાથે કોમ્પ્યુટર્સ (પાવર પોંઈટ), સ્લાઈડ પ્રોજેક્ટર્સ દ્વારા લોકશિક્ષણ, મલ્ટીમીડિયા દ્વારા એ બધું બતાવવાનું જે પહેલાં વિભિન્ન સાધનો દ્વારા બતાવવામાં આવતું હતું તથા શ્રેષ્ઠ ધારાવાહિકોનું પ્રચલન જેમાં દાંપત્યજીવનના નિર્માણની વાતો હોય તથા યુવાશક્તિનું માર્ગદર્શન હોય. સાક્ષરતા-વિસ્તાર, પર્યાવરણ પ્રત્યે જાગરૂકતા, સ્વાસ્થ્ય-સંવર્ધન, યોગ-ચિકિત્સા, ધ્યાનનો વ્યાવહારિક પક્ષ, સ્વચ્છતા, ગ્રામ્યવિસ્તારોમાં સંકટ નિવારણ તથા સ્વાવલંબનની સફળતાની કથાવાર્તાઓ પણ પ્રચલિત કરી શકાય છે. આ બધાં માટે કોમ્પ્યુટર, સસ્તા સ્લાઈડ પ્રોજેક્ટર, ટેપરેકોર્ડર્સ, ઓવરહેડ પ્રોજેક્ટર્સ (ઓ.એચ.પી.) ટી.વી.સ્ક્રીન, વી.સી.ડી. પ્લેયર્સ તથા કેબલ નેટવર્કનો આધાર લઈ શકાય છે. લોકકલાઓને જીવંત કરવા તથા તેનાં આકર્ષણને યથાવત્ રાખવાનો પણ પ્રયત્ન હોવો જોઈએ. આખું વિશ્વ બજારવાદથી હટીને હાટ-ગામડાની સંસ્કૃતિ તરફ વળી રહ્યું છે. આપણે ઈચ્છીએ તો યુગ ગાયન, લોકકલા, લોકનૃત્ય તથા શેરી નાટકો, ચોટદાર પ્રસંગો દ્વારા પર્યટનને પણ મહત્ત્વ આપી શકીએ છીએ, તથા આની સાથે જોડાયેલ કલાકારોને ભરણપોષણ પણ અપાવી શકીએ છીએ. આજે પણ લોકો સત્સાહિત્ય ઈચ્છે છે. અલગ અલગ જગ્યાએ પ્રદર્શન ભરાય તો જોત-જોતામાં લોકોની રુચિ બદલી શકાય છે. કવિ સંમેલન પણ આયોજિત થાય, મુશાયરા પણ, પરંતુ તેનાં સ્વરૂપ સૌમ્ય, સાત્ત્વિક હોવાં જોઈએ. પુરાતન ગાયન પદ્ધતિ, વાદ્યયંત્ર ઉપર ફરીથી નવા રૂપમાં પ્રસ્તુત કરવામાં આવી શકે છે. જે રુચિની સાથે આજની પેઢી પોપ અથવા જોજ પર નાચી રહી છે. પુનઃ આ ધૂનોને આત્મસાત્ કરી શકશે, એની ઉપર વિશ્વાસ કરી શકાય છે.

## એક નાનો પ્રયત્ન અને ભાવી સંભાવનાઓ

શાંતિકુંજ, હરિદ્વાર દ્વારા "યુગ પ્રવાહ" પાક્ષિક વીડિયો પત્રિકા (અત્યાર સુધી ૩૪ સંસ્કરણ પ્રસિદ્ધ થઈ ચૂક્યાં) થી એક અભિનવ શરૂઆત કરી છે. આ દેશભરમાં આપણા કાર્યકર્તાઓ દ્વારા લગભગ છ થી આઠ કરોડ લોકોને નિયમિત બતાવવામાં આવી રહી છે. તેની અંદર આજની પરિસ્થિતિઓને સાંકળીને જિજ્ઞાસાઓના સમાધાનથી માંડીને સાર્થક સફળતાઓની કથાઓથી ભરેલા સમાચાર પણ હોય છે, યુગ ગાયન પણ તથા લોકરંજનનું વિધેયાત્મક સ્વરૂપ પણ. આની લોકપ્રિયતા પણ ઝડપથી વધી છે. આધ્યાત્મિક સ્તર પર નવજાગરણ થયું છે. તેમજ શાંતિકુંજની અપેક્ષાઓ પણ વધી છે. દેવસંસ્કૃતિ વિશ્વવિદ્યાલયમાં પણ ઈલેક્ટ્રોનિક મીડિયા, માસ કમ્યુનિકેશન, જર્નાલિઝમની શાખાઓ શરૂ કરવામાં આવી રહી છે.

આગળ જતાં 'ગાયત્રી મહાવિદ્યા' પર એક ચલચિત્ર તથા 'યુગનિર્માણ' પર એક ધારાવાહિક શૃંખલા બનાવવાનું મન છે. આના લીધે જન-જનને સપ્તસૂત્રી આંદોલનમાં-યુગના નવનિર્માણની પ્રક્રિયામાં ભાગીદારી કરવાનો અવસર મળશે. આની સાથેસાથે પ્રદર્શનના માધ્યમથી લોકશિક્ષણનું જે માધ્યમ રહ્યું છે, તેને આપણાં ચાર હજાર કરતાં અધિક કેન્દ્રો દ્વારા હજી વધુ વ્યાપક બનાવાનું મન છે. છપાયેલી પ્રદર્શનીઓ દ્વારા બજાર, હાટ, મેળા તથા સુદૂર ગામડાંઓ સુધી તેમની ભાષામાં સંદેશો પહોંચાડી શકાય છે. ચેનલોની ભીડમાં ઊભા રહેવા આપણે યોગ્ય નથી કે નથી આપણે આર્થિક દૃષ્ટિએ તેને યોગ્ય. જ્યારે ઉપભોક્તાવાદી વિજ્ઞાપન-પ્રધાન સમાજની સાથે ચાલી નથી રહ્યા તો તેમની તરફ મોં ફાડીને ચેનલનું તંત્ર કઈ રીતે ઊભું કરી શકાય. આપણો પરિચય પોતે જ એટલો મોટો છે કે તે લોકોની જનચેતનાને જગાડીને, ચલચિત્ર તથા ધારાવાહિક નિર્માતાઓની રુચિને બદલી શકે છે. આદર્શવાદી નિર્માણ હેતુ પ્રેરિત કરી શકે છે. આપણે કલાતંત્રને વ્યવસ્થિત રીતે આગામી બે વર્ષોમાં એક નવી દિશા આપવાની છે. આ ક્ષેત્ર સાથે જોડાયેલી પ્રતિભાઓને શાંતિકુંજના તંત્રની સાથે જોડવી છે. પ્રયત્ન કરવામાં આવે તો અધોગામી પ્રવાહને ઊર્ધ્વગામી ન બનાવી શકાય એવું કોઈ કારણ નથી. પૂજ્યવરે જે પડકાર ફેંક્યો છે, તે આપણા સૌ માટે છે, આપણે જ પૂરો કરવાનો છે તેમજ આ સકારાત્મક માધ્યમ દ્વારા યુગ નિર્માણ યોજનાના લક્ષ્યને નિશ્ચિતપણે પૂરું કરવાનું છે.



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

અપનો સે અપની બાત

# આવતા વસંત પહેલા વરિષ્ઠ નિયાજકોનું વિશિષ્ટ પ્રશિક્ષણ

ગાયત્રી પરિવાર એક સુવ્યવસ્થિત સંગઠન છે, જેનું નેટવર્ક પૂરા દેશ તથા વિશ્વના અગણિત દેશોમાં ફેલાયેલું છે. જે બીજ એકાકી રૂપમાં ૧૯૨૬માં અખંડ દીપ પ્રજ્જવલન (વસંત પંચમી)થી શરૂ થઈ એટલું વિરાટવૃક્ષ બની ગયું, એની મૂળ ધરી તપ છે, કઠોર તપ, જીવન સાધના તથા આત્મીયતાનો વિસ્તાર.

શાંતિકુંજ સપ્ત સરોવર ક્ષેત્રમાં વહેનારી સાત ધારાઓ નીલ ગંગાથી એટલું જળ આ અવધિમાં વહ્યું છે, તેમણે ૧૯૭૧ થી ૧૯૯૦ ના વીસ વર્ષોમાં સો વર્ષનું કાર્ય થતું જોયું છે. તે આધ્યાત્મિક પુરુષાર્થ જેને એકવીસમી સદીમાં ભારતનું વિશ્વ નેતૃત્વ સંભાળવાનું, ઉજ્જ્વળ ભવિષ્ય લાવી દેખાડવાનું કાર્ય કરવાનું હતું. તે કાર્ય પૂજ્યવરે તેમજ પરમ વંદનીયા માતાજીએ પોતાના મહાપ્રયાણ (ક્રમબધ્ધ ૨ જૂન ૧૯૯૦ તથા ૧૯ સપ્ટેમ્બર ૧૯૯૪) સુધી ચલાવ્યું.

કળિની ચાલ પણ બહુ વિલક્ષણ છે. બધું જ ઠાકોર (ભગવાન) કરી રહ્યા છે, ગુરુદેવ કરી રહ્યા છે, તો પણ આપણે પોતાના સ્તરે પોતાના વ્યક્તિત્વને દોષ રહિત સંસ્કારી, જીવન સાધનામાં પ્રગતિનો પુરૂષાર્થ તો સ્વયં જ કરવાનો છે, આ સામાન્ય જ્ઞાન તો બધાને છે. પૂજ્યવર કહેતા હતા કે આ દેવી સંકલ્પના છે, ભગવાનનું મિશન છે, સૃષ્ટાનું નિર્ધારણ છે. કોઈ પણ યુગ પરિવર્તન રોકી નહીં શકે. તમે લોકો કામ ન પણ કરો તો અસંખ્ય ઉચ્ચ સ્તરના આત્માઓથી હું આ કાર્ય કરાવી લઈશ, જે રાહ જોઈને બેઠા છે. બોલાવવાની રાહ જુએ છે.

હવે પૂજ્યવરના લૌકિક લીલા કાળ સમેટાઈ ગયાના ૧૩ વર્ષ પછી આપણે સૌએ એ વિચાર કરવો જોઈએ કે આપણી જીવન-સાધનામાં, આત્મ પ્રશિક્ષણમાં, કાર્યકર્ત્તા રૂપે કોઈ ખામી તો નથી રહી ગઈ. જો છે તો પહોંચો ગાયત્રી તીર્થ તથા ફરી તે દોષ-દુર્ગુણ દૂર કરી સક્રિયતા સાથે ગતિ પકડીએ. સમય બહુ ઓછો રહ્યો છે. હવે માત્ર ૮ થી ૯ વર્ષનો સમય બાકી છે. નવરાત્રિના નવ દિવસની માફક **પૂજ્યવરની જન્મ શતાબ્દી (૨૦૧૧-૧૨)ના** પહેલાના સમયનો પહેલો દિવસ (પહેલું વર્ષ) ચાલી રહ્યું છે. જો આપણે એક-એક દિવસને એક વર્ષ માનીએ. આ સમયમાં ઘણા પ્રશિક્ષક, સક્રિય સહયોગી, સમીક્ષક, નેતૃત્વ સંભાળનાર ઝોનલ આગેવાન આપણે તૈયાર કરી તેને આંદોલનની બાગડોળ થમાવી દેવાની છે. સાતેય આંદોલન પૂરા રાષ્ટ્રમાં તથા સમસૂત્રી કાર્યક્રમ વિદેશમાં ગતિશીલ થઈ જાય તો ૨૦૧૧-૧૨ પછીનો સમય અદ્ભુત અતિ વિલક્ષણ ભારતીય સંસ્કૃતિનો, હિંદુત્વના જાગરણનો સમય હશે. તે બધાનું માન (શ્રેય) ગાયત્રી પરિવાર તથા તેની સાથે-સાથે આ દિશામાં કાર્ય કરી રહેલ ઘણાં બધાં સંગઠનોને મળશે.

શાંતિકુંજ-ગાયત્રી તીર્થમાં આ વર્ષના ઓગષ્ટ-સપ્ટેમ્બર તથા ૧ નવેમ્બર ૨૦૦૩ થી ૨૦ જાન્યુઆરી ૨૦૦૪ સુધીની એક નવી રણનીતિ નવ દિવસીય સંગઠનાત્મક રિફ્રેશર સત્રોની બનાવી છે. ક્ષેત્રમાં ઘણાં એવા પરિજનો છે જેમનામાં અનંત સામર્થ્ય મોજૂદ છે, પ્રતિભાશાળી છે તથા પ્રચાર, પ્રશિક્ષણ પ્રબુધ્ધોની સમસ્યાઓ ઉકેલવાની, યુવાશક્તિને માર્ગદર્શન આપવા જેવું કાર્ય કરવાની શક્તિ તેમનામાં છે. કયારેક-કયારેક તે સંકોચ કરે છે. અમે આટલા વરિષ્ઠ છતાં સમય અભાવના કારણે કેન્દ્ર કેવી રીતે તથા કયારે પહોંચીએ. તેના માટે એક સમાધાન કાઢ્યું છે. એવા પરિજન જે સમર્થ હોય, કોઈ પણ પ્રોજેક્ટ લેવાનું વિચારતા હોય, પરસ્પર વિચાર-વિમર્શ કરી પોતાની એક સૂચિ જોનલ-સબ જોનલ સ્તરે બનાવી શાંતિકુંજના નવ દિવસીય સત્રમાં એક સાથે સ્વીકૃતિ લઈ લે. એક જોનના એવી રૂચિ રાખનાર વ્યક્તિ પણ સાથે-સાથે આવી શકે છે. સવારે ઉઠવાથી ૧૨ વાગ્યા સુધી તેમનું અનુષ્ઠાન સાધનાત્મક નિયમિત રહેશે, તેના પછી રાત્રે ૯ વાગ્યા સુધી તેમનું ઉચ્ચસ્તરનું રિફ્રેશર પ્રશિક્ષણ ચાલશે. આઠ દિવસમાં અનેક કામની વાતો થઈ જશે, તે નિશ્ચિત સ્પષ્ટ કાર્ય યોજના બનાવી જઈ શકશે. પ્રવક્તાગણ, ચિકિત્સક, રચનાત્મક કાર્યોમાં રૂચિ રાખનાર પોત-પોતાના સમૂહ બનાવી આવી શકે છે. અહીંયાથી ગયા પછી તે કાર્યક્ષેત્રમાં જઈ પ્રશિક્ષણ આપી શકે છે. એક સહયોગી અમે તેમને આપીશું. અંદરોઅંદર ચર્ચા કરી સમૂહ બનાવી આવે, ઓછામાં ઓછું ૪૦-૪૫નું ગ્રુપ હોય તો જ આવા કોર્સની સાર્થકતા છે. અત્યારથી પરિજન પરસ્પર વિચાર-વિમર્શ કરી જે સત્રમાં આવવું હોય, તેના માટે શાંતિકુંજ જાણ કરશો. અનુમતિ મળતા જ આવી જશો. અમે પણ અનુમતિ પૂરા સમૂહને સમજી-વિચારીને જ આપીશું. અત્યારથી જ તેના માટે તૈયારી કરશો તો જ ભાવિ વસંત સુધીના સમયનો સાચો ઉપયોગ કરી શકશો.



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# યુગ નિર્માણ સમાચાર

**રામનગર**–મહેસાણા જીલ્લાના રામનગરના વતની શ્રી દ્વારકાદાસ શંકરદાસ પટેલે ગાયત્રી તપોભૂમિનાં સ્વર્ણ જયંતિ વર્ષ ઉપલક્ષમાં ૧૦૦૮ મહામંત્ર લેખન બુક લખવાનો-લખાવવાનો સંકલ્પ પૂર્ણ કરેલ છે. શ્રી દ્વારકાદાસ દ્વારા શ્રધ્ધાપૂર્વક મહામંત્ર લેખન દ્વારા શ્રધ્ધાંજલિ અર્પણ થઈ તે ખરેખર પ્રશંસનીય છે.

**ઓલપાડ**–ગાયત્રી પ્રજ્ઞા મંદિરનાં હોલમાં શ્રી યુગ નિર્માણ ગાયત્રી પરિવાર ટ્રસ્ટ ઓલપાડ દ્વારા સંચાલિત પ્રજ્ઞા શિશુ મંદિર (બાલવાડી) નો પ્રવેશોત્સવ તેમજ વિદ્યારંભ સંસ્કાર સમારંભ સંપન્ન થયો. સમારંભનું દીપ પ્રાગટ્ય કરી શુભારંભ કરતાં સુરત જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી શ્રી રઘુવીરસિંહ ગોલે કહ્યું કે સંસ્કાર વગરનું શિક્ષણ નકામું છે. આપણે આપણી મૂળ ભારતીય સંસ્કૃતિ છોડીને વિદેશી સંસ્કૃતિ અપનાવી રહ્યાં છીએ તે બરાબર નથી. બાળકોને પાયાથી જ આપણી સંસ્કૃતિ સાથે શિક્ષણ પ્રાપ્ત થાય તેવી અપેક્ષા વ્યક્ત કરી હતી. તાલુકા વિકાસ અધિકારી શ્રી ચીમનભાઈ પટેલે શિશુ મંદિર શરૂ કરવા બદલ ગાયત્રી પરિવારને અભિનંદન આપી શુભેચ્છા વ્યક્ત કરી હતી. સમારંભના પ્રમુખ શ્રી કરશનજી પટેલે સમાજના ઉત્થાન માટે પાયાની કેળવણી અંગે ભાર મૂક્યો. જો પ્રાથમિક શિક્ષણ સંસ્કારમય હશે તો જ ભાવિ પેઢી સંસ્કારી બની ભારતીય સંસ્કારનું પાલન કરશે અને ભારતનો સાચો નાગરિક બનશે.

**બારડોલી**–ગાયત્રી પ્રજ્ઞા મંદિરમાં ગાયત્રી જયંતીના દિને તૃતીય (ત્રીજો) પાટોત્સવ વાર્ષિકોત્સવ ઉજવાયો. સવારે ૬- વાગે સામૂહિક ધ્યાનથી શરૂ કરી ૮- વાગે "ગાયત્રી માતાનું પૂજન", ગાયત્રી જયંતી પર્વ નિમિત્તે વેદમાતા, દેવમાતા, વિશ્વમાતા, હંસ, ગંગા જયંતી નિમિત્તે ગંગામાતા પૂજન, પૂ. ગુરુદેવના નિર્વાણ દિન નિમિત્તે સામૂહિક પાંચકુંડી ગાયત્રી મહાયજ્ઞ ઉપરાંત સાંજે (૧૦૮) ગાયત્રી દીપયજ્ઞ થયો. (૨૪૦૦) કરોડ મંત્રલેખન તથા સાધકો બનાવવામાં કુલ અત્યાર સુધી થયેલા (૨૪) લાખ મંત્રલેખન બુકોનું પૂજન-અર્ચન કર્યું. એક લાખનું બ્રહ્મભોજ સાહિત્ય વિતરણ કરવામાં આવશે અત્યાર સુધીમાં (૧૮૦૦૦) નું બ્રહ્મભોજ સાહિત્ય વિતરણ થયું. જેમાં ગાયત્રી શક્તિપીઠ રાંદેર, બાલાજી રોડ, વડોદરા માંડવી કેન્દ્રનો સહયોગ સૌથી વધુ રહ્યો.

**આદિત્યાણા**–ગાયત્રી પ્રજ્ઞાપીઠ દ્વારા થઈ રહેલ રચનાત્મક કાર્યક્રમો. પ્રજ્ઞાપીઠ ઉપર નિયમિત કાર્યક્રમ ઉપરાંત દર ગુરૂવારે પરિજનો દ્વારા સમૂહ પ્રાર્થના સંસ્કારના કાર્યક્રમો તથા સી.ડી. વિડીયો કેસેટ શાંતિકુંજથી આવે છે તે સમૂહમાં મંદિરે તથા કેબલ ઓપરેટરને આપી અમારા ગામમાં તથા આસપાસની શાખા, પ્રજ્ઞાપીઠ, શક્તિપીઠ, મહિલા મંડળને જોવા માટે-પ્રસાર માટે આપે છે. ૨૪૦૦ મંત્રલેખન બુક્સ મંત્ર લેખન માટે મંગાવેલી જેમાંથી ૧૫૦૦ બુક્સ મંત્ર લેખનમાં અપાઈ ગઈ છે અને હજુ મંત્ર લેખન કરાવવાર્ના પ્રયત્નો ચાલુજ છે. કુલ દસ હજાર બુક્સ લખાવવાનો સંકલ્પ છે. મિશનનાં વિસ્તાર માટે સાહિત્ય ઘરે-ઘર પહોંચાડવા નિષ્ઠાપૂર્વક પ્રયત્ન થાય છે.

**અમદાવાદ**–પરમ પ્રમાણ દર્શનના પૂજ્ય સ્વામી નિત્યાનંદ સરસ્વતી ના "ગાયત્રી મહામંત્ર" વિષય ઉપર અત્રેના ટાઉન હોલમાં પાંચ દિવસ રાખેલા "જ્ઞાનયજ્ઞ"માં સેટેલાઈટ શાખા દ્વારા બ્રહ્મભોજ સાહિત્ય સ્ટોલ રાખવામાં આવ્યો. પાંચ દિવસ દરમ્યાન, "ગાયત્રી મહાવિજ્ઞાન", "વેદોનો દિવ્ય સંદેશ", "ગાયત્રી મંત્રાર્થ", "ઋષિ ચિંતનના સાનિધ્યમાં", "ત્રણ ખંડ ઉપનિષદ" વગેરે પુસ્તકોનું રૂા. ૭૫૦૦ નું બ્રહ્મભોજમાં વેચાણ થયું. જ્ઞાનયજ્ઞ દરમ્યાન, જ્ઞાનપીઠ દ્વારા તથા શ્રી તુલસીભાઈ પટેલ, કનુભાઈ પટેલ તરફથી જૂના "યુગ શક્તિ ગાયત્રી"નાં અંકોનું વિતરણ કરવામાં આવ્યું. કાંતિકુંજના શ્રી રાજુભાઈ પટેલ દ્વારા ગાયત્રી મંત્ર લેખન તથા યુગ ચેતના સાહિત્ય વિના મૂલ્યે આપવામાં આવ્યું.


**જૂનાગઢ**–ગાયત્રી જ્ઞાન મંદિરના પ્રજ્ઞાપુત્રો દ્વારા મિશનનાં વિસ્તાર માટે વિશેષ પ્રયત્ન થઈ રહેલ છે. જે અભિનંદનીય-પ્રેરણાપ્રદ છે.

(૧) સાધના વર્ષ અંતર્ગત ૨૪૦૦ કરોડ મંત્રલેખન અભિયાન હેતુ ૧૧ હજાર પરિજનો પાસે સંકલ્પ કરાવી મંત્રલેખન પૂર્ણ કરેલ છે. ભાવનાશીલ પરિજનોના અનુદાન દ્વારા બ્રહ્મભોજમાં મંત્રલેખન વિતરણ કરી સાથે-સાથે યુગ શક્તિ ગાયત્રી, અખંડ જ્યોતિ, પ્રજ્ઞા અભિયાનનાં ૧ હજાર સદસ્ય બનાવેલ છે. પત્રિકાના સદસ્ય બનનાર પરિજનોને પ્રોત્સાહન રૂપે એક કેલેન્ડર જ્ઞાન પ્રચાર કેન્દ્ર દ્વારા ભેટ આપ્યું.



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

R.N.I. 23434/71 YUG SHAKTI GAYATRI GUJARATI MONTHLY REGD.No. AG/MTR-39/03-05
Licensed to post without Prepayment. LICENCE-AG/MTR-01








**ગાયત્રી તીર્થમાં ધામધૂમથી મનાવ્યો ગાયત્રી જયંતી મહાપર્વ**

માલિક યુગ નિર્માણ યોજના ટ્રસ્ટ મથુરા માટે મૃત્યુંજય શર્મા દ્વારા પ્રકાશિત તથા યુગ નિર્માણ પ્રેસ મથુરામાં મુદ્રિત અને
યુગ નિર્માણ યોજના ટ્રસ્ટ મથુરાથી પ્રકાશિત-સંપાદક ડૉ. પ્રણવ પંડયા, સહ સંપાદક-ઘનશ્યામભાઈ પટેલ



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.